તારા, વીજળી કષ્ટ
નિવારણ નાટક.

૩૮૯૨

રચીને પ્રસિદ્ધ કરનાર.

શા. ભગુભાઇ પ્રેમચંદ.
(ખંભાત નિવાસી.)

ગીતિ.

પ્રેમ ધરી આ પુસ્તક, વાંચે રાચે ખચીતતે મનથી;
"કન્યા કષ્ટ નિવારણ" વારેણુ વિષ દુર્ગુણો તણુ તનથી.

અમદાવાદ.
" હિંદુસ્તાન " પ્રીન્ટીંગ પ્રેસમાં શા.
જેમચંદ કસ્તુરચંદે છાંપી.

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯
કીમત ૧૦ આના.

સુંચના

આ ચોપડી સને ૧૮૮૯ ના ૨૫ માં આકટ પ્રમાણે સર્વ હક રચી પ્રસીદ્ધ કરતાએ પોતાને સ્વાધીન રાખેલા છે માટે કોઈ પણ આદમી એ આ ચોપડી છપાવવી અગર છાપવી નહી

આ પુસ્તક સબંધીમા મી૦ બાલાભાઈ નગીનદાસ તથા મી૦ નટવરલાલ દલપતરામ એ બંને સાહેબોએ યથાસકતી પ્રમાણે મને જોઈતી મદદ આપી છે તેથી તે મનો અતી આભારી છું-

અર્પણપત્રિકા.

મેહેરબાન સ્વદેશ પ્રેમી—

દીવાન બાહાદુર મણીભાઇ જસભાઇ

વડોદરા

મહાશય—મહારાજ !

આશ્રયાનો મૃત વિદ્યાવૃધિનું પાન કરીને અખંડ આનંદ ભેગવોછો, તેમજ નવા નવા પુસ્તકો બહાર પડતા જોવાને અતીશય હર્ષપણું અને ઉદાર્યતા વાપરોછો; એટલુંજ નહીં પણ કવિશ્વરજ્યાં પંડીતના સુવિચારમાં આપ હમેશાં મદત આપોછો કે જેનું કવિશ્વરથી પણ વર્ણન ન થઇ શકે એવા બીજા આપના અનેક દીર્ઘ સદ્દગુણ જોઇ આ લોકોપયોગી પુસ્તક આપ નામદાર સાહેબને પ્રેમ પુર્વક અર્પણ કરૂં છું; તો તે માન્ય પુર્વક સ્વિકારી શેવકને આભારી કરશો.

આપનો કૃપાકાંક્ષી શેવક

શા. ભગુભાઇ પ્રેમચંદ

મનહરછંદ

નાગર સુજાણ દીઠો નાગર ગંભીર નર,
દીવાન વડોદરાના રાજને દીપાવતો;
તુલ્ય કરવાને તેની તુલ્યના ન મળે કોઇ,
ભલાભલા ભૂપતીના મન માંહી ભાવતો;
જસભાઇ તણો સુત, જગતમાં જશ પામ્યો,
ગુણી જનના તણા ગુણ મન માંહી લાવતો;
અર્પું છું આ લઘુ ગ્રંથ અવસર જાણી શુભ,
મગુભાઇના ભાગ્યામાં એજ યોગ્ય આવતો.

યશવર્ણન

મનહર છંદ.

સકળ સુગુણ રૂપ શામરાવ છે અનુપ,
દીન જન પર રેમ પ્રેમ તો અમાપ છે
વિદ્યા નિતી ન્યાયપર પ્યાર છે અપાર તેજ
ધર્મ ધ્યાન ધારવાને પ્રૌઢ તેની છાપ છે
ખંભાત સુધારવાને જ્ઞાનને વધારવાને
પુરા પ્રેમ ભરેલા દીવાન આપો આપ છે
જેથી આશીશ આજ કાળ સરો લાજ વધો
પ્રેમ યુત મગુ કહે પ્રભુનો પ્રતાપ છે

પ્રસ્તાવના.

આર્ય પ્રજાની સાંસારીક સ્થિતિ સુધારવાનું શ્રેષ્ટ સાધન નાટક તખ્તો છે, એમ કેટલાક અનુમાનપરથી કહીએ તો ચાલે. નાટક એ આધુનિક સુધારાથી ઉપસ્થિત થયેલો લાભ દીવા પદાર્થ નથી, પણ તે ઘણું પ્રાચીન કાળથીજ વખણાયલો સાદસ્ય જગતનો ચીતાર છે. હિંદુ રીવાજોમાં કેટલાક તો એવા ત્રાસદાયક અને દુઃખદ છે કે, તેનું વર્ણન વાંચતા પણ સરળ હૃદયવાળાં મનુષ્યોને મહા પરિતાપ થાય છે. કન્યાવિક્રય, બાળલગ્ન અને કજોડાનાં કારી કષ્ટો એટલાં દુઃખદ છે કે, ઇતર જનોપણ તે તરફ ધિક્કારની નજરે જોય છે ને કોઇ તો તેનું ફાવે તેમ રૂપાંતર કરી સર્વોત્કૃષ્ટ આર્ય પ્રજાની હાંસી, નિંદા કે અયોગ્ય ટીકા કરે છે. તેમ છતાં હિંદુઓ પોતિકા રીવાજોમાં ફેરફાર યા સુધારો નહી કરતાં અહોનિશ રીબાયા કરે છે એ ઘણું સંતાપજનક છે. આ બાબતસર છાપા, ચોપાનિયાં અને વર્તમાનપત્રોદ્વારા વિવિધ બોધ થયો છે પણ તેની જોઇતી અસર અદ્યાપિપર્યંત આર્ય જનોના મનપર યથાસ્થિત ફેરફાર કરવીને થઈ હોય એમ લાગતું નથી. આવી બાબત કાંઇ નાટકદ્વારા ચર્ચવાની મને ઇચ્છા થતાં યથાશક્તિ આ પુસ્તક રચી, વાંચકવર્ગ સન્મુખ ધરૂં છું.

કજોડાં ગોઠવનાર અને કન્યાવિક્રયવડે દુર્શહ—દારૂણ દુઃખ ઉત્પન્ન કરનાર મા બાપો (!) અરે, તેના પાપી હિતશત્રુએ !! પોતાના પાપી પેટમાં

કેવા નિચ અને નિંદ્ય પ્રપંચો રચી બાળક-બાલિકાઓનું ન સંતાન-નખોદ વાળી દે છે ને હાથે દીપક ધરી ધનના લોભે અપયશના અંધારામાં કુવામાં ઉતરે છે, અને પરિણામે તેનાં કેવાં કડવાં ફળો ચાખે છે, તેનું આ ગ્રંથમાં વિવેચન કર્યું છે. કુપાત્ર મિત્રના પ્રસંગે પૈસાની, શરીરની અને વ્યસનની કેવી ખુવારી થાય છે; પુનર્લગ્નના પ્રતિબંધનને લીધે અજ્ઞાન બાળ વિધવાઓને ફસાવવાને અનાચારી લોકો કેવા છળ કપટ-કાવત્રા કરે છે તથા સુશિલ સ્ત્રી પોતાનું શીયળ અથાગ મુશીબત છતાં કેવી રીતે જાળવી જય મેળવે છે. બાળલગ્નના યોગે કોમળ બાળકો શરીર સંપત્તિ તેમજ વિદ્યાધન ગુમાવી જન્મારાનાં ! અરે આખી જીંદગીના કેવા પાયમાલ થઇ જાય છે, ઇત્યાદિ અનેક વિષયો આ નાટકના પડદાંતરે દર્શાવ્યા છે, જે સુજ્ઞ વાંચનારને અસરકારક થશે એવી આશા છે.

દેશ સુધારકનો કે વિદ્વાનનો વેશ ધારણ કરવા આ ગ્રંથમે રચ્યો નથી, પરંતુ મનો જિજ્ઞાસા દર્શાવવા કેટલાક મિત્રોની સમતિથી અભ્યાસી તરીકે આ યત્ન કર્યો છે વિવેકી વાંચનાર દોશ તરફ દૃષ્ટિ નહિ કરતાં ગુણ ગ્રહણ કરશે એવી આશા રાખું છું આ પુસ્તક વિષે અને કેટલીક મદદ, સુચના તથા સલાહ આપવાને મને કાવ્ય ભાગ સુધારી તથા રચી આપવાને "સુબોધ સંગ્રહ" ના કર્તા રા. કહાનજી ધર્મસિંહે લીધેલા પરિશ્રમને માટે તેમનો આભારી છું.

ખંબાત, જૈનધર્મ પ્રાર્થના સમાજના સેક્રેટરી તા. ૧-૧-૯૮ } ભગુભાઇ ફ્રેમચંદ ગ્રંથકર્તા.

પાત્ર જનો

સૂત્રધાર.................. નાટક કરનાર.
મેઘજીભાઇ..... કન્યાવિક્રય કરનાર જળધાપુરીનો ગૃહસ્થ
વાયુવંતી.............. તેની સ્ત્રી
વીજળી............ મેઘજી તથા વાયુવંતીની પુત્રી
તેજવંતી
સાંતાગારી ....વીજળીની સખીઓ.
ચંદુલાલ ...—............ચંદ્રપુરનો ધનાઢ્ય
ધૃવંતી.............. તેની સ્ત્રી
તારાચંદ... ચંદુલાલ તથા ધૃવંતીનો પુત્ર વીજળીનો ભવિષ્યનો બાળ ભર્થાર
છેલુભાઇ............... તારાચંદના દોસ્ત
ગપાષ્ટીકદાસ ....—"
છાંટુલાલ ....—"
ગગનેશ્વર તથા દેવદત...... ......ગોર મહારાજ
દુર્મતી... ... ... ગગનેશ્વરની સ્ત્રી
ઊકલાટીયણ... દેવદતને માથે બાગેલી કુલટા સ્ત્રી
ચંપકલાલ તથા ગંભીરદાસ... જાનના ગૃહસ્થો
વસંત ... ... ચંપકલાલની કંકાસિયણ સ્ત્રી
ચમનલાલ... ... ... ચંપકલાલનો મિત્ર
પ્રેમકોર, દેવકોર, નંદા... જાનમાં આવેલ સ્ત્રીઓ

માણુકબાઇ, પ્રેમદા ... ... સીતાને મળનારી સ્ત્રીઓ

લવાડીદાસ ... ... છેલ ભાઇનો બાપ

દેવસુંદરી ... ... વનનીદેવી રૂષિપત્નિ

વીરનસીંહ ... ... વિપતપુરીનો રાજા

તારીખાન, કોતરખાન, પોજરખાન ઇ. તેઓના માણુસો.

વીજયવંતી તથા સત્યવંતી વિક્રમસિંહની સ્ત્રીઓ.

માણેકલાલ ... ...કામાંધ માણસ

મોતીલાલ ... ...તેનોમિત્ર

મુળવંતી ... માણેકલાલથી વર્તનારી દુરાચારી સ્ત્રી.

પ્રાણુલાલ, સ્યામલાલ } ... ...સ્વદેશ સુધારક

ગાડીવાન, વટેમારગુઓ ઇ. ઇ.

તારા, વિજળી કષ્ટ નિવારણ નાટક.

—*○*—

અંક પહેલો

પ્રવેશ ૧ લો.

રંગભુમિ

(સર્વે સંઘાતે મળી ગાય છે.)

નાન્દી

રાગ ઢીંડી

પ્રથમ પ્રણમિયે કૃપાળી તને પ્રીતે,
આપ નાટય કાવ્ય ચાતુરી સુચિન્તે;
અરજ એક પ્રભુ ઉર વિષે સ્વીકારો,
કરી મંગળ અમંગળ વિદારો.— ૧
દુષ્ટ ચાલ આજ ચાલિયો નઠારો,
થયા દેશીઓ દુખી રહયો ન આરો;
થાયે બાળ લગ્ન કજોડાં કુ.રીતે,
પુત્રિ પૈસે વેચે વળી અનીતે.— ૨
દુરિત રીત સહુ દૂર કરો એવી,

સુખી સર્વ બને આપ ચરણ સેવીને,
નાથ, પાપ તાપ સર્વ સમા જાય;
હાથ ઝાલી થા સહાય વિશ્વરાય.— ૩

સૂત્રધાર—અહો પાત્રજનો તમારો ભક્તિભાવ કઠણ હૃદય વાળા પાપિ જનોને પણ પીગળાવી દે એવો અલ્હાદક, રસિક, મધુર, તથા દયાર્દ્ર છે-વારૂ પણ આજે આપણે જે નાટક શ્રોતાજનો સમક્ષ કરવાનું છે તેના હેતુ ઈપે. વિસ્તારથી સંભળાવવું જોઈએ.

(સૌ સાથે)

પદ-ધનાશ્રી

"કુબ સમરોજે રામ અબતુમ—" એ રાગ.

કરો સુધારો સાર, સુજનો કરો સુધારો સાર.
(ટેક)

શુદ્ધ સુધારો ગ્રહણ કરો તો, દુખનવ થાય લગાર– સુજનો૦
દુષ્ટ કજોડાં અતિ દુખકારક, બાળ લગ્ન ભયંકાર;– સુજનો૦
કન્યા વિક્રય ક્ષયનું કારણ, અસહ્ય દુખનું દ્વાર;– સુજનો૦
કોમળ બાળા બળતી કરવી, મોધમ મારી માર;– સુજનો૦
દમ્પતિ પ્રેમી–રસિક સુઘડતો, સુધરે સૌ સંસાર;– સુજનો૦
વ્યભિચાર કુવિચાર ન ચાલે, દબાય દુષ્ટ વિકાર;– સુજનો૦
વાંચી નાટકનો એ મર્મજ, સમજુ નરને નાર;– સુજનો૦

પ્રવેશ ૨ જો.

વાયુવંતી તથા મેઘજીભાઇ.

(સ્થળ—જળધીનગરીમાં મેઘજીભાઇનો મેહેલ.)

વાયુવંતી–બહેન વીજળી, જોને બાર વાગવાનો સમય થવા આવ્યો પણ તારા પિતાને જમવાની જાણે દરકારેજ નથી ! એતો ભલભલા લોકોની ભાંજગડો કરવામાંજ સમજે છે. પણ ઘર સામું તો જાણે જોતાંજ નથી. [બારણું ખડ ખડતું સાંભળીને) અરે ! આ અવાજ શેનો ? (નેપથ્થમાંથી.) અરે! એતો હું, ઉઘાડની ? [મેઘજીભાઈ આવે છે.)

વાયુવંતી– હવે તમે તો બહુજ વ્યવહારિક કાર્યોમાં ઘુંચવાયા છો. સમય થયે જરા ઘરની સંભાળ તો લો. આપણી વીજળી ભણીગણી બાર વર્ષની થવા આવી, તો પણ તેના વિવાહ સંબંધી વિચાર આપણે કાંઇ કરતાંજ નથી.

મેઘજીભાઇ– અરે તારા કહેયા વગરજ હું તો વિવાહની ધાલમેલમાં છું. કારણ કે, હવે આપણી પાસે ખાવાને ફુટી બદામ સરખી પણ રહી નથી. આપણી દોલતમાં તો તે દીકરીબાઈજ છે. સારૂં ઠેકાણું જોઇ તેના વિવાહની વાત નક્કી થઇ તો જાણે આપણે સહુ સારાં વાનાં થયાં.

વાયુવંતી.ઓહો, "વિવાહ જેવો ઉતસાહ નહિ ને મરણ જેવો શોક નહિ " એ કહેવત સાવ સાચી છે. પણ હવે વિવાહનો મંગળ દહાડો ઈશવર કરે ને જલદી આવે તો કેવું સારૂં ? પણ મુળમાં આપણે ઠેકાણુંજ ક્યાં તપાસ કરી છે?

વીજળીને એકવાર પણ બહાર બેઠા અગાઉ કન્યાદાનમાં દેવાય તોજ કન્યાકાળ સાચવ્યો કહેવાય. પછી આપણને શો લાભ ને શું પૂણ્ય વારૂ ? આપણે તેને આપણી તરફથી કંકૂનો ચાંલ્લો ને તુળસી દળ દેશું. પણ વેવાઈતો જરૂર આપણને બે ટકે સારી હાલતે લાવનાર જોવાં.

મેઘજીભાઇ—વહાલી, મારા મનમાં પણ એમજ ગડભાંગ થયા કરે છે. આપણે પેટમાં ખાવા જોઈયે છે તેમાં કાંઈ ફેર પડતો નથી; લોકો કાંઈ તે આપવા આવતાં નથી. સાળાં પંડે બે પૈસા કાળાં ધોળાં કરી મેળવ્યા હોય તેનું કાંઈ નહિ, પણ બીજાઓની નીંદા કરવું નરકમાં જવાય છે, તેનું તો જાણે ભાને નથી. પણ આપણે તેની શી દરકાર છે? છોને લવલવ કરી બેસી રહેશે, પૈસા તો લેવાજ લેવા. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "પૈસો મારો પરમેશ્વર ઘર ધણીયાણી ગુરૂ"—જોયું છે ઘરનો ખર્ચ કેવો આંધળો છે?

વાયુવંતી—મારા સ્વામીનાથ, તમારી નજર બહુ ઝીણી છે. તમારી વાતો તો અક્ષરેઅક્ષર સાચી છે. પણ હવે કોઈ ઠેકાણું જોયું?

મેઘજીભાઇ—સાંભળ ચંદ્રપુરમાં ચંપકલાલનો દીકરો તારાચંદ બાર વર્ષની વયનો છે. વળી તે દેખાવડો, રૂપાળો ને કરમી પણ કહેવાય છે. તે આસામીની વાત પ્રથમ આપણા ગગનેશ્વર ભટ્ટ લાવ્યા હતા. ને તેજ કહેતા હતા કે, દોઢ હજાર રૂપિઆ આપવા તૈયાર છે. જો તેને રૂપીઆ બે હજાર હોયતો

તસ્દી લેવા કહ્યું, પછી તે વાત ચંપકલાલને પુછવા તેઓ ગ-
યા છે. હજુ કાંઈ જવાબ નથી.

વાસુવંતી—એતો ખરૂં, પણ તેનાં સાસુ સસરો—અરે
હમણાં તો આપણાં વેવાઈ ઘરબારે કેમ છે?

મેઘજીભાઈ—એમાં તે શું પુછવું? મોટું ત્રણ માળનું
તો ઘર છે. ધણી ધણિયાણી બધી વાતે સારાં કહેવાય છે. પ-
ણ ધણી જરા વેહેમી તથા ફટકમાર છે, ને બાઈ તો ભલાં
માણસ છે. તે કરતાં તે બેઉ ગમે તેવાં હોય, પણ આપણે તો
પૈસાનુંજ, વરૂ વંનું—એ બેનુંજ કામ છે. કાલ સવારે તારો
મોટો થશે. ઉપરાંત સારૂં નરસું થવાનો આધાર તો બાઈનાં
ભાગ ભળો.

વાયુવંતી—હા, એતો પ્રભુના હાથમાં છે. પણ મને તો
બેનનાં લગનની બહુ ચટપટી લાગી છે. તમે ઉતાવળે ઉતાવ-
ળે કેમે કરી એ કારજ ઝટ પાર આણો તો બહુ સારૂં. જ-
લદી આપણે પણ લેવે દેવે છુટાં થઈયે.

[જાયછે.

સુત્રધાર—અર્થ આગળ અધકાર;—સ્વાર્થીને સૂજ શાની પડે!

છપ્પો.

સ્વારથી જનને ન્હોય, પાપ પરિતાપની ભીતિ,
સ્વારથી જન નવ જોય, ન્યાય અન્યાય અનીતિ;
સ્વારથી ચિત્ત ચલીત, વિત્તને માત્ર વિલોકે,
ઇશ્વર ડરથી રહિત. અહિત કરતાં ના ચોકે;

અંધાધુંધી એવી અધિક, સ્વારથીઆ જનની જુઓ;
શઠ સ્વારથી એવા મિત્રને, રહે ભરોંસે તે મુઓ! ૧

દોહરો.

બાળકનો ભવ ખોળતાં, કરે વિચાર ન કાંય;
હિત શત્રુ તે સમજવાં, જરમાં જે અંજાય.
કન્યાનો વિક્રય કરે, દૂષ્ટ અરે જન જેહ;
પરિણામે પસ્તાઈને, દુઃખી થાય છે તેહ. ૨

પ્રવેશ ૩ જો.

(સ્થળ, ચંદ્રપુરમાં ચંદુલાલની હવેલી).

ચંદુલાલ, ધૃવંતી, તારાચંદ ને પછીથી ગગનેશ્વર પંડયા.

ધૃવંતી—સ્વામીનાથ, હજી ત્રણ દિવસ થયા પણ ગોર ગગનેશ્વર પંડ્યા તો કશો પણ ઉત્તર લઇ આવ્યા નહિ. શેઠજી બાઈના મનનું સમાધાન કરતાં ખરે વિલંબ થયો હશે. કદી હજાર પાંચશો આમ કે આમ ઓછા અદકા કરીને વાત ખીલે બાંધી હોત તો બહુ સારૂં. એક તો આપણે આબરૂદાર ને કુલિંન કહેવાઇયે; ને આપણો છૈયો વાંઢો રહે—એ ઠીક નહિ.

ચંદુ—હા; એ વાત મારા ચિત્તમાં પણ ચોટી રહી છે. તથાપિ સમા પ્રમાણે સાથરો, અરે સાંભળ, કોણ ધાટો પાડે છે જોને ઉત્તર દિશા તરફનો શબ્દ લાગે છે.

(ધૃવંતી બારીયે જઈ જોય છે ત્યાં ગગનેશ્વરની પાઘડી જોઈ)

ધૃવંતી—અરે, એતો ગગનેશ્વર પંડયા આવ્યા.

ચંદુલાલ—આવો મહારાજ, કાંઈ સારા સમાચાર લાવ્યા છો કે? તમને પણ મીઠું મોહડું કરાવીએ.

ગગનેશ્વર—હા, યજમાન રાજા. પણ મને મોદક બોદક જોઈશે. તેમાં લોભ કર્યો કામ નહિ આવે. તમારે તો આબરૂદાર ઘર મુજબ મને " ઘૃતશેર એક ને ખાંડશેર બેક" આપીનેજ સંતોષવો નહિ જોઈશે, પણ સારો સરપાવ દેવો જોઇશે.

ચંદુલાલ—અરે, એની શું કયાં ના છો વારૂ મેઘજીભાઈના શા સમાચાર?

ધૃવંતી—અરે શેઠાણી તો અમારા ભાવજે કયાં પૂછેછે?

ધૃવંતી—(પ્રફુલ્લિત ચહેરે) અહો, તમે કયાં બહારના આદમી છો. બારણા સુધી સામી તો હું આવી. વળી એની વાતમાં ત્રીજાએ માથું મારવું ઠીક નહિ તેથી જરા હું મુંગી રહી. વારૂ કહો ધારેલી રકમમાંજ પતશે કે જરા આગળ વધવું પડશે.

ગગનેશ્વર—વાત તો બધી સાંગોપાંગ બનવા ઉપરછે. ફકત તમારે કોથળીનું મોં જરા છુટું મુકવું જોઈશે !

ચંદુલાલ-તેની શું વીશાતછે? પણ પેશ કયાં સુધી જશે?

ગગનેશ્વર—(મનમાં) આતો "લપોડશંખ લાખ તો કે લે સવાલાખ" એવો કારભારછે. પોતાના પાંચસો રૂ. જુદા હજમ કરી જવાની ધારણાથી—(પ્રત્યક્ષ) અઢી હજાર સુધી પેશ જાય તેમછે. કન્યા ફુટડી મોધરાની કળી જેવી રૂપાળી ને તમારા તારાચંદભાઈને આંખ પાડે તેવીછે. હવે રૂપીઆ મને

જલદી ગણી આપો તો કામ ફતે.

ચંદુલાલ—લો ત્યારે આ અઢી હજારની થેલીઓ! લગ્ન ક્યારનાં નિર્ધારોછો, તે જણાવજો.

ગગનેશ્વર પંડયા—(રસોઇનો સર્વ સરંજામ લઈ ખાઈપી ઠંડા પડી હરખાતા મલકાતા) ધન, મકર, કુંભ, કરણ—યજમાન રાજા આવતી પુનેમનો દિવસ. લગનગાળાને માટે અતિ ઉત્તમ છે. તે ઉપર સર્વ સામગ્રી તૈયાર રાખજો. અમો હવે વિદાય થઈશું.

ચંદુલાલ—આપણે ક્યાં તેની નાછે? તમારા તરફની-જ ઢીલછે. વેવાઈને પ્રસન્ન કરી મંગળ પત્રિકા મોકલાવજો ને વેહેલા વેહેલા પધારજો-

યુવતી—તમારી વાતોથી ગગનેશ્વર મહારાજ, અમને આજ જાણે સોનાનો સુરજ ઉગ્યોછે. તમે અમને માણસની હાલતે આણ્યાં. આજે આપણા તારાચંદનું વેવીશાળ થયું ને હવે પંદરમે દીવસે લગ્ન થશે; એ સૌ રૂડા પ્રતાપ તે તમારા. તમારી અમોથી બરાબર બરદાસ્ત થઈ શકી નથી, તે માફ કરજો. મહારાજ, વેલા વેલા પધારજો.

ગગનેશ્વર—ગ્રહસ્થ ઘરની રીતિજ છે. તમોથી હું બહુ પ્રસન્ન થયોછું. મારાજેવું કામકાજ લખજો. વેવાહીને અત્રેજ આપી પત્ર લખાવીશ. ચિંતા કરશો માં--(ચાલતી પકડેછે.)

સૂત્રધાર—સાખી, મરાઠી ચાલની.

હરખ ઘેલાંને સૂઝ ન કંઈ, શું પરિણામ થવાનું;

ઉજળું એટલું દુ:ધ દેખિને, વ્રથા માન ધરવાનું;
બાળલગ્ન વળિ કન્યા વિક્રય, કળિકૃત અતિ અગ્રટિત;
વિચાર તેનો લેશ ન દીલમાં, વાત બને વિપરીત. ૧
સંતાનોનો સંબંધ બાંધી, લ્હાવ અતિશય લેખે;
કુમળાં બાળક વંઠિ જાયતે, ફિક્કાં નબળાં પેખે;
પુનર્લગ્નના પ્રતિ બંધનથી, કાળાં કર્મો થાય;
તેહ સહુ પ્રતિબંધન ટળવા, કરવા ઘટે ઉપાય. ૨
સપડાવીને તરૂણ સ્નેહીને, કેવો વાળે ડાટ;
કપટી પિતરો કુત્સિત ભાવે, ઘડે અઘટિત ઘાટ;
ધનના લોભી લુચ્ચા લોકો, થઈ મદાંધ ફરેછે;
ખુન ચોરીનાં પાતક કરતાં, ઈશ્વરને વિસરેછે. ૩
શાણી સખીઓની શીખામણ, કેવી ધીરજ આપે;
દિલનાં સહુ દુખડાં દાબીને, શાંતિ શાંતિ સ્થાપે;
એ આદિ અતિ ઉત્તમ બોધો, આ નાટકમાં દેવા;
યથાશકિત દશાર્વા ધારૂં, માની મનની સેવા. ૪

પ્રવેશ ૪ થો.

સ્થળ—જળધાર નગરીમાં ગગનેશ્વર પંડ્યાનું ઘર.

ગગનેશ્વર અને દુર્મતી.

દુર્મતી—(મનમાં) અરે દૈવ, હવે હું શું કરૂં ? વિપ્રરાજને તો આજ પાંચ દિવસ પરગામ ગયે થયા આવ્યા, પણ ખબર અંતર કાંઈ આવી નહિં, ‘ઘર નિસર્યા ને દખ

વિસર્યા' એ કહેણી મને આ ટાણે યાદ આવે છે તે ખરેખરી છે. કાળજી વિનાનું તે શું માણસ કહેવાય? બ્રાહ્મણભાઇને લાડુ મળ્યા પછી દેશ દુનિયાની કાંઈ ફરકરિજ શાની?

(એકાએક ગગનેશ્વર દેખાવ દેછે.)

ગગનેશ્વર—અલી! કેમછે, છેતો ખુશામાંને? હું જબરો તડાકો મારી આવ્યોછું. આપણા દળદરનાં હવે ચુરેચુરા થઈ ગયા! હવે આમ ઉદાસી જેવી ઘેલી થઈ શું બેઠી છે? મને આવતાં દીવસ તો ભાગ્યા.

કુમતી—હેં તમે શું લાવ્યા? વારૂ તમે કમાયા તે તો કયાંઈ મારવાડી કે વાણિયાને ત્યાં વ્યાજે મુકશો, મને થોડુંજ તેમાંથી પહેલું કરવાના છો! પરણ્યા પછી બે પીતલીયાં કર્યા સાંભરે છે. જુઓને આપણી પડોશણ પેલી ઇચ્છા, મંચ્છા, નંદા પૈસેટકે પુરેપુરી કમબખ્તીમાં છતાં ગામનું કહાડીને પણ સુંડેલા સોનાથી શણગારાયલી અમન ચમન કરે છે! સમે કેટલા પૈસા કમાયા તેની વાતતો કરો.

ગગનેશ્વર—રાંડ તું તો સદાની અવળચંડીજ રહી, મારૂ સારૂં તેં તારૂંજ જાણ. તારૂં પેટ કોણ ભરે છે? લાંબીટુંકી, પંચાત મુકી દઈ મારા સારાંથી રાજી થા; તને પણ હવે સોને મઢીશ. લાકડે માંકડું વળગાડી મહા મહેનતે ૩૫૦૦ ની રકમનો દલ્લો હાથ કર્યો છે. જલદી મને જમાડ, કે રૂડા સમાચાર લઇ શ્રીનગર જાઉં. સ્ત્રીજાતિયે બહુ ડાપણ ડાહ્યા થવું ન જોઇયે.

દુર્મતી—(મનમાં) દુઝતી ગાયની પાટુ એ સારી. ભૂલે

એ પૈસા લાવ્યો છે. તો તેનું સહન કરવું જોઇયે. (પ્રત્યક્ષ) પ્રાણનાથ, મારાં અબળાનાં બેવકુફી ભરેલાં વચનો ક્ષમા કરજો. પણ પુનેમનું મુહુર્ત તો સારૂં નથી. પછી તમારી મરજી.

ગગનેશ્વર—અલી, તું જાણે છે કે, સીરાં કામ આડાં સો વીઘન, લગન ચોઘડીયું સારૂં માઠું કરવાથી આપણો લાભ જતો રહે. "વર મરો કે કન્યા મરો પણ ગોરનું તભાણું ભરો." ધર્મના કામમાં ઢીલ કેવી? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે શું મોં સંતાડવું? ચાર દહાડા ઢીલ કરવાથી ને સારે શુકન મૂહુરત જોવાથી ભાવી મીથ્યા થનાર નથી. અંમથી વાત છટકી જાય ને ધર્મ્યું સોનું ધૂળ મળે.

દુર્મતી—વારૂ નાથ તમે કહોછો તે મને બહુ ઠીક લાગે છે. ભલે ધાર્યું કામ પાર પડો. ઇશ્વર તમને તેમાં સહાય થશે. ચાલો પાણી કાઢયું છે. સંધ્યા સ્નાન કરી પ્રસાદ લો.

(ભટજી આમ તેમ પંચીઉં પલાળી થોડા છાંટા પાણીના ડીલપર અડાડી મેલ તાજો કરી ડીલ લુંછી નાખેછે. ને પછી ભોજનાદી કાર્યમાં પ્રવર્ત થાય છે.)

પ્રવેશ ૫ મો.

(સ્થળ—મેઘજીભાઈનું ઘર.)

મેઘજીભાઈ, વાયુવંતી ને પાછળથી ગગનેશ્વર ભટ્ટ.

મેઘજીભાઈ—પ્રીયા, ગગનેશ્વર ભટ્ટ તો હજી આવ્યા નહિ.

વાયુવંતી–હા, પતિ-પૈસાની ભાંજઝોડ કરતાં કાંઇક ઢીલ થઇ હશે. અરે! બારણું કોઈ ઠોકતું જણાય છે. શું એ ગગનેશ્વર ગગનમાંથીજ આ ટાણે ઉતરી આવ્યા? સાદ તો એના જેવોજ છે. જોઉં ઉઘાડું–(જાયછે).

વાયુવંતી–(ગગનેશ્વરને સાથે લઈને)–જુઓ, હું એને તેડી આવી?

મેઘજીભાઈ—શું પણ આપણા મનોર્થમાં કાંઈ ઊણપ તો નથી આવી,

ગનેશ્વર—(તડાક ભડાક કરતા) મહારાજા, સેવકના કામમાં કાંઇ કમી હોય કે? બાઈનો ને ભાઇનો બેડો પાર. તમે ને અમે સૌ સુખી થશું.

મેઘજીભાઇ–(હરખાતાં હરખાતાં) ધન્ય છે મહારાજ તમારી મેહેનતને વારૂ, વાત કરો જોઇયે **કેટલામાં** શું રીતે પત્યું?

ગગનેશ્વર–ફતે-ફતે-ફતે. સઘળું કાર્ય "શુભાશુભા" થઇ ચુક્યું છે. ચંપકસેઠે આ બે હજારની રકમ આપને આપતા, કન્યાને પહેરામણી દાખલ કરી દીધી છે. લ્યો સંભાળો ને હવે વિવાહની તૈયારી કરો. આ કામને સો ગળણે ગળતાં જેટલી મહેનત પડે તેટલો મને પરિશ્ર પડયો છે. પણ તમારૂં ક્ષેમકુશળ થયું તો આમારૂં જાણે.

[મેઘજીભાઈ રૂપીઆ ગણી લઈ ઊંચા મૂકે છે.)

વાયુવંતી—મહારાજ તમારો ગુણપાડ અમો જેટલો માનીએ તેટલો થોડો. લગ્ન તિથિ નિધારો પછી સહુ તઈયા

રી કરીએ.

ગગનેશ્વર—આવતી પુનેમ અને મંગળવાર મહા મં ગળપ્રદ છે.

વાયુવંતી—પતિ, અને પણ પુનેમની રાત્રી તો અતિ વહાલી લાગે છે. ને મંગળ તો કરે ગંગળ—એટલે મંગળકારી કાર્યમાં ફતેહજ—

મેઘજીભાઇ—ઠીક છે, સરસામાન સર્વ તૈયાર કરીએ. મહારાજ, વેવાહીને અમારી મંજુરીયાતનો પત્ર લખો ને બાઇનાં નામનું "લગનીકું" લખી બીડી આપો. એમાં જાને વગેરે સ રંજામ લઇ વહેલા પધારવાને પણ જણાવજો. (જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

ધૃવંતી તથા ગગનેશ્વર.

(સ્થળ—ચંપકલાલનું દીવાનખાનું).

ધૃવંતી—સ્વામીનાથ, કેમ હજુ ગગનેશ્વરે કાંઇ પ્રત્યુત્તર પાઠવ્યો નહિ? પુનમ તો નજીક આવી."

(ગગનેશ્વર આવી લાગે છે)

ગગનેશ્વર—"શુભં ભવતુ" યજમાન રાજાની સદા જય હો. તારાચંદભાઇનાં શુભલગ્ન આવતી પુર્ણિમાના નિરધાર્યા છે. માટે જાન લઇ જવાની તૈયારી કરો.

ચંપક૦—મહારાજ માત્ર અમો આપનીજ રાહ જોઇ બેઠા હતા. હવે અમારા તરફની લેશમાત્ર વિલંબ નથી. ગા

ડીવાલ્લાને બોલાવી સાંઝ ઢુકડા શુભ ચોઘડીઉં જોઈ, જાન જોડી નીકળીએ.

મકનીઓ (ગાડીવાન)—ચેમ મેહેક—ચેટલીવાર;એ-ઘડી વેહેલા નેકળો તો હારૂં. હાંઝ ઓરા કાંઈ ઉતરવાને ઠીક પડે.

ચંપકલાલ—તમારીજ ખોટી છે. બીજા બધાઓને કંઈ તૈયાર કરો ને સગા સંબંધીઓને ત્યાં કહેવાડી હવે વાર ન લગાડો. ગાડીઓ સર સામાન સહુ એકઠો કરો.

ધૃવંતી—પ્રાણનાથ, સાંઝ પડવા આવી ને બહાવરાની પેઠે શું ફરોછો? દિવસ તે ફક્ત ત્રણ રહ્યા ને હજી ત્રીશ ચાળીશ ગાઉ જવું છે.

ચંપકલાલ—એ તો જમનાં જાન ને ઘરમાંથી નીકળવું—તેમાં ઢીલ થયાવિના રહે નહિ. એ કાંઈ રેગ્યુલર કામ બને નહિ. ગાડીવાનોને જમાડી વરઘોડાની રચના કરો.

[નિશાન, ડંકા, દારૂખાનું વગરે સાહિત્યો તૈયાર થાય છે. ને વરઘોડો ભર બજારે નીકળે છે, ચૌટે ચકલે શેઠના તારાચંદના લગનનીચર્ચા ચાલી રહી છે, ને સૌ પોત પોતાનો અભિપ્રાય આપે છે].

છપ્પો.

ઠીક મળ્યો છે ઠાઠ, જાન ને મહાજન કેરો,
ભાખે ચારણ ભાટ, સુયશ મુખમાંથી ઘણેરો;
ખાવું પીવું ચમન, મગન મનમાં જન દીસે,

વર કન્યામાં વિઘન, ગણે નહિ કોઈ ભવિષ્યે;
શી દુનિયાની રચના મથી, દીર્ઘ વિચાર ન કો કરે;
ઝુલતી ફીશિયારી મારીને, ફંદી જન ફરતા ફરે—૧

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ—મેઘજીભાઇનો મહેલ.)

વાયુવંતી તથા મેઘજીભાઈ.

વાયુવંતી—પ્રાણનાથ, હજી લગણ જાન કેમ ન આવી? હવે જલદી આવવી જોઈયે. કેમકે નહિ તો પછી લગ્ન વેળા વીતી જાય પણ વેવાહીને અને જાનને જમાડવા માટે આજ શું કરવું છે!

મેઘજીભાઇ—એ ત્રણ દિવસના કોરા હશે, માટે આજ તો કંસાર જોઇયે હવે ચાનક રાખ; કેમકે જાનનાં પગલાંનો અવાજ મારે કાને અથડે છે. (એમ કહી બન્ને જાયછે.)

વીજળી—(તેજવંતી પ્રત્યે) બહેન, મારે તો આજ સંસારના દ્વારમાં પગ મૂકવાનો માંગળિક પ્રસંગ છે. સઘળો સમારંભ થઈ રહયો છે ને સર્વના દીલમાં આનંદનો ઉભરો માતો નથી. પણ મારી જમણી આંખ ફરકે છે, જે મારા ભવિષ્ય માટે કાંઈ અશુભ સૂચવે છે. ગઈ રાત્રીએ મને એક બિહામણું સ્વપ્નું આવ્યું હતું, તે પરથી મને લાગે છે કે, રખેને

સંસારના પ્રવાસે સંચરતાં મારી માઠી ગતિ થાય.

તેજવંતી—અરે મારી વહાલી સખી, સ્વપ્નાની બધી વાત કોઈ દિવસ શું સાચી પડે છે? તું સમજુ થઈ આવી શુભ વેળાએ અશુભ શોક સદન સરખુ તારૂં મુખ મ્લાન ના કર. બાપુ, એમ અકળાવું એ શું સમજુનું કર્તવ્ય છે?

(મેઘજીભાઇ આવી ઉભારહે છે તેવામાં ગગનેશ્વર આવે છે).

ગગનેશ્વર—(પ્રવેશ કરીને મેઘજીભાઇ પ્રત્યે) યજમાનશ્ચ આશિર્વાદ—શેઠજી. જળકુંડીની ભાગળે આવી સરોવર તીરે જાન ઉતરી છે. સામૈયાની તજવીજ કરો.

મેઘજીભાઈ—અમે એજ વાત કરીએ છીએ ને તમારીજ વાટ જોઇએ છીએ પણ એટલે બધે દૂર શા સારૂ ઉતર્યા? જરા પાસે હોતતો સર્વને જવા આવવાની અનુકુળતા થાત. (પોતાની સ્ત્રી પ્રત્યે) અમે સામૈયું કરવા જઈએ છીએ, માટે તમે સૌ તૈયાર રહેજો. (જાયછે.)

પ્રવેશ ૨ જો.

(સ્થળ—જાનની ધર્મશાળા.)

ચંદુલાલ, દેવદત્ત, વસંત, ચીમનલાલ ઈ૦

ચંદુલાલ—(દેવદત્ત પ્રત્યે) કેમ ગોરમહારાજ, હવે વર ઉઘલાવવાની કેટલી વાર?

દેવદત્ત—હવે માત્ર થોડોજ સમય છે.

ચંપકલાલ—(પોતાની સ્ત્રી પ્રત્યે) સારે કારજે અન-

હાર આવ્યા તોપણ તું તો સદાની દરિદ્રીજ રહી. હવે જરા ઉતાવળી કર. ચાલ જલદી તૈયાર થા. હવે વરને ઉઘલાવવાનો વખત થઈ આવ્યો.

વસંત—તમારી બોલવાની ટેવ તો ઘેર ને બહાર સરખીજ રહી. હું તે શું કરૂં ? કાંઈ વાંઝિયણ છું. જુવોને, મને આ મંગળિયો કેટલો પજવે છે? રોયાને જરા લ્યો તો ખરા?

ચીમનલાલ—(ફરતો ફરતો આવીને) કેમ વસંતવહુ, આંહિ આવ્યા તો એ કકળાટ મટયો નહિ? આ બે દિવસ જરા હરખના હેમ ખેમ જવા દો ?

ચંપકલાલ—ભાઈ ચીમન, મારા ભોગ લાગ્યા છે! કેમ આવી ને આવી કુભારજાઓ માથે ભાગી છે કે શું ? સારૂં થયું કે હું સાથે એકનેજ લાવ્યો? ભાઈ બે બાયડીઓ પરણ્યા તોપણ સુખની વાત જાણી નહિ.

વસંત- તમારી જીભ હમણાં બહુ વધી પડી છે. પણ તમે ઘેરતો ચાલો.-

ચંપકલાલ-(ક્રોધિષ્ઠ બની) કેમ ફુલ! તું મને ઘેર જઈને શું કરવાની છે? (મારવા જાય છે એટલામાં)

ચંદુલાલ- ચીમનલાલ- અરે ભાઈ જરા વિચાર કરૂ. બાહાર નીકળી લોક લજ્યાનું બંધન પણ જાળવતાં નથી? (ઠંડા પાડે છે)

સઘળું શાંત થયા પછી લગ્નની ધામધુમ જાગૃત થાય છે. વરઘોડો ચડે છે ને સ્ત્રીઓ મધુર સ્વરે ગીતો ગાય છે:-

ગીત.

" આવો બેની ગીત ગાઈયે પ્રીતેરે " એ રાગ.

ધન્ય ધન્ય વરઘોડો આજે રે;
રૂડો તારાચંદનો છાજે રે.— ધન્ય ધન્ય૦
હય શણગારેલા રૂપાળારે;
સોહે તે પર બાળને બાળારે;— ધન્ય ધન્ય૦
થાય ડંકાનો નાદ ભારીરે;
શોભા સાજનની સુખકારીરે;— ધન્ય ધન્ય૦
ચતુરા ચોક મોતીડે પુર્યારે;
સ્વર વાજીંત્રોના લાગે મધુરારે;— ધન્ય ધન્ય૦
ગીત મંગળ માનુનિ ગાયરે;
ધીરે મુકે છે સુંદરી પાયરે,— ધન્ય ધન્ય૦
ભરી મોતીડે થાળ વધાવેરે;
દિન આજનો સકળ સુહાવેરે;— ધન્ય ધન્ય૦
ઈશ આપો સહુને આવું ટાણુંરે;
ગાઈયે વિવાહનું રૂડુ ટાણુંરે;— ધન્ય ધન્ય૦

પ્રવેશ ૩ જો.

(સ્થળ—લગ્ન મંડપ)

(મેઘજીભાઇ, વાયુવંતી, ગગનેશ્વર, પ્રેમકોર, નંદા વગેરે.)

મેઘજીભાઇ—પ્રિયા, ઓહો જોને વરઘોડો આવ્યો! વરરાજાને પોંખવા ચાલ, તું સાબદાઇ કર.

વાયુવંતી—સ્વામીનાથ, હું તો તૈયાર છું. (પોંખવાની ક્રિયા થયા પછી વરરાજાને મંડપમાં પધરાવે છે.)

ગગનેશ્વર—યજમાન રાજા, '**સમયવર્તે સાવધાન**'—વિધિં પૂર્વક લગ્નક્રિયા તો અમોએ અતિ પ્રફુલિત થઇને કરી. હવે અમો વિપ્ર સમસ્તને સંતુષ્ટ કરો.

મેઘજીભાઇ—(હાથમાં ચોકસ રકમ લઇને) લો મહારાજ ખુશી?

ગગનેશ્વર—યજમાન ખુશી તો અમો સદા ખુશીજ છીએ. તમારા આપ્યાથી કાંઈ અમારી ભવની ભાવટ ભાગવાની નથી. પણ તમારા ઘરની પ્રતિષ્ઠા પ્રમાણે આટલું ન ઘટે?

મેઘજીભાઇ—શ્રદ્ધાએ કરીને ફુલ નહિ ને ફુલનું પાતરૂં જે આપ્યું તે લાખોમાં લેખો. ક્યાં એક વેળાનું કામ છે? શાસ્ત્ર પણ કહે છે. **સંતોષો બ્રાહ્મણો સુખી, ને સુખી નારિ પ્રતિવ્રતા.!!**

ગગનેશ્વર—અમારી ક્યાં હઠ કે દુરાગ્રહ છે. (શાસ્ત્ર ભણવા લાગે છે ને લગ્ન ક્રિયામાં મળેલાં શ્રીફળ, ચોખા વગેરેની ગાંસડીઓ બાંધ છોડ કરે છે તથા તપાસે છે.)

દેવકોર—આવા લગ્નના પ્રસંગે ફાગ ફટાણાનાં હસવા જોગ મજાનાં ગીતો ગવાય તો પરસ્પર બહુ પ્રેમ પેદા થાય; અને જુદાઈ ટળી જાય. પરા પૂર્વની એ રીતિ સ્થાપન કરનારને ધન્ય છે.

પ્રેમકોર—સખીઓ, વિદ્યાદેવીનું ઉપાસન કરી આપણે

કાંઈક માણસાઈમાં આવ્યાં છીએ. એવાં બિભત્સ બલ્કે નાગાં ઉઘાડાં ગીતો ગાવાં એતો સ્ત્રી કેળવણીપર અને ચાલુ સંસાર સુધારાની શરૂઆતપર પાણી ફેરવવા જેવું થાય.

નંદા—વાહરે પ્રેમકોરબાઇ, તમે તો બહુ પાસ થઇ ગયાં છો. જુનાં રૂષીઓ, મુનીઓ અને પંડિતોમાં તમારા જેટલી સમજ નહિ હોય?

પ્રેમકોર—બાઇ, હુંતો સન્માર્ગ છે તે સૂચવું છું. માનવું ન માનવું એ તમારી મરજીપર છે. જુના પ્રાચીન પુરૂષોને હું નિંદતી નથી. એ રીતિ કોનાથી ને કેમ સ્થાપન થઈ છે તેનો ઈતિહાસ હું જાણતી નથી. પણ પકેપણે એમ માનું છું કે, એવાં ભાંડ ભવાયા જેવાં ગીતો ગાવાં એથી નીતિ પ્રીતિનો ભંગ થાય છે. ને સમજું માણસોને શરમ ઉપજે છે. એકાદ જુની રીતિ નઠારી જણાય તો તેમાં ફેરફાર કરવો એ આપણું કામ છે. ઇશ્વર વિવાહ, રૂક્મિણી વિવાહ, સીતા સ્વયંવર વગેરે બાબતોનાં ગીતાં ગાઇએ, ક્યાં થોડાં છે? અરે અરે સાવિત્રી આખ્યાન તો અપૂર્વ બોધથી પણ ભરપૂર છે. નળદમયંતીનાં ગીતો તો બહુજ પસંદ કરવા જોગછે.

(સ્ત્રીઓ અરસ્પરસ મનપસંદ ગીતો ગાવા માંડે છે.)

પ્રેમકોર—(મનમાં) આપણું પરાયે ઘેર શું ચાલે? સૌ સૌના મનનું મુખ્ત્યાર. ધરધણીમાંજ કિંમત નહિ તો બીજાની શી આશા? મારી વાત ઘણાકોને ગળે ઉતરી પણ તેઓ આ પ્રસંગે લાચાર જણાય છે. અત્યારે કાંઈ શિખામણ

દેવાથી "લગનમાં વધ્રન" પડશે. અને ઉલટી અસર થશે. બીજે પ્રસંગે કન્યાશાળાના શિક્ષક ગુલાબ બેહેનને મળી કાંઈ એ વિષે તજવીજ કરીશું.

ગંભીરદાસ—(મનમાં) અરે જગતૂમાં શું સૌ જરનુંજ સગું છે. કેવી કોમળ કન્યાનો કર કઠોર માબાપોએ. એક અજ્ઞાન બાળકને પકડાવ્યો છે. અરે એ બાળક વરથી બાપડીને શું સુખ મળશે? તેના મનોર્થ એ શું પુરા પાડશે. જેનામાં બ્યાજબી ગેરવ્યાજબી સમજવાની, વાતચિત્ત કરવાની કે સંસાર શું, સ્ત્રી શું, માબાપ શું, સંબંધી શું, મિત્ર શું, લગ્ન શું અરે કશાની સમજ નથી !! અપશોચ—સદ હજાર વાર અપશોચ !!!

(મન ગમતાં મિષ્ટાનો જમી જાન વિદાય થાય છે.)

દોહરો.

જુગતે રમી જમી થઈ, અંહિથી જાન વિદાય;
વિવાહ થયો વિવેકથી, ખામી ન રહી જરાય.—૧

પ્રવેશ ૪ થો.

(સ્થળ–મેઘજીભાઈનું ઘર.)

વીજળી, સીતાગૌરી, વાયુવંતી, મેઘજીભાઈ, દેવદત, ઇ૦

વીજળી—(સખી પ્રત્યે) અરે મારી વ્હાલી બેન સીતા ગૌરી, જોને મારી જોબન વય થઇ. તોપણ સાસરા તરફની કાંઇ ખબર સંભળાતી નથી. અરે! મારા જેવી ભાગ્યહીણ

કોણ હશે ? મારો સ્વામિ બાળક છે. બાળક છે એટલુંજ નહિ પણ બુદ્ધિહિન અને તદન દેશ દુનિયાથી બે ખબર છે. (વિમાસણ કરતી ગાય છે.)

ગઝલ. (રાહ ઈશ્કસભાની)

જાણ સખી તું માહરી, દીલડાં કેરી વાત;
જોબન વેષે હું થઈ, કેમ જાશે દિન ને રાત. ૧
ચાતક પેઠે નાથની, જોઉં અતિ હું વાટ,
ચંદ્રકાન્ત કયારે મળે, મુજ ચિન્તે ઉચાટ. ૨
શુદ્ધ સુબુદ્ધિ જાતિ રહી, દુઃખી હું દિન રેન;
પળ પણ ચેન પડે નહિ, કહે કરૂં કેમ બેન. ૩
આણું ક્યારે આવશે કે, જાઉં તેની સાથ;
નાથ વિના ગોઠે નહિ, દુખિયો સહુ સંગાથ. ૪
જોબનની ખીલી કળી, ચૂંટયા વિના કરમાય;
કાય સૂકાઈ હાયથી, ક્યમ જીવ ન નીકળી જાય? ૫
સુખ સંબંધ બાંધ્યા છતાં, થયું દુઃખદ પરીણામ;
પૂર્વ જન્મનાં પાપ કે, અરે વિધિ શું વામ ? ૬
(મૂર્છા ખાઈ નીચે પડે છે).

સીતાગૌરી—(આસના વાસના કરી ગુલાબજળ છાંટે છે) અરે, વીજળી તારૂં નામ ચપળા, ચંચળા તે પ્રમાણેજ આમ શું છેક અધીરી બને છે ? ચંદ્રવદનાનાં દુઃખની વાતો સાંભળી તુંજ તેને ધીરજ આપતી હતી, ને આજ તુંજ તે ધોરણે ચાલી પોત પ્રકાશે છે ? આપણું ભવિષ્ય માબાપોને

આધીન છે. તેઓજ જ્યારે પોતાના પાપી સ્વાર્થ તરફ જોઇ દુઃખ દરીએ ફેંકી દે ત્યારે શો ઇલાજ? બેહેન, તું ના અકળો. ઇશ્વરે કરેલુંજ બન્યાં કરે છે, માટે તે વિષે ચીંતા કરવાથી કાંઇ સારૂં પરીણામ પ્રાપ્ત થવાનું નથી. સર્વના ત્રાતા, ત્રિગુણાત્મક લિંગને તું તારી બધી વાતો સમર્પ—તેજ તેના નામ પ્રમાણે તું દુઃખીને સુખ કરશે ને સાહ્ય થશે.

સોરઠો.

સખિ દુખ મુજને થાય, વધુ કથન કરી શું કહું?
મન મારૂં ગભરાય, પડ્યું તેહ સાંખે સહુ.

(મેઘજીભાઈ અને વાયુવંતી આવેછે).

વાયુવંતી—કેમ બહેન સીતાગૌરી, આજ તું તો બહુ દિવસે દેખાઇ, ખુશી તો છું?

સીતાગૌરી—કાકીમા, તમારી કૃપાએ સૌ સુખશાતાછે. ઘરના કામમાં હું રોકાએલી હતી, તેથી અવાયું નહોતુંજ. વીજળીમાં ને તમો સૌમાં ઘણો જીવ પરોવાઈ રહયો હતો, પણ કામ મૂકી કેમ નીસરાય? કેમ વીજળીબાઈના સાસરિયા તરફનાં કાંઇ વર્તમાન?

વાયુવંતી—ના બહેન, હાલમાં તો કશો કાગળ પત્ર નથી; જો કે આણું આવવાની વેળા તો થઈ ગઇ.

સીતાગૌરી—માજી હું રજા લઈશ. વીજળીબાઈ કામકાજથી જરા અવકાશ મેળવી ઘેર આવજે. બે ઘડી વાત ચિત્તથી જીવને વિરામ મળે.

વીજળી—બ્હેન, વેહેલી આવજે. તારાથી મારા જીવને ચેન પડે છે.

(સીતાગૌરી જાય છે.)

વાયુવંતી—સ્વામિનાથ, વીજળીનાં સાસરીઆં તરફથી તો આણાં પુરિયાણાંનું કાંઇ ઠેકાણું નથી. આપણેજ હવે તેને વળાવીએ. "પુત્રી સાસરીએ અને હાથી દેરબારે શોભે." ઉમરે આવ્યા પછી ઘેર રાખતાં લોક વગોણું કરે ને આંગળી ચીંધે, તમેજ હવે પત્ર લખો.

મેઘજીભાઇ—પ્રાણપ્રિયા, મને પણ ચિત્તમાં એજ ચટપટી થાય છે. આજે રાહ જોઈ કાલે કાગળ લખીએ.

(ગોર દેવદત્ત અને મીયાં કમાલ આવે છે).

દેવદત્ત—કેમ વેવાઈ, ખુશી તો ખરા.

મેઘજીભાઇ—પધારો, પધારો મહારાજ હમણાં તમારા તરફનીજ વાતચિત કરતા હતા. ત્યાં સહુ છે તો ખુશીમાંકે.

દેવદત્ત—સૌ ખુશી આનંદ વર્તે છે. અમે વીજળીબાઈને તેડવા આવ્યા છીએ. લો આ તમારા વેવાઈનો પત્ર ને. કરો તૈયારી; મંગળ મૂહુર્ત જોઈ વિદાય કરો.

મેઘજીભાઇ—(પત્ર હાથમાં લઈ વાંચ્યા પછી) બહુ સારૂં. હવે તમો થાકયા પાકયા રસોઈ બનાવો, પછી સૌ એની મેળે થશે.

દેવદત્ત—વધુ કાંઈ કડાકુટ ન કરતાં. મૂત્ર, મોદિક, દાળ, ભાત, શાક કરિયે એટલે થયું.

બ્રાહમણો મોદકો પ્રિયઃઘૃત શેર એક ને ખાંડ શેર એક.

કમાલખાં—(મનમાં) સાલે બમનભાઈ પાંચ પચીસ જાતકી રસોઇકી તૈયારી કરતા ઔર ઘી ખાંડ તો ડબલ ત્રબલ મંગતા—ફેર ઉપરસે 'માત્ર' બોલતા? કયા દુનિયામાં પેટકી પીડા લગ રહી હે?

(મેઘજીભાઈ સર્વ સામગ્રી મંગાવી આપે છે, જે લઈને દેવદત્ત ખુશ ખુશ ચહેરે રાંધી જમી ઉંઘી જાયછે.)

ઓખાહરણનો—ઢાળ.

ખાઈ પીને સૂતા મહારાજ, મોદક મળતાં માને મળ્યું રાજ;
દેશ દુનિયાં ઉંઘાં વળી જાય, તેની ફિકર ન ઉરમાં જરાય. ૧
ધન મળવાનો હરખ છે મંન, ગગનેશ્વર મનમાં મગંન;
જાણે ગગને જઈ ભીડું બાથ, ઈંદ્ર દેવનો પકડું હું હાથ. ૨
સહુ ધનનું પરીબળ એવું, બ્યાપું ભટજીને ભાવતું તેવુ;
ઝટ લગન બને મળે ધંન, વર કન્યાનું લેશ નમંન. ૩

પ્રવેશ ૫ મો.

સીતાગૌરી, તેજવંતી, વાયુવંતી, મેઘજીભાઇ.

(સ્થળ—વાગડીઆવાડની ધર્મશાળા.)

સીતાગૌરી—સખી, તારા વિયોગથી મને મુદ્દલ ચેન પડવાનું નથી. પણ બેહેન શું કરૂં ? સંસારની રૂઢી પ્રમાણે વર્તવુંજ જોઈયે.

તેજવંતી—પ્રિય ભગિની, જો કે તારો સ્વામી બાળક

છે, પણ તું ડાહી અને વિચક્ષણ છું એજ પરમ સંતોષનું કારણ છે. તું અહીથી વિદાય થતાં પ્રાણપતિની ને સાસુ સાસરાની આજ્ઞામાં રહેજે, જે કુળવંતી સ્રીઓનો સનાતન-શ્રેષ્ટ ધર્મ છે.

વાયુવંતી—અરે મારી વહાલી પુત્રી; મેં તને મારા હૃદયમાંથી કોઈ દિવસ દૂર કરી નથી, તેથી મને બહુવસમું લાગે છે. અરે, તારા વિના મને એક પળ પણ વર્ષ જેવી વિકટ થઈ પડશે, ને એ સઘળા દોહેલા દિવસ કેમ જશે ?

મેઘજીભાઇ— બાઇ વીજળી, તુ સમજુ છું, માટે શું શિખામણ દઉં? તું ત્યાં જઈ નિત્ય પત્રદ્વારા સારા સમાચાર લખાવજે ને કોઈવાતે અકળાઈશ નહીં. તને ન ગમે કે મને ઝટ લખજે એટલે હું અહીંથી તાબડતોબ આપણા ત્રીકમને રથ માણસ સાથે મોકલીશ, તું સુખેથી સાસરે સિધાવ, ને ત્યાં સુખી થજે એવો મારો આશિર્વાદ છે, ચંદુલાલ વગેરે મંડળને મારા પ્રણામ કહેજે.

વાયુવંતી— કન્યા એ પારકું ધન કહેવાય છે તે વાત નો અને જુદા પડતાં લોકોને શું વ્યથા થતી હશે તેનો મને આજેજ અનુભવ થયો. ફીકર નહિ બાપુડી બેટા સંભાળી શીળતાથી રહેજે ને વહેલી વહેલી આવજે. સીતાગૌરી, મારી છાતી ભરાઈ આવેછે, બાપુ તુંજ તે દિવસ શિક્ષાનો પત્ર વાંચતી હતી, તે તારી સખીને વાંચી સંભળાવ.

સીતાગૌરી- (ત્રીજે સ્વરે) :—

ધોળ

" સ્વસ્તિ શ્રી પુરી લંકા સોહામણી " એ રાગ.

" પ્રેમવંતાં હે પરમ પુનીત જે, પ્રિય મુજ ચકોરના ચંદ;
શાણી શીખ શું લખું?
" મળી પત્રિકા આપની મેઘ શી, મન ચોરે વ્યાપ્યો આનંદ,
શાણી શીખ શું લખું? ૧
" જોઇ અક્ષર રચના શોભતી, મીઠાં રૂડાં મધુરાં વચન;
શાણી શીખ શું લખું?
" વારંવાર તે વાંચી વિચારતાં, નથી તૃપ્ત થતું મુજ મંન,
શાણી શીખ શું લખું? ૨
" તમે વિશ્વાસથી મુજને ભજો, કેમ હું કરૂં તેનો વિનાશ
શાણી શીખ શું લખું?
" એવી શંકા કદાપિ ન લાવિયે; જેનો સાક્ષી સદા અવિનાશ;
શાણી શીખ શું લખું? ૩
" જીવ તલસે તમ દરસન વિના, ઘડી એક પડે નહિ ચેન,
શાણી શીખ શું લખું?
" જુદાં પડતાં ઝંપે નહિ જીવડો, થાય અતિ અધીરાં આ નેન,
શાણી શીખ શું લખું? ૪
" અતિ આણી ઉદાસી તમો ઉરે, નિત્ય નેત્રમાં લાવો છો નીર,
શાણી શીખ શું લખું?

" નીરથી હીર બળે શરીરનું, વળી શૂકાયે શુદ્ધ રૂધીર,
શાણી શીખ શું લખું ? ૫
" ધીરા ધીર ધટે અરે ધારવી, કેમ વિસરી થઇયે અધીર,
શાણી શીખ શું લખું?
" સુખ દુઃખ એ મનના તરંગછે, વાગે અંગને જેમ સમીર,
શાણી શીખ શું લખું ? ૬
" તારાં નિર્મળ નેણુ પ્રીતિ ભર્યાં, મને લાગે સદા સુખકાર,
શાણી શીખ શું લખું ?
" સ્નેહ સ્વપ્નમાં પણ તુજ સાંભરે, દિલ એવું તારૂં દિલદાર,
શાણી શીખ શું લખું ? ૭
" રૂડું લખવું ગાવું તારૂં વાંચવું, ભરવું કરવું વળી ઘર કાજ,
શાણી શીખ શું લખું ?
" ઘેલા દિલથી તેહ તજી કરી, કર કલેશ તેથી હું નારાજ,
શાણી શીખ શું લખું ? ૮
" દુષ્ટ દુર્જનથી બહુ દુખ ખમ્યાં, પણ આવવાનો હવે અંત;
શાણી શીખ શું લખું ?
" પ્રભુ પ્રતાપે કાન્ત મેળાપથી, થશે ચિત્તને હર્ષ અત્યંત;
શાણી શીખ શું લખું ? ૯
" ઈશ ઝટ એ દિન દેખડાવશે, રખે સોચ કરે મારા સમ,
શાણી શીખ શું લખું? ૧૦
તરી સીંધુ સમીપ આવ્યા તમે, હવેવાર થોડી પ્રીયતમ;
શાણી શીખ શું લખું ?

"રૂડા માર્ગમાં મનને વાળિયે, ટાળિયે કુવાટ કુસંગ;
શાણી શીખ શું લખું ?
"સાસુ સસરા અને સ્વામી તણી, સેવા કીજે ધરીને ઉમંગ;
શાણી શીખ શું લખું? ૧૧
"અતિ દુ:ખના દાખલો લેઇને, સહુ વિસરિયે નિજ દુ:ખ,
શાણી શીખ શું લખું?
"સર્વે વાત વિભુને સમર્પીયે, જાતે થઈયે ન તેથી વિમુખ,
શાણી શીખ શું લખું? ૧૨
"નમ્ર અરજ આ મારી સ્વિકારીને, કદિ હૃદય ન કરશો કલેશ,
શાણી શીખ શું લખું?
"સદા આનંદમાં મન રાખજો, કાન શાણી થશે સર્વેશ,
શાણી શીખ શું લખું? ૧૩

(વીજળીને વિદાય કરે છે તેટલામાં).

વીજળી—(સર્વેને નમન કરીને વળાવવા આવનાર પ્રત્યે) મારા માયાળુ સંબંધી જનો, તમે હવે સૌ પાછાં વળો. તમારાં લાલન પાલનને હું પૂર્ણ રીતે આભારી છું. આથી મા યાળુ માડી, તારી શિક્ષા, તારો પ્રેમ, તારૂં વાત્સલ્ય મારા હૃદયમાંથી એક ક્ષણ પણ નહિ ખસે ? સખી સીતા, આ માતા હવે તારી છે. તુંજ એની દુહિતાની ગરજ સારજે. અને આ વિદુત નામ ધારણ કરેલી—ચંચળ ચપળા વીજળી તરફની લેશ પણ વિડંબના ઉપજવા દઇશ નહિ.

સીતાગૌરી—બ્હેન, એ વિશે તું નચિંત રહે. હું હ-

મેશ એક બે વાર માજી પાસે જઈને ખબર અંતર લેતી રહીશ, ને તેને કશો પરિતાપ થવા નહિ દઉં.

વીજળી—બહેન પહોંચ્યા પછી તુરત પહોંચ્યાનો પત્ર પાઠવજે, ને હમેશ તારાં સાસુ, સસરા તથા સ્વામીની સુશિળતાથી સેવા બજાવી સુખી થજે.

(આગળ દેવદત્ત, વચે સીઆમને પાછળ કમાલખાં ચાલવા માંડેછે ને સૌ ગામમાં જાયછે.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

ધૃવંતી, ચંદુલાલ, વીજળી, દેવદત્ત.

(**સ્થળ**-ચંદુલાલનું દીવાનખાનું).

ધૃવંતી-પ્રાણનાથ, હજી આપણો દેવદત્ત તારાચંદની વહુને તેડીને આવ્યો નહિ, આજે તો અવસ્ય આવવો જોઈયે.

ચંદુલાલ-ગામ ગયું સુતું જાગે. વેવાઈએ બે દહાડા રોક્યા હશે નહિકાં રોકાય એવા દેવદત્ત હવે નથી.

ઊકળારિકણ—હવે નજરમાં આવે ત્યારે આવે. અંહી શું, એના વિના અટકી પડ્યું છે? એ ભાભી તો વળી ભણી ગણીને ચતુર શિરોમણી બની હશે, તે કોણ જાણે આવીને ભાઈ સાથે શું ભાવ ભજવશે?

ધૃવંતી—મેર રાંડ!! તું જરાએ શરમાતી નથી.. હ-

જુ એણે બાપડીએ ઘરની દિશાએ જોઇ નથી તેટલામાંજ તું તારૂં પોતે પ્રકાશી ઈર્ષ્યા વર્સાવે છે?

(ઉકળાટિણ રીસે થકવી સાસરે જાય છે ને વિજળી, દેવદત્ત તથા કમાલખાં આવે છે.)

વીજળી—(સાસુને પ્રણામ કરી) સાસુજી, મારા માએ તમોને સ્નેહસહિત પ્રણામ કહાવ્યા છે, ને આપની સૌની કુશળતા પુછી છે.

ચંદુલાલ—કેમ વીજળી છો તો ખુશી? તારાં મા બાપ સૌ ખુશી છે?

વીજળી—(લજ્જાયુકત) આપને પ્રતાપે સૌ ક્ષેમ કુશળ છે, મારા પિતાએ આપને ભગવુદ સ્મર્ણ કહાવ્યા છે.

ચંદુલાલ—કેમ દેવદત્ત મહારાજ, બહુ દિવસ ભાગ્યા. શું લાડુના ઘેનમાં ચકચુર થઇ ગયા હતા કે?

દેવદત્ત—અરે સાહેબ, લાડુ તો અવળા નીકળી પડયા, અમો ચકચુર બનવાને બદલે ગાડીજ ચકચુર થઈ ગઇ. જળદ્વારથી આવતાં આવતાં અમારૂં અપુસીયુંએ નિકળી ગયું.

ચંદુલાલ—અરે એ તે વળી શું થયું, મહારાજ? કાંઇ નીશામાં બકવાદ કરો છો કે ખરી વાત?

દેવદત્ત—ખરેખર, જળદ્વારથી ચાંદનીપુરને રસ્તે આવતાં આવતાં અંતરીક્ષની ભાગોળે ગાડીની ધુસરી, ભાગી ગઇ ને તે નવી તૈયાર કરી બેસડાવતાં બહુ થોભવું પડયું.

ચંદુલાલ—ખરેખાત તમો બહુ હેરાન થયા? પણ ર ચિંતા કરવી એતો રસ્તાનાં કામ. સારૂં થયું કે મીમ્માંભા ને મેં પ્રથમથીજ નજર પહોંચાડી સાથે મોકલ્યા.

મૃવંતી—ચાલો હેંડો. જમવાની વેળા થવા આવી. વ હુ માર્ગની અપવાસી હશે.

(સૌ ભોજનશાળા તરફ જાય છે.)

—*o*—

પ્રવેશ ર જો.

વિજળી અને તારાચંદ.

(સ્થળ શયનગૃહ.)

વીજળી—(તારાચંદ નેં ચહડાવી પલંગપર પડેલો છે તે જોઈ) પ્રિય સ્વામિનાથ, કેમ મંગળાચરણમાંજ દાસીપર કોપાયમાન? શ્રમિત થયા હશો, લ્યો હું આપના ચરણકમળ ચાંપું! પગને અડકે છે.

તારાચંદ—(ઉંઘમાં) ઉં ઉં ઉં!!! નહીં, નહી!! નારે બાપ સ્વામીને વરી નાથ. શું તું ભણેલી મોઈ તેથી અમોને સાલુ સેંવટા માને છે?

વીજળી—પ્રિયપતિ, નહિ, નહિ, હું આપને મારા મસ્તકના મુગટ, હૈયાના હાર, નેનના તારા અને સર્વસ્વ સમજુ છું. તમો ઉલટો અર્થ કરી મને ઉદાસી ન કરો.

તારાચંદ—છાની મુની પડી રેહે, લાંબી લવલવાટ કરીશ.

તો હું તારી ફજેતી કરી ફજેતને ફાલકે ચહડાવીશ ને તારી હોંશીયરી બધી બહાર મુકીશ.

વીજળી—પ્રીતમ, તમે મને જોઇ ક્રોધાયમાન કેમ થાઓ છે.? હું તમને કોઇ રીતે પજવવા ચહાતી નથી. મારી મતલબ, મારૂં હેતુ, મારો વિચાર, મારી અભિલાશ, મારૂં દિલ તમારીજ સેવા માટે, તમારીજ આજ્ઞા માટે, તમારાજ હિત માટે, તમારીજ પ્રસન્નતા માટે, ને તમારીજ કૃપા માટે અપેક્ષિત છે. તમે મને જીવાડો, મારા પ્રાણજીવન તમે બુદ્ધિમાન છો. વિશેષ શું કહું (કાંઇ ઉત્તર નહિ મળતાં ધુળધુર લિંપણ સમજી મનમાં) અરે જગતકર્તા ઈશ્વર! મારી આ શી ગતિ, મારો ભવ ભર્તારના સમાગમથી કેમ પુરો થશે! સંસાર સુખમાં મહાલવાને મેં જે જે મનોર્થો બાંધ્યા હતા, જે જે કલ્પનાઓ રચી હતી, ને જે જે ધારણાઓ બાંધી હતી, અરે તે તે સર્વે નિષ્ફલ ગઈ. મારા દુર્ભાગ્ય! હું મનુષ્યરૂપે પશુ પક્ષીથી પણ કનિષ્ટમાં કનિષ્ટ—અધમ પ્રાણી છું. પ્રેમ અને પ્રિયતમનો રૂડો પરિચય એજ પ્રમદા વિશ્રામ સ્થાન—તે તો મારે આ જન્મમાં નષ્ટ થયું. મારે માથે આવું જાહીર ન ભાગ્યું હોત ને માબાપોએ પુત્રીના શ્રાપનું પોટલું ન બાંધ્યું હોતતો હું કેવા સુખી થાત? સઘળું ઇશ્વરનું કર્યું બને છે; પરંતુ મનુષ્ય તેમાં કારણભૂત છે: માબાપોએ જર કે ઘર ન જોઈ વિનયવાળી, અને વયમાં યોગ્ય વર જોયો હોતતો મારી આવી દુર્દશા કદી થાત નહિ. (નિશ્વાસ નાંખી-

અતિ શોકાતુર ચેહેરે ઇશ્વરને સ્મરે છે).

રાગ—આશાગોડી.

"શણગારૂ તે શું સજીએ, સુણરે દાસી."—એ રાગ.

પ્રીત ગઈ પરવારી, પ્રાણ થકી પ્રીત ગઇ પરવારી; (ટેક)
ઉરની અટારીને વાગી કટારી, છૂટે છે કમારી;
પ્રાણ થકી પ્રીત ગઈ પરવારી. ૧
જોઉ જે ભ્રમનો ભાગશે નહિંતો, અંતર રાખે ઉભારી:
પ્રાણ થકી પ્રીત ગઈ પરવારી. ૨
પીઉ પીઉ કરતી પામિ પીઉને, પણ ન થઇ કંઈ પ્યારી;
પ્રાણથકી પ્રીત ગઈ પરવારી. ૩
બપૈયા પેરે ઝટપટ ઝબૂકી, સબકી થઈ અંધારી;
પ્રાણ થકી. ૪
બાળક એ સમજે ન કશામાં, ઉગરવાની ન બારી,
પ્રાણથકી. ૫
દોષ દઉં હાય! કોને જઈ કહું, વાત ગઇ મુજ મારી;
પ્રાણથકી. ૬
સેવન વર્તન ઉત્તમ કરતાં, અધમ થઇ ગઇ હારી;
પ્રાણથકી. ૭
સ્વામી વિષે વિપરીત શું વદવું, ગાવું શું લલકારી,
પ્રાણથકી. ૮
નિરાશ તેમ ઉદાસ થઇ હું, જગમાં થવાની અકારી;
પ્રાણથકી. ૯

કાન સમર્પી સુખ દુઃખ હરીને, કર વૃત્તિ ઝટ એક ધારી;

પ્રાણથકી. ૧૦

પ્રીત ગઈ પરવારી, પ્રાણ થકી પ્રીત ગઈ પરવારી.

અરે ઈશ્વર પેલે ભવ એવાં તે મેં શાં પાપ કર્યાં હશે? ઓ દૈવ—શીવ, શીવ, શીવ !! જીવ ચાલ જરા આરામ લે. હવે વૃથા શોક કરે કાંઈ સીદ્ધી નથી. (નિંદ્રાવશ થાયછે).

પ્રવેશ ૩ જો.

તારાચંદ, છેલભાઈ, ગપાષ્ટકીદાસ, છાંટુદાસ.

(**સ્થળ**—તારાચંદનું દીવાનખાનું.)

તારાચંદ—(એકલો) અરે મારે પનારે વળી પાપ કયાંથી લાગ્યું ? રાતે સખે સુવા પણ દેતી નથી. માબાપે મને એ તે ઝુડ શા માટે વળગાડયું હશે? હવે અહી રહેવામાં શો સારૂ છે ?

(છેલવી આવેછે)

છેલ૦—કેમ, મિત્ર તારાચંદ આજે કંઇ ઉંડા વિચારમાં?

તારાચંદ—મારે વિચાર શો ને વાત શું ?

ગપાષ્ટકીદાસ—ભાઈ તમે જાણતા નથી. હમણાં તો ભાઈના ભાવ ચડી ગયાછે. એટલા દહાડા વાંઢારંઢા ગણાતા હતા ને હવે તો, ગૃહસ્થી—ઘરબારી—વહુવાળા થયા તે ? !

છાંટુદાસ—હેં ખરી વાત? ત્યારે તો ધાણાજીરાનો ભાવ વધ્યો નહિ વારૂ ? એકતો ભાઈ તારા અરે તારા પોતાના ન-

હિ, આકાશમાંના જાણે ઉજળા તારા, તેમાં વળી ઝબકતી વીજળીવહુ મળ્યાં? શું કમી રહી હવે? દળદરનો બેડો પાર. રોગનો વધારોજ તો? હેં, હેં, હેં! . . .

તારાચંદ—તમે હવે મને બહુજ વખાણી દીધો. તમારી ગમતમાં માર તો ઘણુ નીકળે છે!

ગપાષ્ટકીદાસ—અરે કાંઈ કું દીયુંદી વહુ કરતાં હોય તો કેજો?

છાંટુદાસ—ખચીત તો આપણે તેનું રાયતું થાય તેવો ઉપાય બતાવીએ; તું ગભરાઈશ નહિ.

છેલસાઈ—તમો લાતનો હાદ જાણો નહિ ને અમસ્થી પંચાતી કરી વાળો એ ઠીક નહિ. એતો સંસારમાં માણસપર અનેક જાતની આફત હોય છે. (ગપાષ્ટકીદાસને દુર લઈ જઈ) તારાચંદ શેઠ તો અકલના બારદાનજ જણાય છે. આપણે તેનો કંઈ ઘાટ રચીએ એવી 'રાંડો તે શી' વીશાદમાં!

ગપાષ્ટકીદાસ—અતિ અવિચાર્યું કરવાથી આપણાજ બાર વાગી જાય જ!

તારાચંદ—અરે ભાઈઓ, તારી વાતો મને દુરથી પણ બહુ ચોંકાવે છે. તમો નવું જુનું કરતાં મારી સંભાળ રાખજો તે મને કોઈ પણ રીતે એ કંકાસણીથી દૂર કરો તો ઠીક.

છાંટુદાસ—અરે એમાં તે શું ગભરાઓ છો? એનો ઉપાય તો સહેલ છે. ભુંડા ને ફજેત થઈશું તો હમો. તમો બે ધડક ચમન ઉડાવો.

તારા—અરે ભાઈ તમે કરો તેમાં મારી કાંઇ આના કાની નથી. હું મારાથી બનશે તે સર્વ વસ્તુ તમને પોકાડીશ—

છેલ૦—(કપટ તથા છળ પ્રપંચથી) તુતો—મારે હશે એવું કહેવાને. અહીંથી જતા રહ્યા સીવાય ઉપાય નથી.

ગપાષ્ટીક ને છાંટુદાસ— વાહ ! તમે તો જાણે ત્રિ કાળ જ્ઞાની ! અમારા ચિત્તમાં પણ એજ વિચાર થતો હતો. આવા દુઃખના વખ્તે દોસ્તીનો હક નહિ જાળવીએ, ત્યારે કયા-રે કામ લાગીએ. દોસ્તીને શું ઘસી ભૂસીને ગુમડે ચોપડવી ?

તારાચંદ- મીસ મિત્રો, તમારા સમાગમથી તમારી સલાહથી ને તમારી કળ વિકળથી હુંને હિમત ચડી છે, આ-જ સાંઝે જરૂર આપણે કોઇ એવી જગો તરફ રવાની થઈ જઇયે કે જેનો પત્તોજ મળે નહિ.

છેલ૦— (મનમાં.) દુરબુધી ભાઇ તૈયાર તો થાયછે. લાવને ઠેકાણે પાડું કે પછી કશી ઉપાધી નહી. (પ્રત્યક્ષ) તા-રાચંદભાઈ, તમારી મહેરબાની છે તો સહુ સારાં વાનાં થશે હવે તમારી ફીકર અમોને છે. (રાતરે વાળુ કરી ત્રણે જણ નીકળી જાય છે)

સોરઠા

છાંટુ ને વળિ છેલ, તારો ન્હાઠા નગરથી
મનમાં રાખી મેલ, કહ્યું નહિ માબાપને— ૧
વનમાં અતિશય દુઃખ, અંતે એતો પામશે,

સુખથી થઈ વિમુખ, પાપ કાંપમાં જામશે- ૨
કુસંગી તણો પ્રસંગ, અંગે ભય ઉપજાવશે.
જોતાં વિધવિધ રંગ, આંખે આંશું આવશે- ૩

પ્રવેશ ૪ થો.

વાયુવંતી, મેઘજીભાઇ, સીતાગવરી.

(સ્થળ-મેઘજીભાઈનું ઘર.)

વાયુવંતી—પ્રણનાથ, વીજળી સાસરે, સીધાવ્યા ને ઘણા દિવસ થઈ ગયા, પણ કશી ખબર અંતર નથી. અરે, એ સુશિલ બાળકી કેવી સ્થિતિમાં હશે?

મેઘજીભાઇ-મારી પ્યારી, મને પણ એજ ચિંતા થાય છે. ખરાકારણ વગર તેણી આપણને પત્ર લખવાને પણ આળસ કરે, એ વિપરીતજ હો.

વાયુવંતી—કાન્ત, આપણે તેને તેડું મોકલીએ. વીજળીની વિપત્તિ વિષે મને બહુ શંકા થાય છે!

સીતાગવરી-(ઉદાસી ચ્હેરે પ્રવેશ કરીને) કેમ કાકીમા, તમો આજ અત્યંત પરિતાપીત જણાઓ છો? મારા શરીરને પણ કાંઈ ચેન પડતું નથી; બેન વીજળી-

વાયુવંતી અને મેઘજીભાઇ—અરે, શું, તે કયાં છે? શું તેનો કાંઈ પત્રબત્ર?

સીતાગવરી-અરે અપશોચ, એ પરમ સુશીળ, સા-

ત્વિક સખીને દુઃખમાં પડેલી વાંચી મારી છાતી ફાટી જાયછે.

વાયુવંતી—શું તેનો પોતાનો પત્ર છે? શું લખ્યું છે કહે, અમો સાંભળીએ..

સીતાગવરી—એમાં આપને જાણવાં જોગ વર્તમાન એજ છે કે, તે બાપુડી ત્યાં ગયા પછી ઠરી ઠામ બેઠી નથી. તેના બાળક પતિમાં દુનીયાદારીનું લેશપણ જ્ઞાન નથી અને ટુંકામાં આ સંસાર તેને નિઃસાર દુઃખ દરીઓ થઈ પડયોછે.

વાયુવંતી—અરે પૈસા માટે વેચાણ કરેલી બાળાને દુઃખની જ્વાળા લાગ્યાં વિના કેમ રહે. વળી મારા તો સાંભળવામાં એવું પણ આવ્યું છે કે, તેના વરને જે મીતરો મળ્યા છે, તે દુષ્ટ, જુગારી ને પાજી છે.

મેઘજીભાઇ—અરે આ વર્તમાનથી તો મારા પણ હોશ કોશ ઉડી ગયા છે. વહાલી સીતા તારી સખીના તમામ શબ્દો સાંભળતા મને બહુ અધીરતા ઉપજે છે. કદી કાંઈ તેણે અમારા વીરૂદ્ધ લખ્યું હોય તોપણ તારે તેમાં સંકોચાવાનું શું છે? અમે હાથે દીવો લઇ એ સુકન્યા રત્નને કુવામાં નાખ્યું, ત્યારે તેના શ્રાપિત ઉદ્ગાર સાંભળવા પડે તેમાં કાંઈ નવાઈ નહી. તું નિર્ભય થઈને વાંચ અમને એથી કાંઇ ગુસ્સો કે ક્રોધ ઉપજશે નહિ અમને અમારા પાપનો અપાર પરિતાપ થયા કરેછે.

સીતાગવરી—જેવી આજ્ઞા—(વાંચે છે):—

"મ્હારી પરમ સુશિળ પ્રાણપ્રીય ભગિની સીતાગવરી,

"તારો વિયોગ મને બહુ સાલેછે.આટલા દિવસ થયા હું તને એક પણ પત્ર નથી લખી શકી, તેના કારણમાં કદાચ તું એમ ધારતી હશે કે, વીજળી સંસાર સુખમાં નિમગ્ન થતા અમને વિસરી ગઈ, પણ ખચીત તેમ નથી. મારી સ્થિતિ ત્યાંથી આવ્યા બાદ ઉલટી અસ્તવ્યસ્ત થઈ ગઇછે. દુખિયારી બચુબ્હેર દુ:ખના પહાડ, અને લલિતાનાં દુ:ખો જે આપણે વાંચતાં હતાં, તેવોજ મારો કિસ્સો બન્યો છે. તું વાંચીને તાજુબ થઈશ કે, હું નિરાધાર અનાથવત બની છું. તું જલદીથી કાંઈપણ પ્રસંગ શોધી મારી વ્હારે ધા! હું ઘણી વિપત્તીની જાળમાંથી માંડ માંડ બહાર નીકળીછું, જેમાં સાધન અથવા સહાયભૂત તમારી મૈત્રિથી મળેલી સન્મતી–પ્રસાદી સમજુછું. અને પડેલી આપદાઓ સાંભળી તમારૂં દિલ વિસ્મય પામશે ને તમે બહુ ખેદ કરશો, એમ સમજી રૂબરૂમાં જણાવવા ઉપર તે રાખુંછું. સખા સીતા! મારો પતિ કયાંઇ જતો રહયોછે, તેનો કશો પત્તો નથી!! મારો રાઙ સુ સસરા એના વિરહે ભુખ દુ:ખથી છેક અશકત થઇ ગયાંછે. આખા શહેરમાં હાહાકાર વર્તી રહયોછે. એને કોઇ દુષ્ટ મિત્રો છેલ, ગપાષ્ટકી તથા છાંટુએ છાંટા ઉડાડી નઠારો છંદ લગાડ્યો ને તેથી તેમની મારાપર પ્રીત તે મુદલ મળેજ નહિ. મગળાચરણનું વ્રતાંતજ! અરે મારાં સંસાર ગ્રંથનું પહેલું પૃષ્ટજ દુ:ખમાં શરૂ થયુંછે. અંતે મારૂં શું થશે તે કાંઇ કહેવાતું નથી. મારાં સુસ્ત માબાપોએ મારા લગ્ન

સંબંધી બહુ અવિચારી અઘોર કર્મ કર્યુંછે! એમના વિષે લખતાં--અરે એમને નિંદતાં મને બહુ સંતાપ ઉપજેછે, પણ જણાવવાને લાચારછું કે, પૈસાને લોભે એણે મારા આખા જન્મારામાં પુળી મુકીછે. બાળક પતિને રતિપુરપણ સંસાર સંબંધી સમજ નથી. ટુંકામાં તું સમજજે કે, હવે મારૂં જીવિત બહુ ટુંકુંછે. માતા પિતાની ખબર અંતર લેતી રહેજે ને મારા તરફ કૃપાદ્રષ્ટિ કરી છેવટ ભેટી લેવા આવજે."

લી. તારી

દર્શનાભિલાષી પ્રેમપિડિત

વીજળીના વંદન.

વાયુવંતા—સીતા, સુલક્ષણી સીતા, તીરની પેઠે આ કાગળનાં કરાળ વચનો મારૂં કોમળ કાળજું વિંધી નાખે છે. કન્યાવિક્રય કરનારનું કૃપાળુ ઇશ્વર ક્યાંથી સારે? તેને સન્મતિ કેમ સૂઝાડે ને તેવાં અધર્મોના અનાચારે પૃથ્વી રસાતળ જાય, ભયંકર અકસ્માતો થાય કે અનાવૃષ્ટી થાય તો તેમાં શું આશ્ચર્ય ? !

સીતાગવરી—માજી આપણે એમ વૃથા ક્લેશ કરવો હવે ઉચિત નથી. કર્મ સંજોગે માણસને ઈશ્વર જે સુખદુઃખાદિ પ્રદાર્થો દે, તે સહન કરવા જોઈયે ને તે કૃપાળુ ભગવાનને સદા સર્વદા પ્રેમપૂર્વક સંભારવો જોઈયે. વીજળી બુદ્ધિશાળીને વિનમી છે. જુઓ તેણે પોતાપર ગુજરના સીતમનું વર્ણન લખતાં

પણ કેટલી સાવધાની ને ધીરજ વાપરી છે. તેવી શાણી પુત્રી નાં મા બાપોને ને સાસુસસરાને તેવા કુળદીપક રત્નથી આનંદ માનવો જોઈયે વીજળી વિનયી છે, તેથી સર્વ વિપ-તીને યુક્તિ પ્રયુક્તિથી ખસેડશે. તમે ધીરજ રાખો. સૌ સારૂં થશે.

વાયુવંતી–તારી વાતથી અમને વિશ્રામ થાય છે. અમે અમારૂં સર્વસ્વ ખોઈ દીધું છે. અમે હવે નિરૂપાય થયાં છીએ.

મેઘજીભાઈ–સીતા તારા વગર મને શાંતિસુખ મળવું દુર્લભ છે. હવે તું જે માર્ગ સુચવ તેજ યત્ન કરીએ.

સીતા૦–હાલ હું આપની રજાલઈ જાઉં છું. ફરીવાર આવીશ. તમે ચિંતાતુર ન થાઓ. જકર્તકર્તા સહુનું શુભ કરનાર તમોને શાંતી આપશે ને વિજળીને વિજય આપી ઉગારશે.

(જાય છે)

પ્રવેશ ૫ મો.

ચંદુલાલ, વૃવંતી વીજળી, લબાડીદાસ.

(સ્થળ ચંદુલાલનું ઘર]

ચંદુલાલ– (પત્નિ પ્રત્યે) પ્યારી તારો અત્યાર લુગી ક્યાં રોકાયો હશે ?

વૃવંતી– પ્રાણનાથ આજે ભાઈના મુખપર ગુસ્સા જેવું તો જણાતું હતું. કયાં હશે તેની આને પુછું– (વિજળી પ્રત્યે) વહુ તારચંદ કયાં ?

વીજળી– સાસુજી મારા જોવામાં તો મુદલ આવશજ નથી. મને બહુ ભય લાગે છે, કેમકે એમનું ચંદ્રવદન તે સોક સદન જેવું. આજે મેં નિહાળ્યું, ત્યારની પેટમાં ફાળ પેઠી છે. તમે ત્વરાથી તપાસ કરાવો.

ચંદુલાલ–શેઠિયા લોકો વગર વિચારે બાળકોને માથે ચડાવે છે ને અઘટિત લાડ લડાવે છે, તે દુઃખી થાય છે, એ માસ્તરનું કહેવું પ્રથમ હું તેના સ્વાર્થ રૂપ સમજતો હતો; પણ હમણાં હમણાં તો અક્ષરેઅક્ષર સાચા પડયા. અરે એ મુરખનો સરદાર ક્યાં હશે ? (લબાડીદાસ આવે છે)

લબાડીદાસ–કેમ સાહેબ છેલભાઈ શું કરે છે ? આજે તો તારાચંદને પણ દીઠા નથી ?

ચંદુલાલ–અરે હમણાં અમો એજ મોહકાણ કરીએ છીએ ની! છેલ કે તારાનો ક્યાંઈ પત્તો લાગતો નથી. રાત્રી પડવા આવી. હવે ક્યાં તેની ભાળ કાઢિયે ?

લબાડીદાસ–ચંદુલાલજી મેહેરબાની કરી તમારા છોઈયા ભેગો તે આવે કે તરત મોકલાવજો હું જાઉં છું.

ચંદુલાલ— સારૂ આવજો. (લબાડીદાસ જાય છે)

ધ્રુવંતી– અરે, એ કઠોર દિલનો લબાડીદાસ લબાડજ છે. એને કાંઈ ચિંતા થતી નહિ હોય! મારો જીવતો ચપટીમાં છે અરે એ બેઉ જણ સાથે તો નહિ નાઠા હોય?

ચંદુલાલ–તેમ કરવાને તેને શું કારણ છે ? બાહાદર

ઓને તપાસ કરવા તેડાવીએ.

ધ્રુવંતી– તો તો ઘણું સારૂં; સંધ્યા સમય થઈ ગયો; અંધારૂં ઘોર થવા આવ્યું. ત્યારે હુંજ ત્યાં માણસ મોકલી મમતા દામ દેવાનું કહી રવાને કરૂં. આકાશ પાતાળ કે પૃથ્વીમાં જ્યાં હશે ત્યાંથી બહાદુર તો બાહાદુરીથી લાવી આપશે.

વીજળી–(મનમાં) અરે પરમ કૃપાળુ ઇશ્વર, ગરાબ અબળા ઉપર આશો ગજબ? આ શો કેર? હજું એક દુ:ખ દૂર થયું નથી ત્યાં આ બીજું શું દાવાનળ વાદળ?! [મુર્છિત થઈ ધરણીપર ઢળી પડે છે) સખી સીતા, આ સર્વ સંતાપ ભર્યા સમાચાર સાંભળતાં મારાં દુ:ખે તારાં દુ:ખ–તાપનો પણ પાર રહેશે નહિ. (ગાયછે.)

રાગ બેલાવળ.

"સૈયર દુ:ખ શું દાખવું, ચિત્ત ભડકે બળે છે." એરાગ.

પ્રાણપતિ હવે શું કરૂં, કોનો આંહિયાં આધાર;
જોત જોતામાં જતા રહ્યા, તજી દીર્ઘ વિચાર. પ્રાણપતિ. ૧
ખાન કે પાન રૂચે નહિ, સૂનો સહુ સંસાર;
દુખિયાર અબળા હું એકલી, કરી વિકળ અપાર. પ્રા० ૨
રોગ માટે ઔષધ થકી, તૃષા વારીથી જાય;
લેખ ટળે ના લલાટના, કોટી કરતાં ઉપાય. પ્રાણપતિ. ૩
ધિ:ક તે જનની ને જનકને, જેને ધનનો સંબંધ;

રામગ્રી, પદ, ધનાશરી વગેરેમાં ગવાય છે.

ધનમાટે બાળાનો વધ કરે, એવા દૂષ્ટ તે અંધ. પ્રા૦ ૪
જોબન સુખ મેં જોયું નહિ, જોયો જરી ન વિનોદ;
ખેદ દુ:ખે હું ઉભી બળું, દૈવ આવો શો કોપ ? પ્રાણ૦
સૂજાડ કાંઇ સુબુદ્ધિ તું, સૃષ્ટિના સરજનાર;
હું તો હવે તુજ આશરે, અબળા દુખણી અપાર. પ્રાણ૦૬
(આક્રંદ અને વિલાપ કરતી વીજળી અંતે શયનગૃહમાં જઈ ઉંઘી જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

(સ્થળ શયન ગૃહ)

વીજળી, સીતાગવરી.

વીજળી—(જાગીને) અહો દૈવ હવે હું શું કરૂં? મારી પ્રિય મૈત્રિણી સીતા, જો આવી વેળા પાસે હોય તો મને કેવી શાન્તી આપે? મનો મન સાક્ષી છે તે પ્રમાણે તે શું મને નહિં સંભારતી હોય? ખચીત જો મારો પત્ર તેને પહોંચ્યો હશે તો આજ તેને અહીં પહોંચવાની વકી છે. મારા લવલેશ પણ દુ:ખના સમાચારથી તેનું ચિત્ત ચચરી જાય તો શું આવી વેળા મારી મદદે આવવાથી તે પછાત પડે?, કદી નહિ. અરે ધબકારો શાનો થાયછે? જોઉં સીતા તો.નહિ. સીતા—સીતા!

સીતા—(દોડી કરીને)અહો પ્રિય સખી, તું આવી દુર્બળ કેમ બની ગઈ? તારા દુ:ખ ભર્યા સમાચારથી પલવારમાં

પાંખ હોય તો હું ઉડી આવું? પણ આપણ અબળા જાતિ સઘળી અનુકુળતા મળ્યા વગર કેમ ઘર છોડાય? ને તેમ કરતાં સર્વની આજ્ઞા માગવી જોઇએ? હવે એ પીંજણ પછી કરીશું, પણ કહે તારા પતિ તો કુશળ છે?

વીજળી—અરે હમણાં એજ પરમ દુઃખ પ્રાપ્ત થયું છે. કોણ જાણે ક્યા કારણથી તેઓ તો બહાર નીકળી ગયા છે, જેની શોધ માટે માણસ ગયેલું છે પણ હજુ તો ઠામ ઠેકાણું જણાયું નથી. માતા પિતા સુખ શાન્તામાં છે?

સીતા—તું ધીરજવંતને ઇશ્વર બહુ વસે છે. તું તારી ટેક ચુકીશ નહિ તો પરિણામે ફતેહ મેળવીશ એવો મને પૂર્ણ ભરોંસો છે. તારી કમકથા સાંભળતાં મને પણ ત્રાસ છુટે છે. તારો પત્ર સાંભળી માત પિતાનું ચિત્ત બહુ ચિંતાતુર થયું હતું. તેઓ તો સુખે સુતા પણ નથી ને ખાનપાન પણ અતિ આગ્રહે કરેછે. જગત્‌માં માત પિતા કઠોર દીલનાં માત પિતા પણ પોતાનાં સંતાનના દુઃખદ સમાચાર સાંભળી કેમ જંપે? તેમને પોતાની ભુલોનું ભાન થયુંછે, પણ હવે શા કામનું?

વીજળી—તારૂં કથન સત્ય છે. મને માતા પીતા તરફનું નહી, પરંતુ પતી તરફનું બહુ લાગે છે. તે બાળપતિ ક્યાં ગયા હશે? અરે હું તો તેની શોધમાં જાઉં! સાસુસસરો આ બાબતમાં હું ધારૂં છું કે આડા નહી આવે. 'જ્યાં વૃક્ષ ત્યાંજ છાયા' હું અહી એકલી રહી પાયમાલ થઇશ તે કરતાં વનમાં રખડી રઝળી જીવન અર્થે જીવ આપીશ તો શું

ખોટું છે ?

સીતા૦—તારે અવિચાર્યું પગલું ભરવું ઘટારત નથી. આંધળી ભોડ કરવાથી તુંને દુ:ખ ઉપજશે. તું વીરબાળા છું તેથી વિવીધ વેસ ધારણ કરી કોઇ પણ યુકિતથી એ શઠ મંડળને શોધી કહાડીશ ને ઈશ્વર તેમાં તને સહાયે થશે, પણ એવી સલાહ આપવાને મારૂં મન કહયું કરતું નથી, તથાપિ તારી ઈચ્છા છે તો હું તે ભંગ કરવા ઉચિત સમજતી નથી. તને શ્રીરંગ વિજય આપો.

(આગ્રહથી આજ્ઞા મેળવી વીજળી પતિની શોધમાં સંચરે છે ને સીતાગૌરી જાય છે)

અંક ચોથો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ—ઘાડું જંગલ.)

તારાચંદ ને છેલભાઇ.

તારાચંદ—(છેલ પ્રત્યે) અહો! આ ભયંકર અરણ્યમાં મારી છાતી કહયું કરતી નથી, અને (એકતરફ આંગળી કરીને) આ જનાવર કેવી બિહામણી ચીસો પાડે છે. અરેરે! એ શું હશે? એને જોઇને પગ ધ્રુજે છે. અરે આ વગડામાં કોઈ માણસનો અવાજ પણ કાને પડતો નથી. હાય! હાયા ઓ મારા બાપરે! હવે શું કરીશું?

છેલ૦—ભાઈ તારાચંદ, હવે ગભરાવા અકલાવાનું કાંઈ કામ નથી. ધીરે ધીરે આગળ ચાલિયે. કેમકે મને થાક બહુ લાગેલો છે. ઝાડ આવશે કે તેની ઠંડી છાયામાં બેસી બે ઘડી વિશ્રાંતી લઈશું.

તારા૦—અરે મારા દીલદાર દોસ્ત, તારા જેવા ખરા મિત્રનો ઉપકાર શી રીતે હું વાળી શકીશ? પણ ભાઈ મને બહુ બીક લાગે છે. રખેને વાઘ, વરૂ અંહી આવી આપણને ખાઈ જશે તો.—(ગાયછે.)

(ચોપાઇ-લિતાલી.)

મીત્ર છેલ અરે પ્રાણ પ્યારા, કેવા કુવા આવ્યા અંધારા;
કહેની કુંની ગમ હવે જાવું, ખાલી આમ પડે અથડાવું. ૧
પગે શળ કાંટા મસ ભાગ્યાં, વસ્ત્ર ફાટી તૂટી થયાં ધાગા;
પેટે ભૂખ તરસ બહુ લાગી, જાગી જીવડો જાય અભાગી. ૨
માત તાત દુઃખે દીન ગાજે, ક્રેમ આપણે આવે ન ખ્યાલે;
થયા ક્રુર કેહણ બહુ ભાઇ, હવે હૃદય જાએ ઉભરાઇ.— ૩
ચોર વાઘ વરૂનો છે ત્રાસ, હજી બેઠા નથી કરી હાસ;
શ્વાસોશ્વાસ દમન મો થાય, રખે જીવ આ નીકળી જાય— ૪

છેલ૦—અરે મારા ડાહ્યા અને સમજુ તારાચંદ આમ તું અકળામણ શું કરે છે? દુઃખ તો મોટા માથે પડે છે સાંભળઃ—

દોહરો.

" બડે બડેસે દુઃખ હૈ, છોટેસે દુઃખ દૂર;
" તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ્ર ઓર સુર— ૧.

(રાગ બંઝારાનો.)

"હરિ કલંક મારૂં ઉતારો, મુજ પ્રાણપતિને ઉગારો" એ રાહ.

પ્રિય વનમાં આવ્યા ત્યારે, હિંમત શું હોંશી હારે?
કદિ મર્દ મૂકે નહિ મામ. બહાદુર નરનું એ કામ;
દુખ ગણના કંઈ અત્યારે, હિંમત હોંશી શું હારે? પ્રિય. ૧
સુખ સૂરજ ઝટ દેખાશે, દુખ વાદળી તવ ઢંકાશે;
બેશીશું સહુ કરારે, હિંમત હોંશી શું હારે? પ્રિય. ૨
છે કસરત આ હિતકારી, જન રાજવંશીને પ્યારી;
તક સોના સમ ગણી ભારે, હિંમત હોંશી શું હારે? પ્રિય. ૩
લુચ્ચી જે તારી નારી, વશ થાશે તેથી નૈહારી;
રીબિ રીબિ મરશે દુખ મારે, હિંમત હોંશી શૂં હારે? પ્રિય. ૪
દુખ તેનું તું ના કરતો, જીવ હારી કાં ના ફરતો?
શું ગીત ઈશકનાં ગારે, હિમત હોંશી શૂં હારે? પ્રીય. ૫
બહુ ક્રોધ મને વ્યાપે છે, તું ફોસી દુઃખ આપેછે;
લવરી કરતો જા ભારે, હિંમત હોશી શૂં હારે? પ્રીય. ૬

છેલ૦—(તારાચંદને શામ દામ ભેદથી સમજાવીને મનમાં) ભાઇને ઘર સાંભર્યું, માટે હવે આપણે કાંઈ પ્રપંચ લડાવવો જોઇયે.

તારાચંદ—ભાઈ, તારા વિચારોથી મને નવી હીંમત મળે છે, પણ થાકથી મારૂં ચકચુર થયેલું શરીર કોઈ રીતે આગળ વધે તેમ નથી, માટે પણે ઝાડની છાયામાં જરા વિરામ

લઇયે તો કેવું સારૂં!

છેલ૦—હા હું એજ સુખવાસી વૃક્ષની ઓથને માટે મથતો હતો. ચાલ જરા પગ ઉપાડ. (ઝાડની નીચે બંને જણ સૌ જાય છે.)

છેલ૦—(મનમાં) લાગતો દીક ફાવ્યો. એ મૂર્ખાને હવે કાંઈ ભાન નથી. આપણે એના કાનનું કુંડળ લઈ પોબારજ આપી જઈયે." કુંડળ ઉતારી લઇ નાશી જાય છે)

પ્રવેશ ૨ જો.

ચંદુલાલ, ધૃવંતી તથા કાસદ.

(સ્થળ—ચંદુલાલના ઘરની પરશાળ.)

ચંદુલાલ—(સ્ત્રી પ્રત્યે). અરે ઓહો! પ્રિયા, તારા—મારા નેત્ર મણી તારાની ખબર મળી નહિ! અરે એ કયાં ગયો હશે? એની વિયોગ વ્યથામાં બાપડી નવયૌવન વિજળીવહુ કેવી ઝાંખી ઝાખી પડી ગઈ? મને તો મુદલે ચેન પડતું નથી ને કાંઈ ભાવતુંએ નથી. અરે દૈવ, આ શા ગજબ? ગરીબપર આ શો શીતમ? અરે મારી આંખની કીકી, મારી આંધળાની આંખ કયાં જતી રહી? અરે એના વિના હું મારા સુખ વૈભવને શું કરૂં? પરમેશ્વર તારા વિના હું કોની આગળ મારૂં આ દુઃખ રડું?!

ધૃવંતી—નાથ, જગતમાં માતાનો સ્વભાવ ને માતાની વ્રત્તિ સંતાનની મમતા માટે જે ઉશ્કેરણી અને અધીરતા

ધરાવેછે તેની કાંઈ હદ હોતી નથી; તેમ છતાં ધીરજ ધર.
વી એ. આ વેળાનું આપણું કર્તવ્ય કર્મછે. તમે પુરૂષછો ને
હું અબળાછું, મને તારા વગર જરાએ ચેન પડતું નથી.
પણ મારી ઉદાસી તમોને દાખવ્યાથી ઓર તમો વધારે અ-
પશોચ કરો માટે તે સઘળું દબાવી પથ્થરની થઈ રહી હ-
તી, પણ હવેતો નથી રહેવાતું! અરે એ ક્યાં હશે? એ ખા-
નપાનનું કેમ કરતો હશે. એની સ્ત્રીના મુખ સામું તો મારા
થી જોઈ પણ શકાતું નથી. (રડેછે) અરે મારા રત્નસમાન
પુત્ર, હું તારા વગર શું જીવુંછું?

ચંદુ૦—અરે ખેપીઓ પણ કાંઇ ખબર કહાડીને હજુ
સુધી આવ્યો નહિ. (કાસદ આવેછે.)

કાસદ—શેઠ સાબ, હમ સબ ચોતરફ ધુમ ઘુમકે ઈધ-
ર આયા. ઉતર, દખન, પુરબ, પછમ—અલ્લી દલ્લી સબ દે-
ખા. ઓ તુમારે ફરજંદકે કીદરભી પત્તા નહિ, ફીર ફીરકે
હમારી જાન બેજાન હો ગઇ. રામરામ અબ હમ જાતા હે.
અબ હમરેકું બોલનેકા કુછ ચારા નહિ.

(જાયછે.)

ચંદુલાલ તથા પ્રૂવંતી—(જોશથી રડતાં અને કંપતાં)
અરે ભાઇ, હવે અમે શું કરીએ? હવે અમે ક્યાં જઈએ?
ઓય ઓયરે—તું તારા માબાપને આમ ભર દરીએ મૂકી દુ-
શ્મન થઈ ક્યાં જતો રહયો?!! હાય હાયરે આમારી છાતી
ફાટી જાયછે!!! ઓ દીકરા, આમ છેક દયાહીન થઈ ક્યાં

ગયો? શું તારું કોઇ હરણ કરી ગયું કે તું અમથાં અમને પજવેછે?!! અરે અમારાં કર્મ ફુટયાં. વૃદ્ધાવસ્થામાં એકનો એક પુત્ર કયાં ગયોરે!!!!

(રડે કુટેછે.)

બહારનાં લોકો—અરે શેઠ શેઠાણી, આમ અધીરાં અને આકુળ વ્યાકુળ શું થઈ જાઓ છો? કયાંઇ ફરવા નીકળી ગયો હશે, તે તેનો પત્તો મળશે. જરા ધીરજ રાખો ને બહુ ચોકસીથી એની ભાળ કહડાવો.

(ચંદુલાલ તથા તેની સ્ત્રી જરા શાંત પડયા વકી.)

ચંદુલાલ૦—(ગાયછે.)

ગઝલ.

"મરતા હું તેરે ઈશ્કમેં દલદાર ખબર લે" એ રાહ.

પ્યારા મારા પુત્રરે તું કયાં જઈ રહયો,
હોજી કયાં જઈ રહયો,—રે પ્યારા મારા પુત્રરે તું. (ટેક)
જોઈ જોઈ વાટ તારી, જીવ આ રહયો,
જાણજે જો ના મળ્યો તો, તેડ છે ગયો. પ્યારા મારા.
માતા તારી તાફડે છે, ગજબ શો થયો,
તારા દુખનો તાપ તારા, જાય ના સહયો! પ્યારા મારા.

ધૃવંતી—અરે પરમેશ્વર, ગરીબના નિવાજ, નોંધારા આધાર, મને પુત્ર વિયોગે શા સારૂં જીવાડી? અમને જો આવું દુઃખ દેવાનું હતું, તો પ્રથમથી એનું સુખ શા સારૂ આપ્યું? અરે અમારો કાળ કેમ ન થયો?!!

પ્રવેશ ૩ જો.

મેઘજીભાઇ, વાયુવંતી, વીજળી, સીતાગવરી.

(સ્થળ મેઘજીભાઈનું ઘર.)

મેઘજીભાઈ– (સ્ત્રી પ્રત્યે) અરે હજી વીજળીની તો કાંઈ ખરખબર મળતી નથી. સીતાગવરીને તેના સબંધીના લોકીકે તે તરફ જવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં જે સંધી મળેલી તેથી કાંઈ કુશળ વર્તમાનની આશા રાખી હતી પણ તેમાં હવે નિષ્ફળતા જણાય છે. દુખીયા માણસ સૂખની પ્રાપ્તીને માટે ગમે તેટલા યત્ન કરે પણ ઇશ્વરદત્ત સુખ વિના સુખ થતું નથી. મને બહુ ગભરાટ છુટે છે. ને રાત દિવસ ભયંકર તાપ થાય છે.

વાયુવંતી– પતિ, મારા દુઃખની વિતક વારતા તમો સાંભળો તો ઉભાએ નં રહી શકો. વીજળીને જે વિપતીમાં આપણે હાથે કરીને હોમી દીધી ને આપણે ગરથને માટે કાંઈ ડહાપણ ન વાપર્યું, તે અનરથનાં ફળ આપણે ભોકતા થઇએ છીએ, હવે કર્મને ઇશ્વરને દશાને કોને દોષ દઈએ ?

(અચાનક સીતાગવરી તથા વીજળી આવે છે)

વીજળી– (માને વળગી પડીને) અરે માત; તું મારા દુઃખે બહુ દુઃખી થયેલી દેખાયે છે; પિતાજીનું શરીર પણ વૃદ્ધ ખોખા સરખુ થઇ ગયું છે; પણ તેમાં તમારો અપરાધ શો ? હું કેવી પ્રાપરૂપ પીડા તમારે પેટે પ્રાપ્ત થઇ કે

નાનપણે તો નહિ, પણ ઉમરમાં આવ્યા પછી પણ તમને દુઃખનું કારણ થઈ પડી. હું મારી કર્મ કથા શું કહું? (રડેછે)

(વાયુવંતી હાથ પકડી છાની રાખે છે.)

મેઘજીભાઇ–તારે સમજુ થઇને આમ રડવું એ ઘટારત છે? તારે તો સર્વ વૃતાંતથી અમને જાહેર કરી ધીરજ દેવી જોઈએ. તારે માટે તો અચાનક પ્રસંગ સાધી સુશીલ સીતાગૌરીને તારી વ્હારે મોકલી. કેમ સીતાગૌરી, તારી સખીનાં દુઃખો સહન કરી તું કેમ જડ જેવી થયલી જણાઉ છું કહે, તે શરમાતી હશે.

સીતાગવરી–કાકા; તેના દુઃખનો પાર નથી. પતિ આજ પાંચ પાંચ દિવસથી કોઈ મૂર્ખ મિતરોના પ્રસંગે જતો રહયો છે. જેની કશી ખબર નથી. એના મા બાપ અનહદ ખેદ કરે છે ને આખા ગામમાં એજ હો હા અને હાહાકાર થઈ રહયો છે! સાસુ સસરા સંબંધી વિશેષ જણાવવા જોગ કાંઈ નથી. તમે ઘર તો સારૂં જોયું. પણ અબળાને જેનાથી મુખ્ય પનારો ને જેનાં સુખદુઃખમાં જીંદગી, તે તરફ લક્ષ દેતામાં ઘણું આળસ કર્યું અવિવેક માફ કરજો.

વાયુવંતી–તારાથી શું અજાણ્યું છે. અમારૂં કરયું અમારેજ ભોગવવાની વેળા કપાળે ચોંટી છે. છઠીના લેખ મટતા નથી.

મેઘજીભાઇ—જમાઈ મળતા સુધી વીજળી ભલે આપણે ઘેર રહી; આપણે પણ તેના શોધની પેરવી કરીએ.

અમસ્થા રડી મરવાથી હાડ માર થઇએ છીએ ને તેમાં કાંઇ પરિણામ નથી.

વીજળી—માત પિતા મેં તેની શોધ અર્થે જવાનો નિશ્ચય કર્યો છે. માત્ર દારૂણ વનમાં ભમવા તમારીજ આજ્ઞા લેવા આવી છું. મેં જે કાંઇ તમારા પવિત્ર પ્રેમમાં કેળવણી મેળવી છે, તેનું તાત્પર્ય હું એટલુંજ સમજું છું કે, ગમે તેવી અવસ્થામાં ગમે તેવા પ્રાપ્ત થયેલા પતિની એક નિષ્ટાથી પ્રીતી સહિત ભકિત કરવી ને તેનીજ સાથે રહેવું.

વાયુવંતી તથા મેઘજીભાઇ—દીકરી, એવા નિશ્ચય લેવાય નહિ. તું હજુ ઉગતું તરૂ છું. વનમાં રૂખડી રઝળી મરી જઈશ. તારા પતિ એની મેળે કોઈ પણ જગોએ છે એવો સંદેશો મળશે કે અમે તરત મોકલી દઈશું.

સીતાગવરી—એણે સાસુસસરાની રજા મેળવી છે. મેં તેને ઘણું સમજાવ્યું પણ તે તો બહુ આગ્રહથી વળગી રહી છે.

વીજળી—મારી અવસ્થામાં આજેજ મેં તમારી સાથે હઠ બાંધી છે. એ હઠને હું વિપરીત કૃત્ય સમજતી નથી. મેં અહીં રહી આંગળી ચીંધ થવાના કરતાં રખડી રઝળી પતિ મેળાપ કરવો ઉચિત ભાસે છે. તમારી ને સાસુ સસરાની પુણ્યાઇ તથા પ્રભાવથી મને તે ખચીત મળશે એવી હું ઉમેદ રાખું છું.

વાયુવંતી—પણ મારી નજરેથી તને દુર કરવા હું ઇચ્છતી નથી. તું જાણ કે આ અમારી તને છેલ્લી ઘડી, છેલ્લી

મુલાકાત, છેલ્લા રામરામ

મેઘજીભાઇ—પુત્રી, તારો પતિવ્રત ધર્મ વખાણવા જોગ છે. મેં કેટલીક કથાઓ સાંભળી તેનો સાર પણ એજ છે. તમારા સદગુણે અમે પ્રસન્ન છીયે, પણ તને દુખિયારીને અરણ્યમાં એકલી મૂકતાં મન કહ્યું કરતું નથી.

વીજળી—માતા પિતા, મેં લીધેલો નિશ્ચય કદી ફેરવનાર નથી. હું પ્રાણ પતિવિના પ્રાણત્યાગ કરી પરલોક વાસી થઇશ.

વાયુવંતી—તારી એવી ઇચ્છા છે તો સુખેથી ફતેહ કર. પણ તારા આધાર માટે મારો વિશ્વાસુ માણસ વિશ્રામ સાથે લઈ જા.

વીજળી—માતા પિતા, તમારી પરમ કૃપાને માટે હું અનહદ આભારી થઈ છું. હું મારા પૂર્વનાં સંચિત કે પ્રાલબ્ધ બળે જે સુખ દુઃખ પામી તેમાં છેવટે તમે મને બહુ સહાય કરી છે. સખી, સીતા સુશીલ સીતા, મને ભેટી લે, હું હવે પ્રવાસે જાઉં છું. માત પિતા તમે કૃપા રાખજો. હું પ્રણામ કરૂં છું.

સીતાગવરી—તારી મમતાએ મને વશ કરી છે. તારો પ્રેમ એક પળ પણ મારાથી ભૂલાય તેમ નથી. સ્નેહમાં સદૈવ વૃદ્ધિ કરી, તારા પ્રાણનાથની ભક્તિથી સદા સુખી થજે. ને તમો એકત્ર થયાની શુભ ખબર વહેલી વહેલી પાઠવજે.

વાયુવંતી તથા મેઘજીભાઇ—બાપડી, તારા સ્વામી-

ની શોધમાં સુખેથી સીધાવા કાંઇ ક્લેશ કરીશમાં. અમારાં કર્મનો અમને બહુ પરિતાપ થાય છે. તારા જેવું સુકન્યા રત્ન અમને મળ્યું નહોત તો અમારે કપાળે ગળીનો ડાઘો બેસત ને જીવવું તે મરવાથી ખરાબ થાત. તમો ભેગાં થયાની ખબર કહાવજો. વિશ્રામને કાંઈ કહેવું પડે તેમ નથી. મારા અંતરના વિશ્રામ, બાપુડી તું (રડતાં રડતાં સ્ત્રી પુરૂષ) તું ક્યારે મળીશ? જા કહેતાં જીભ ઉપડતી નથી.

વીજળી—(સર્વને નમન કરીને જાયછે)

પ્રવેશ ૪ થો.

તારાચંદ અને દેવસુંદરી.

(સ્થળ—વડની છાયા.)

તારાચંદ—(ઝબકીને જાગતાં) ઓહો, ઉંઘ તો મીઠી સાકર જેવી આવી ગઈ. આંખમાં ને પેટમાં ખાડા પડી ગયા છે. હાથ પગમાં તો કાંઈ રામજ મળે નહી. અરે બાઇ, છેલ તું ક્યાં? છેલ, ઓ છેલ—અરે! શું એ મને તજીને નાઠો. (કાનપર હાથ ફેરવેછે) અરે કુંડળ તો મળે નહિ! શું હરામ ખોરો મારૂં કુંડળ કહાડીને એનું હરણ કરી ગયા! પણ અરે એ પુરૂષનું હરણ કોણ કરે? નંકી એતો એનુંજ કપટ. છેલ તે છેલજ, એમાં કેલ કીતુર થોડાં કહેવાતાં નહોતાં. ભાઈની વીખ્યાતી જગતમાં વીસ્તરેલીજ હતી, પણ મારા સ્નેહના

મેજે—અરે અંધારા પડવે તે દેખાતી નહોતી. અરે એવા કપટી મિત્રના કહેવા ઉપર ઇતબાર રાખીયે તો ઠગાઇએજ.

(ગાય છે.)

લાવણી.

" ગુલ ચૂમનમેં બીછુ છુપા બડા ઝેરી હે." એ રાહ.

રે હાય! હવે શું કરૂં, જઉં કો પાસે?
સપડાવી નાઠો મીત્ર, ફસાવી આશે.
કાઢીને કુંડળ કાન, કર્યો હેરાન મને નાદાને,
ગઈ બુદ્ધિ મારી બ્હેર, રહયો નહીં શાને. રે હાય.
આ અઘોર જંગલ વિસે, હવે શું કરવું;
કોની આગળ દુખ કહું, અરે રે મરવું. રે હાય.
ધિઃકકાર ધુતારા મિત્ર, છેલ છલ કપટી;
તેં બગડી મારી જાત, વાત દઇ ઇપટી. રે હાય.
જા કરૂં તું તારૂં કાળું, સ્વારથી લુચ્ચા;
વ્યાપે છે મુજને કરોધ, કરૂં હું કૂચ્ચા. રે હાય.
નથી પ્રાણતણી દરકાર, અરે કંઇ મારે;
પ્રિય માત તાતની ફિકર, ચિત્ત ઉછાળે. રે હાય.
રે ઓર્થ નાથ તાહરી, નથી બીજાની;
કંઇ મારગ ઝટ સૂઝાડ, વેળ મરવાની. રે હાય..

(અંતરિક્ષથી દેવસુંદરી પ્રવેશ કરે છે.)

તારા.—(જરા હીંમતથી) અહો દેવી, શું ઇશ્વરે તમને મારી વ્હારે મોકલ્યાં?

દેવસુંદરી—જગત્કર્તા સર્વનો સ્રજનાર છે, તેના ગુણગાન ને ધ્યાનની ધુનમાં અમે ગમે ત્યાં ફરિયે છીયે પણ તું કોણ, અહીં કયાંથી આવ્યો.

તારા.—મારો ઇતિહાસ, માજી બહુ મોટો છે, તોપણ તમને સર્વ વાત કહુંછું (લગ્નથી થયલી પીડા તથા માબાપોનો આક્રંદ અને મિત્રના દગાની સર્વે વાત કહેછે.)

દેવસુંદરી—તું હવે ફિકર ન કર. તું ભુખ દુઃખથી પીડા પામે છે તો ચાલ. મારો આશ્રમ નજીક છે. ત્યાંથી તને ફલાહાર આપું. (તેડી જાયછે.)

તારા૦—જગત જનુની, મારૂં જીવીત તમેજ જાળવ્યું છે. આ અરણ્યમાં મારી જીવનદોરી તમેજ થઇ, પણ્યાં તમારી મદદ વગર મારો કોઇજ આધાર નહોતો.

દેવસુંદરી—એક સુલક્ષણી સ્રીને મેં જોઈ હતી, તે વન અંહીથી દુરછે. પણ તું કહેછે તે આકૃતિપરથી તે તારી જ પતિ હોવી જોઈયે. હું તને તે વનમાં લઈ જાઉં. પછી તું તારા માતાપિતાને ભેટીશ; કેમકે એ વન મળ્યા પછી નગર દૂર રહેતું નથી.

પ્રવેશ ૫ મો.

વીજળી, વિઘ્નસિંહ તથા તોરીખાન.

(સ્થળ—વન.)

વીજળી—(મનમાં) અરરર !! રખડતાં રઝળતાં પ્રાણ

પતિનો તો કાંઈ પત્તો લાગતો નથી. હવે હું શું કરૂં ! ક્યાં જઉં? અરે જગદીશ્વર હવે મને માત્ર તારૂં શરણુંછે. વિશ્રામનો વિશ્રામ પણ જતો રહ્યો ! આવા નિર્જન વનમાં ભાકુતી માણસ શું ટકી શકે? તે ગઈ સાંઝથી કૌણ જાણે ગુમ થઈ ગયો કે જેની સાથે ભેગાં થવાની આશા દુર્લભ છે. હરિ હરિ ! અરે એને કદાપિ કાંઈ અકસ્માત થશે કે ભૂલો ભટકો આ નિર્જન વનમાં તે દુઃખી થશે ! જગતત્રાતા એની સંભાળ તુંનેછે. પતિ પતિ પતિ ! અરે રે રે મારૂં હૃદય શોકાગ્નિથી હવે તો છેક દગ્ધ થઇ ગયુંછે. (વિલાપ કરી ગાયછે.)

લલિતછંદ

અરર કંથરે શું હવે કરૂં,
તમ વિયોગથી હું રડી મરૂં;
વિકટ આ વને થાય છે વ્યથા,
વરણિ જાય ના કર્મની કથા.— ૧
અરર નાથજી ક્યાંહરે ગયા,
તજિ દઇ દયા ક્યાં જઈ રહયા;
જગત તાત હે કંઇ દયા કરો,
પતિ સમાગમે પીડ આ હરો.— ૨
નથી નથી મને સુઝ માહરી,
વિકળ હું બની છેક બ્હાવરી;
સુખદ શાંતિનો ચીત્ત થાયરે,
પતી સમાગમે પીડ જાયરે.— ૩

(કલ્પાંત કરતી) અરે પાપી પ્રાણ આવી અતી દુરદશા થવા લાગી તો પણ આ તનમાં તું શા સારૂ થોભી રહયો છે! (ઉંચા હાથ કરીને) ઓ ઇશ્વર ! મને શું કરવું તેની આ વેળા કાંઇ સુઝ પડતી નથી. (ગભરાટમાં) અરે અમારા સા સું રાક્ષસી કલ્લું ભયંકર પ્રાણી કોણ ચાલ્યું આવે છે? અરે આતો દુઃખમાં દુઃખ ઉમેરાવા લાગ્યાં! અરે! એનું વિકાળ વદન જોતાંજ મારા હાથપગ પાણી પાણી થઈ જાય છે. ન કરે ઇશ્વરને કદાચ એ મને અંહીથી ઘસેડી જાય તો મારી શી દૂરદશા? અરે હવે હું કયાં રહી શકું.

(લપાઇ જાય છે)

વિઘ્નસીંહ—મીંયાં તોરીખાન, ઓ પીપરડી નીચે કોન ઓરત ખડી હે ? દેખોતો સહી કેસી છુપાતી હે ? જલદી ઉસકુ ઇધર લાવ.

તોરીખાન—અચ્છા સાહેબ, જાતા હું. (વીજળી પાસે જઇને) અએ તું કોન હે? ભુત હે, પીશાચ હે, ડેનહે, ડાકણ હે, સાકણ હે, કોન હે? જલ્દી બોલદે—તેરા નામ કયા?

વીજળી—(કંપતી કંપતી) અરે ભાઇ, હું તો એક નિરાધાર-અનાથ અબળા છું. મારૂં તમોને શું કામ છે.

તોરીખાન—જદ તો તુંને હમારા રાજા સાહેબ બોલાતા હે ચલ. મેરી સાથ. તું અનાથ હે તો નાથ સરીખા રાજાજી હે. તેરા સબ દુઃખ દરદ ઓ ખુદાવીંદ દફે કરદેગા.

વીજળી—હું આવવાને બીલકુલ અશકત છું. મારૂં

ત્યાં શું કામ?

તોરીખાન—અરે આતી હે કે કુંદા ખાનેકા મનસુબા હે? (હાથ પકડી ઘસડી જાય છે)

વિઘ્નસિંહ—(બંને જણ પાસે આવ્યાં એટલે) મીયાં, નાર તો નાજુક હે, નાકપેં મોતી બી હે? ઘસડું અપને મુકામપર લે જા. મેં અબ શીકાર મારકે આયા તેરીજ પીછાડી—

તોરીખાન—જનાબ, અપને ફરમાયા સો સચ હો લેકીન મેરા દીલ ધબકતા હે કે, એ કુછ ઓરત જાત નહિ પણ બનકી માતા ઓર દેવી હોયગી. ઈસકા બદન ઓરત સરખા નહિ દિસતા! કભી રસ્તેમેં મેરેપર એ દેવી સીતમ ગુજારે તો જહાંપનાહ કોનકી સખાવત?

વિઘ્નસિંહ—અજી કયા બાત હે? કુછ ઐસા હોવેબી સહી? કહેતા તો દીવાના પણ સુનતા બી દીવાના! ખુદા અકલસેં તો પીછાનીયે! તુંમ બડા ડરકણ હે. કયુ મેરી સાથ તેરેકું લડાઇ ઓર બાંધ મારનેકું લે જાઉં તો મેરા કયા હાલ હોવે?

તોરીખાન—(લાચારીથી) અચ્છા સાબ; મેરી સમજ ફેર હો ગઇ? અબેચલ ઓરત—

(બંને સંગાથે જાય છે)

વીજળી—(માર્ગમાં) તોરીખાંભાઇ, હું લાચાર મુસ્કીનકું મને શા સારૂ નાહક લઇ જાય છે?

તોરીખાન—લાંબી ટુંકી બાત મતકર. હુકમકુ માનદે.

(પડાવમાં ગયાં)

પ્રવેશ ૬ ઠો.

ચંદુલાલ ધૃવંતી, છેલભાઈ.

(સ્થળ—ચંદુલાલનું ઘર)

ચંદુલાલ—પ્રિયા, તારા કલ્પાંતથી મને પણ પરિતાપ થાયછે. તું હવે સબુરી રાખ. ઓછામાં પુરૂં તારાચંદની વહુ પણ તેની શોધમાં ગઈ છે! અહો તે બાપડી વનવાસનો ત્રાસ કેમ ખમી શકશે?

ધૃવંતી—તમે ધીરજ ધરવાનું કહો છો, પણ ધીરજ તો રજ માત્ર રહેતી નથી. પ્રિય તારા વિના તો અંધારૂં ઘોરજ દીસે છે. અરે ઈશ્વરે, આવા દુઃખના દહાડા દેખડાવ્યા કરતાં મરણ આપ્યું હોત તો કેવું રૂડું થાત—દેખવુંએ નહિ ને દાઝવુંએ નહીં. હશે, પણ જેવાં પ્રાલબ્ધ!!

ચંદુલાલ—(ગાય છે)

ઠુમરી.

" બિંદ્રાબન મોરો સામરિયા "

એ રાહ.

દિલ શોક કરે, દુઃખ નાજ ટળે,
વિધિયે નિરમ્યું ન ફરેજ કંઈ;— દિલ શોક કરે૦
દુખ શું ધરવું, દુખમાંજ ડુબી,
સુખ ...હું જરાય જણાય નહિ;— દિલ શોક કરે૦
પ્રિય પુત્ર ગયો, વનિતાય ગઈ,

થઈ હાય અભાગિણિ જાત અંહી;— દિલ શોક કરે૦

(છેલ અચાનક આવી ચડે છે તે જોઇને)

ચંદુ૦—(વિસ્મય થઇને) અરે ભાઇ તારાચંદની કાંઇ ખબર અંતર ? તું એની સાથે ગયો હતોની ?

છેલ—નારે સાહેબ, હું કયાં ને, તે કયાં ? અમો સાથે ગયાજ નથી, હું તો પલાયનપુર ગયો હતો. મારો બાપ મને ના પાડતા હતા, પણ મારે જવાનું બહુ મન તેથીજ હું સટકી ગયો હતો. રૂના કારખાનામાં મને ચાકરી હતી, પણ મારા બાપાની માંદગી સાંભળી એકાએક અંહીં આવવું પડયું. બાપા મને ઠપકો આપે છે કે તારાચંદ પણ નાસી ગયો છે ને તું પણ જતો રહયો તેથી તારૂં ખોટું નામ વગોવાય છે, માટે ચંદુકાકાને મળી ખુલાસો કરી આવ. આ ઉપરથી હું અ તરે જણાવવો આવ્યો છું કે, મને તેના વિષેની કિંચીત પણ ખબર નથી.

ચંદુ૦—ખચીત મને તારા તરફથી ભરોંસો હતો કે, તું વખતે એને સાથે લઈ ગયો હાઈશ પણ આ વાતથી તો. મને અજાયબી લાગે છે. અરે દૈવ! શિવ—શિવ—શિવ!!!

છેલ૦—મને પણ મારા પ્રિય મિત્રનું બહુ લાગે છે. અરે કયાં હશે? કાકા તમો કહો તો હું એની ખોળ કરવા જાઉ? હવે મારા પિતાને પણ આઠ આના નિરાંત છે.

ચંદુ૦—ભાઈ, અમે શોધ ખોળ કરવામાં કસર નથી રાખી; એની તરૂણ સ્ત્રી વીજળી પણ એજ મે બળી જળી

તપાસમાં નીકળી પડી છે, પણ મારા કર્મની વિચિત્રતા છે કે, તેનોએ કાંઈ પત્તો નથી.

છેલ૦—(મનમાં) જો વીજળી ગઈ છે તો ઠીક છે. આ પણે હાથ આ દલ્લો સપડાઈ જશે. એક પંથને દો કાજ થશે શેઠ જાણશે કે, તારાચંદની શોધ માટે તેને બહુ કાળજી છે. વળી તેને ભમાવનાર કે રખડાવનાર બદસલાહકાર હું નથી; એમ ખાત્રી થશે ને મને ખરો ખેરખાહ તથા વફાદાર માનશે,

કુવંતી—દીકરા તને વનવાસના દુઃખમાં શા સારૂં પડવું જોઈયે! તારા વૃદ્ધ પિતાને તેથી કલેશ થશે-

છેલ૦—અરે શું હું નાદાન છું મને મારા મિત્ર વગર ઘડીભર પણ ચેન નજ પડે. હું તો બા જવાનો.

(જાય છે)

પ્રવેશ ૭ મો.

વીજળી તથા વિઘ્નસીંહ.

સ્થળ—વિઘ્નસિંહનો મેહેલ.)

વીજળી—(આક્રંદ કરતી).

દોહરો.

(અથવા ઈંદ્ર સભા.)

અરે દૈવ આ શી ગતિ, પડી દુષ્ટને હાથ;
શિયળ શી રીતે પાળવું, હું છુ દીન અનાથ. ૧

ન્હાના નાવલિયા તણો, કરતાં અતિશય શોધ;
દુઃખ બહુ વેઠયું દિલમાં, બળે રૂધિરના ધોધ. ૨
અરે દૈવ હું શું કરૂં, માગું કોની સહાય;
માત પિતા શત્રૂ થયાં, આ ઉપજાવી લ્હાય. ૩
કઠણ સમય જે કાઢવો, ખાંડા કેરી ધાર;
કહું સહું હું શી રીતે, દુખિયારી લાચાર. ૪

(શૂનકાર થઈ બેઠી છે.)

વીક્રમસીંહ—ઓ મનહર મૂર્તિ, તું દલગીર શા માટે થાય છે. તું હવે ઠરાવ સહિત માનકે તારા દલગીરી દુર થઇ. હું તારી બધી મુરાદ પાર પાડીશ. તારી ઠંડીગાર બાનીથી મારા આ દેહને ઠંડો પાડ. મારે બધું રાજ્ય સુખ તે હવે તારે આધીન થશે. તું મને જલ્દી ઉત્તર આપ કે તને શો ગભરાટ છે?

વીજળી—તમારી વાણી ઉપરથી કોઈ રાજવંશી જણાઓ છો. હું અધમ કૃત્યથી વેગળી છું. તને સર્વદા ધિક્કાર નારી છું. અને તેથી મળતા સુખની લાલસાએ કદી અનર્થના પાસમાં ફસવાની નથી. રાજાધિરાજ, કૃપા કરી ફરી એવી અયોગ્ય વાર્ત નહી ઉચ્ચારશો.

વીક્રમસીંહ—અહીં સર્વ સત્તા મારી છે. તારે લાંબી ટુંકી વાત મૂકી દેવી. હું તારા અપમાન ભરેલાં શબ્દો કદી સાંખવાનો નથી. તુંને હું સાફ ફરમાવું છું કે, તારે મારી મરજીને આધીન થાવું. નહીંતર આ તલવારવડે તારો શિર છેદ—

વીજળી—પૃથ્વીપતિ તે પીતા સમાન કહેવાય. તમે મારા રક્ષક તે ધર્મના પીતા કહેવાઓ. હું તમારી પુત્રી થાઉ. હું શીરછેદ ખમવા માટે તૈયારછું, (મનમાં) લજ્જાભંગ, શીલભંગ કે વ્રતભંગ થવા કરતા મરવું બહેતર છે. અરે પ્રભુ એ પાપીને હાથે મારૂં મોત થાય તે ભલે, પણ શીયળ જળવાય તો તારો મોટો આભાર—

વીધ્નસીંહ—સ્વર્ગની પરી, સોનાની લતિકા હું તને દેખીનેજ કામાતુર થયોછું. તું મને બટકબોલાં બચનો કહીશ તેથી કાંઈ મારી ધારણામાં ખલલ પડનાર નથી. આતશ પાસે ઘી ઓગળે છે, તેમ હું થયોછું. જેમ જેમ તું મને તાબે થવાને વાર લગાડે છે, તેમ તેમ મારી લાગણી તિવ્ર થઈ ઉશ્કેરાય છે, માટે માન–માનુની જલદી માન–એકવાર તો માન. હું તને મસ્તક નમાવી હાથ જોડીને કહુંછું કે, મારાથી જુદાઇ રાખે સારૂં ફળ નથી. ટુંકામાં તું સમજી જા.

વીજળી—(ચો તરફ સીપાઈઓથી ઘેરાઈ જતાં મનમાં) અરે, એ દૂષ્ટ તો આ મોટાં ટોળાં વચ્ચે મને કેદી બનાવી ચાલી ગયો અરે ઈશ્વર, મારા દુઃખનો કયાં કીનારો ? આ વીપતી સમુદ્રથી હું શી રીતે ઉગરૂં. ? (રૂદન કરેછે)

અંક પાંચમો.

પ્રવેશ ૧ લો.

તારાચંદ તથા દેવસુંદરી.

(સ્થળ—રૂષીરાજનો આશ્રમ.)

તારાચંદ—માતા, હવે મને અંહિથી ઝટ વિદાય કરો. મને માબાપ બહુ સાંભરે છે.

દેવસુંદરી—અચ્છા, હવે તને ભુખ નિદ્રા વગરેની વિશ્રાંતિ મળી, હવે તને તારી સ્ત્રીનો સંમાગમ થશે ?

તારા.—અરે એ શા ભોગ વળી? એને માટે તો મારે આ વનવાસ વેઠવો પડયો! અરે! હજુ શું તે નસીએ ચોટી છે કે શું?

દેવસુંદરી—આર્ય, તું અધમતાથી બુદ્ધિભષ્ટ થયોછું. તારી સ્ત્રી એક રત્ન સરખી છે. તમારા કુળમાં દીપક છે. ખરેખરી તે સૌભાગ્ય સુંદરી અદ્ભુત ઇશ્વરની કારીગરીથી સ્થાપિત થયલી આપો આપ લક્ષ્મી છે.

તારા.—માતા રૂપીપત્નિ, તમે કહો તે સત્ય. પણ તેનાથી મને બહુ દુઃખ વેઠવું પડયું છે. મને તેનો મેળાપ થાય ને પછી તેના દ્વારા માતપિતા ઝટ મળે તો પરંમ સુખ—મારા અંતરની એજ આકાંક્ષા છે. અરે તમો વખાણો છો તેવી અદભુત સ્ત્રી તે કયાંછે? અરે હવે મને તે પણ બહુ

સાંભરે છે તે મારાથી:—

દેવસુંદરી—બેટા, સંકોચાય છે શારૂં ? હું તારા નહિ બોલવાનો ભાવાર્થ કાંઇક મર્મથી સમજી શકુંછું. બેશક વિવેક કે મર્યાદાથી રહિત વાત નજ બોલવી એ ઉત્તમ રાજનીતિ છે. તને તારી તે સ્ત્રીનો મેલાપ ઇશ્વરકૃપાએ થશે. પણ તેના પ્રત્યે જે તેં અયોગ્ય વર્તણુક ચલાવી તેનું કાંઇ ભાન છે?

તારા.—અરે એ તો મારી મૂર્ખતાનું, મૂર્ખ ને કુટિલ મિત્રોની મિત્રતાનું ને મારી તદન નાદાની ભરેલી અજ્ઞાનતા તથા હેવાનિયતનું અને બાળલગ્ન તથા કજોડાંનુંજ પરિણામ છે. તે વાત સાંભરતાં મારાં રોમાંચિત ઉભાં થાય છે. (ગાયછે.)

ગઝલ.

"ચંદ્રમુખીને એકલી, છોડીને હું આવ્યો અંહી"—એ રાગ.

માત પિતા સ્ત્રી મેલિને, વનમાં હું ભટકું સહી;
નિર્લજ મિત્રનું માનીને, સપડાયો નાશી જઇ.—માત પિતા.
દુ:ખી થાતી હશે પ્રિયા, રોઇ આંધળી થઈ;
રીબી રીબી મરશે તેનું, શું મને કંઈ નહીં.—માત પિતા.
જગનો ઠાઠ જોઈ થાક્યો, ઠામ ઠરવાનો નહીં;
આવ્યો અંહી પણ દુ:ખના ખોયું, સધિનો ઊંધાં લઇ—માત પિતા.
થયોછું લાચાર ને બેજાર, પાસ નથી પઈ;
ઘર પામું તો સ્વર્ગ લાધ્યું, હામ છે એ મનમંહી—માત પિતા.

પ્રવેશ ૨ જો.

ડુંગરખાન, કોતરખાન, વીજયવંતી તથા સત્યવંતી.

(સ્થળ—વિપતપુરમાં સત્યવંતીનો મહેલ.)

ડુંગરખાન—કેમ દોસ્ત, કોતરખાંન, કલકા સપાટા કેસા? મેરા શેફતો એસાઇ સમજનાં, ક્યા સાલેરે કુમ ડરતે હે?

કોતરખાંન—નહિ જી આપકી કયા બાત હે. તુમરે જેશી બાહાદુરી કોઇસે હુઇ ને નહી ઔર હોનેવાળી બી નહી. આપકી ઓલાદ કોન? આપકે બડે બાવે તો પેહેલવાન કે હાતેથી.

ડુંગરખાન—ક્યા બાત કહું મેં આપકુ. અમેરે બાવેને તો એસાં કામ કીયા હે કે એસા ઈશ હોયગા બીનહિ. દેખતો ભલો અપને સમુકે પેહેરમાં રાણી સાહેબ આતે હે. (દુરથી વિજયવંતી દેખાય છે.)

કોતરખાન—માશઅલ્લા, એસાઇ દીસતા હે.

વિજયવંતી—(પાસે આવીને) મિયાં સાહેબ. મહેલમેં તુમેરે બીબી સાહેબ હે કે?

ડુંગરખાન—હા સાહેબ, હે તો સહી. (વિજયવંતા મહેલમાં પ્રવેશ કરે છે)

સત્યવંતી—(વિચારમાં) બેન, મારાં પૂર્ણ ભાગ્યોદય થયાં કે મારે ત્યાં આપનું આજ ઘણેક દિવસે પધારવું થયું.

વિજયવંતી—બેહેન સત્યવંતી, જુઓને આજે મેં એક જુદી તરેહની વાત સાંભળી, તેથી મને ચટપટી લાગી. આપણા પ્રાણનાથ કોઈ સ્વરૂપવાન સ્ત્રીનું હરણ કરી લાવ્યા છે.

તેના ઉપર વિશેષ ચાહના તથા પ્રીતિ રાખે છે. આમ થવાથી આપણું માન ઘટવાનું, માટે પ્રથમથી તેની કાંઇ યુક્તિ રચવી જોઇયે.

સત્યવંતી—જ્યારથી એ વાત મારે કાને પડી, ત્યારથી જીવ ચકળ વકળ થયા કરે છે. એ સ્ત્રી સંબંધી હકિકતથી તોરીખાં વાકિફગાર છે. આપણે તેને બોલાવીને પુછીએ. (તોરીખાંને બોલાવવા કોતરખાં જાય છે)

વીજયવંતી—સખી, તમારી દીર્ઘદૃષ્ટિ વગર આવો સન્માર્ગ કોને સૂઝત? પરસ્ત્રીના વિલાસી જીવડાઓ પાયમાલીને પામ્યા છે. એ વિષે રાજા રાવણનો દાખલો તેમજ બીજા અનેક ઇતિહાસો સુપ્રસિદ્ધ છે. આપણો રાજા એવા વૈભવથી શું પોતાના રાજ્યસુખનો નાશ કરનાર ન થઇ પડત?

(તોરીખાં તથા કોતરખાં આવે છે)

તોરીખાન—ક્યું સાહેબ, સલામ—મેરી. ક્યા કસુર હોતી કે, મેરેકું બોલાનેકું ભેજા?

સત્યવંતી—બોલાવવાને કસુરજ હોવી જોઇએ એમ સમજવું નહિ. એ ઓરતને પકડી લાવવામાં આવી છે તેની યથાસ્થિત હકીકત કહીદે. તારે ખરૂં કહેતાં કાંઇ બીહવાનું નથી. એ વાત મહારાજા સુધી જવા પામશે નહિ.

વીજયવંતી—તારી એ કામની યાદગીરીમાં તને સારો સરપાવ આપીશું.

તોરીખાં—અરે સાબ, મેં તો અબ બુઢા હોને આયા રા

જા સાહેબ મેરેકું નોકરી કે દરમ્યાન એ ઓરૃત દેખકે એક દમ મંગવાઈ. જો ફેર કરકે મુસ્તકીમ હાલતમેં રડતી પડી હે. (સર્વ વૃત્તાંત સાંભળ્યા પછી)

સત્યવંતી—તું ઝેર લાવી તે સ્ત્રીને ઠાર કરીને પછી જંગલમાં ફેંકી દે. આ કામના બદલામાં તું જીવશે ત્યાં લગી ખુટે નહિ એટલી દોલતનો મેં આન વસરો હુંર.

તારીખાં—(હર્ષિત થઇને), અચ્છા સાબ તુમેરી બડી રહેમ નજર—

પ્રવેશ ૩ જો.

વીજળી, બાટલી બુચખાંન, કરેખાં તથા વીધ્નસીંહ.

(સ્થળ—એકાંત મહેલ.)

વીજળી— (ઉદાસી થઇને)

પદ.

"પિયાકે ચિત્ર બીન પ્રીતમ પ્યારે"—એ રાગ.

પ્રાણપતિ તમે વ્હેલા પધારો, ડુબું દુખ દરિયામાંરે,
આપ વગર એકે નહિ આરો, તારો લઇ હ્રદયામાંરે;— પ્રાણ.
જંગલ જંગલ ભટકી થાકીં, નાથ વિમુખ દુખ પામુંરે;
કરૂણા કરી શ્રી હરિ જો સામું, જેથી ઝટ વિશ્રામુંરે;— પ્રાણ.
માત પિતા ત્યમ સાસુ સસરો, સુશીલ સીતા સજનીરે;
દિન રજની દુખ ખમતાં ખમતાં, ફિકર કરે બહુ મજનીરે. પ્રાણ.

(ભોજન કરવા જાય છે.)

બાટલી બુચખાન—કયું યાર, કરેખાન જરા અફીમ અફીમ તો નીકાળો કયું નરમ હોકે બેઠે હો ?

કરેખાન—કયા ? બડી ખુશી બતકી બાત હે. પંદરા આદમીકા ખાના મેરે પગારસેં કર કસર કરકે મેં સબ નિભાતા હું, લેકીન અબ મેરી પાસ દમડીકા બી ઠેકાના નહિ હે. ઓર અફીણ વિના મારા પાઉં ટુટતા હે.

પીજરખાન—દેખો ભાઈ, તુમ કયા અફીમ અફીમ કરતે હો ? લેકીન સરૂ જૈસી લહેજત મીયાં કદીબી હોને વાળી નહી.

બાટલીબુજખાન—હા યાર. તુમેરી બાચ સચ હે. મેને બી એક દિન બોત શરાપી કે મેરી આશના કે પાસ ગયા હતા. લેકીન મેરી આશના તો મેરેપર એશી ખુશ હો ગઈ કે કયા મેં બાત કહું ? મેરેશેં એ બાત કુહે નહિ જાતી હયે લેકીન પેસે વિના ઓ બાત હો સકતી બી નહી.

પીજરખાન—મીયાં મેને તો કલકી લાકર છુપા રખી હે. ઓ આપકી મરજી હોવે તો નીકાલો કયા અપનેસો પૈસે કુછ બડી ચીજ હે ? નહિ યાર, એસા દિલમાં નહિ લાવના! અપને તો ખાયા પીયા સો સચ.

બાટલી બુચખાન—જદ તો અચ્છા થોડી સી બાટલીઆ નીકામો (તોરીખાનનો દેખાવ પડવાથી) દેખો તો ઓ કોન આતા હે ? જરા નિંધા રખીએ કયું કે અપના પેહેરા મુશકલ હે. (તોરીખાંને જોઇ)

પીજરખાન—આવજી તોરીખાંન, બીસમલ્લા ! લો પે-

ડી સી તુમ બી ચલાવ.

તોરીખાન—હોજી ચલાવ ક્યાં હરકતહે ? ખુશ બખ્તી-કા દિન એસાહી હોતા હે (સૌ સાથે મળી પીએ છે) ક્યું મિયાં બાટલી બુચખાન અપને નવી બીબી સાબકી કુચ પે-રવાઇ રખી હેકે નહી ?

બાટલી બુચખાન— હા યાર એતો બાત ખુબ સુરત હે. તુંમેરે પર બોત ચહેના રખતી હે,

તોરીખાન—હજી કયા બાત હૈ? મેરે જેસે ફકડ (મુંછ પર તાલ મારીને) આદમકું છોડ કે વુમકું કયા પસંદ કરેગી?

(વીજળીનો ધાંટો સાંભળી પાનના બીડામાં ઝેરી વસ્તુ ભરીને તોરીખાં તેણીને ખવડાવી દે છે. વીજળી તેથી એ ભાન થઈ પૃથવી ઉપર પડે છે. કે તરત તોરીખા તેને ઉચકી પાછલે બારેણેથી જંગલમાં નાખવા લઇ જાયછે.

બાટલી બુચખાન—કેયુ મિયાં કૈસી રંડીકી અક્કલ ? અપને જેસે પહેલવાનો કું છોડ કે એ બુઢ્ઢેપર આશક હો રહી હે. કયા અપને ઉસંસે કુચ કમ હે?

પીજરખાં—અજી કયા બાત હે? ઉસમે કયા દમ હે? દેખોતો ડાચે?

(નીશામાં આ લોકોના બકવાદનો લાભ લઈ તોરીખાં વીજળીને ઠેકાણે પાડી આવી પાછો બેસી જાય છે)

તોરીખાન—અરે એ ઉલ્લુ જેસે કયા બક બક કરતે હે? દેખોતો ઓલું મેરે બાવે (રાજા સાહેબ) આતે હેં? [વિધ્નસિં.

ક આવે છે).

(અંદર જોતાં વિજળી નહિ દેખાતાં)

વીરનસીંહ—(ગુસ્સાથી) અબે ઓ હરામખોર! લુચ્ચે અંહિયાંસે ઓ રંડી કીદર ગઈ?

તોરીખાં—(શાન્તપણે) રાજાધિરાજ, અપના ગુલામતો અભી આયા, લેકીન (આંગળીથી બતાવીને) ઓ સબ ઈદર પેરેકે બાસ્તે બેઠેથે

વીરનસીંહ—અબે ઓ ગધે તુમ કયું કરતે હો નિમક હરામી? તુમ એસી નોકરી બજાતે હો (એમ કહી બાટલીબુચ ખાનને બે ત્રણ લાતો અડાવે છે)

પીજરખાન—જવાબ હઝરત, અબ ગરીબ આદમકું મારતે હો કયા બાસ્તે?

બાટલીબુચખાન—(નિશામાં) મહારાજ, આપકે બારમે રહિયો નીકર ઉસમે તીસરી નીકળેગી અબ કયા જાને કે અંદર કયા હે?

તોરીખાન—એ સબ સિપાઈઓ નીશાકી ઘેનમાં હે, ઓ અરસાકા લાભ દેખકે રંડી ભગ ગઈ હોયગી. સાબથી બહોત લુચ્ચી તો. આપ બડે દિલકે આદમ હો હોને વાલીસો હો ગઈ, ઉસમે કયા દમ થા? અબઓ સીપાઈઓકું જનાબ દરગુજર કરો.

વીરનસીંહ—(ગમ ખાઈને) અરે ઓ નિમક હરામ આદમીકું તો શિક્ષા કરને ચહીએ લેકીન કયા કરૂં મીઆં તોરી

ખાન, તું એક બહોત પુરાતન નોકર સો તેરા બિશ્વાસપર, તેરી ભલામણુને આ સીપાઈઓકું મેં હદ પારકી શિક્ષા કર માતહું.

(જાય છે)

પ્રવેશ ૪ થો.

દેવસુંદરી, તારાચંદ તથા વીજળી.

(સ્થળ—જંગલ.)

દેવસુંદરી—(મુર્છાગત સરખી હાલતમાં વિજળી તરફ ધ્યાન ખેંચી) અબે લડકે, દેખ એ જંગલ મેં એ કોન રંડી પડી હે?

તારાચંદ—કોઈ મેરે જેસી દુઃખી સ્ત્રી હોયગી લેકીન આપ મેરેકું પાણીકે તૃપ્તા બોત લગી હે સો મેરેસેં ચલા નહીં જાતા.

દેવસુંદરી—મનુષ્ય માત્રનું દુઃખ કાપવું એ અમારો સનાતન ધર્મ છે. વાસ્તે એ નીરાધાર અબળાને જાતે જઇ જોવી જોઇએ. હવે વિધ્નપુર પાસે આવ્યું છે.

તારા૦—ગુરૂ મહારાજ, જેવી તમારી આજ્ઞા. સેવકને જ્યાં કહો ત્યાં આવવા તૈયાર છું. મને માતાજી, તમારો આશ્રય ન મળ્યો હોત તો શું હું જીવી શકત?

દેવ૦—હવે આ સ્ત્રીને જોઈને મારી કને ઉચકી લાવ.

તારા૦—દેવી, આપની આજ્ઞા બજાવવાને મને બહુ આનંદ ઉપજે છે. (પકડી લાવે છે)

દેવ૦—પુત્ર, જો એ તારી સ્ત્રી છે. તને એની કાંઈ પીછાન નથી. તું તદન અજ્ઞાન છું.

તારા૦—મને પણ કેટલાંક એવાં ચિન્હો દીસેછે, એણે હાથમાં પેહેરેલી મુદ્રિકા તો અવશ્ય મારીજ છે. પણ એ સ્ત્રી તો કાંઇ જીવતી હોય તેમ લાગતું નથી. ચૈતન્યતું તો તેમાં નામે નથી.

દેવ૦—એ આપણાથી બચાવી શકાશે. (જડીબુટી લગાડી દેછે કે વીજળી સચેત થાય છે)

વીજળી—(આશ્ચર્ય પામીને) અરે હું તો વિધ્નસીંહની ખાનુગી ચોકીમાં સપડાયલી અંહી કયાંથી? મારા શરીરના આ શા હાલ? કાંટામાં મારૂં શરીર લોહ લોવાણ થઇ ગયું છે. અરે મને અંહી કોણ નાખી ગયું! મને આતે કેવા પ્રકારની ઉંઘ આવી ગઈ? માતા, પીતા, સાસુ, સસરો, સ્વામી–અરે એ બધાંની મુલાકાત મને કયારે થશે?

દેવસુંદરી—બેહેની તું ખેદિત થઈ અકળા ના તારો સ્વામી અહીંજ છે.

વીજળી–(બહુબાકળી જેવી થઇને) અરે કૃપાળુ માતા, શું એ ખરી વાત કહો છો? મને તે બતાવો–મારા વિયોગ ભાગો—એને જોઇશ ત્યારેજ મારા ઉરની આગ ઓલાશે.

(તારાચંદ આવી ચડે છે)

તારાચંદ—અહો કોણ? આ મારી પાણિ ગ્રહણ કરેલી પ્રિયા!!! અરે સુંદરી મારાં માતા પિતાં કયાં છે? તું અ-

હી શી રીતે આવી શકી?

વીજળી–શિરછત્ર, તમારા વિયોગે અનેક સંકટો વેઠીવેઠી હાલ આ મહાત્માની કૃપાથી આપનો મેળાપ માની એ જનું નીએ મને પુનઃ જન્મ આપી, ઉદ્ધાર કરી બચાવી છે મારા ઉપર દુઃખમાં ઝાડજ ઉગવાં માત્ર બાકી રહયાં હતાં

પદ–ધનાશ્રી.

"અબ હોને લગો પરભાતપીયા અબહોને લગો!"—એ રાહ

પામી પીડ અપાર, પીઉજી પામી પીડ અપાર. (ટેક)
આપ ગયા પછી સુખે ન સૂતી લીધો નહીં આહાર—પીઉજી૦
આંખે શ્રાવણને ભાદરવો, નિશદિન વહેતી ધાર—પીઉજી૦
શીળ ભંગ કરવા બહુ તુટયાં, ઉગરી પ્રભુ આધાર—પીઉજી૦
માત તાત તન ગાળી રોએ, દિલને નહી કરાર—પીઉજી૦
આપ ઉરે જો હોય દયા તો, થાય ન આ અવતાર—પીઉજી૦
કઠણ હૃદયના કંથ થયા કયમ પરહરિ પ્રેમપ્રકાર—પીઉજી૦
હવે કૃપા કરી સાથ પધારો, મટે અયોગ્ય વિકાર—પીઉજી૦
શાંન્ત થશે સહુ સંબંધી સુજનો, વરતે જયે જયકાર પીઉજી૦
હરિ કૃપાને દેવી મદદથી, દીઠાં તમ દેદાર—પીઉજી૦
ઉગરવાનો નહોતો આરો, ભટકી મરત હું નાર—પીઉજી૦

તારાચંદ—(હાથ પકડીને)

ગરબો.

"મોહલે પધારો મહારાજ, માણીગર મોહલે પધારો" એ રાગ

શોક તજી થા શાન્ત, શાણી હવે શોક કરે શું?

હશે ઇશ્વરનો સિધ્ધાન્ત, શાણી હવે શોક કરે શું ?
સરજ્યું કરમે કષ્ટ તે, મટે ન કોટિ ઉપાય;
મથન કર્યું માથે પડે, કોઇ જન કરે ન સહાય—શાણી હવે
ગઈ ગુંજરી વિસારીને, ઇશ્વિરને આરાધ;
દુખનું ઓસડ દાડલા, તેતો પામ્યાં કરી અપરાધ–શાણી હવે
થઈ ખરાબી માહરી, ખોટી કરતાં પ્રીત;
શું વરણું વિસ્તારીને, બની વાત બધી વિપરીત,–શાણી હવે
કાચી કેળવણી અને, કુમતિ ભર્યા માબાપ;
બાળકનો ભવ બોળીને, ઉપજાવે કેવો સંતાપ–શાણી હવે
દીલગીર છું હું દિલ વિશે, જાણું તું ગુણવાન;
ધીરજ ધારી શાન્ત થા, ભજ ભાવે કાન ભગવાન–શાણી હવે

મારી શાણી પ્રિયા મારી બાળક બુદ્ધિને લીધે તને બહુ વેઠવું પડયું. હું મારી દૂષ્ટ છેલ મિત્રની સલાહથી ફસાઈ ગયો પણ જ્યારે હું એકલો પડયો. (આંખે ઝળઝળીયાં ભરાઇ આવે છે) ત્યારે મને બેહેદ દુખ થયું ! મને પણ આ દયાળુ દેવીએજ ઉગાર્યો. તે દૂષ્ટ મિત્ર મને સુતો મુકી મારા કાનનું કુંડળ કહાડી લઈ પલાયન કરી ગયો. પ્રિયા, તને મારા માટે બહુ વેદના થઈ. મારી મુખમુદ્રા ઉપરથીજ જણાઈ આવે છે કે સઘળાં સંકટોને તું ભોગ થઈ પડી. ને તે સઘળાંનો દોષ મને દેવા કરતાં બાળ લગ્ન કરનાર ઘાતકી અવિચારી અને હવે ઘેલાં મા બાપોને બીજો દોષ દુરગણી મિત્રોને ત્રીજો દોષ. અજ્ઞાન અવસ્થાને કે મારા શુદ્ધ બુદ્ધિ પણ આ મહાદેવી-

ના પ્રતાપે ફરી ગઈ તું મને પ્રથમની અવસ્થા મળી હતી, ત્યારે મે તારા પર કેવી વરતણુંક ચલાવી હતી? અરૂ હવે તેથી મને પરિતાપ ને શરમ ઉપજે છે. પારસમણિ તુલ્ય આ માહાદેવીના પ્રેમ પ્રસંગથી માંરૂં લોહવત અજ્ઞાનપણું કેટ લેક દરજે નિવૃત્ત થયું.

વીજળી–મને શીયળ સાચવતાં ને પાટકી નાણુસોથી બ-ચતાં જે જે વિપતીઓ પડી તે દરશાવતા મોટા ગ્રંથો લખાય તમે સંઘળો દોષ પોતાપર લ્યો છો ને તમારી સ્થીતિમાં જમીન આશમાન જેટલો સત્સંગના રંગથી સુધારો થઈ ગયો તેથી મા રો અવતાર સફળ થયો મને મા બાપોએ વિક્રય કરી આપ ને ત્યાં આપેલી, તે આપ જાણતાજ હશો જેમ બાળ લગ્ન ક રનાર તમારો મા બાપને પુત્ર વિયોગનું અસહ્ય સંકટ વેહવું પડયું, તેમ કન્યાવિક્રય કરી બાળકીનો ભવ બોળનાર. ધનને માટે દેખિતી આંખે અંધ દિસતાં માબાપોને પણ આપણી હાલની સ્થિતિથી અનહદ સંકટ સ્હેવું પડયું છે. આપણો પ-રસ્પર ભાવ પ્રથમ જો કે લદન જુદો હતો, પણ ઇશ્વર કૃ-પાએ ન ધારેલી રીતે ફરવાયો એ આપણાં પુર્વ પુન્ય કે આ મહાદેવીનો પરમ પ્રતાપજ સમજવો.

દેવસુંદરી—આર્યે બાળક બાળિકા તમારો વસ્તુતઃ શુ-દ્ધ ભાવ ને નિર્મળ વૃતિ હતી જેનું તમને ફળ મળયું છે. વી જળી તુ સૌભાગ્યવતી રહે ને તમો દંપતિ પરમાનંદ પુર્વક સં સાર સુખ ભોગવો તથા ધર્માચરણનાં ઉત્તમ કામો કરો સુ-

એથી હવે તમો આ મુસાફરોની સહાયતા લઇ તમારે વતન સીધાવો.

તારાચંદ તથા વીજળી–(પ્રણામ કરીને) ઋષી પત્ની હવે અમે આપણી આજ્ઞા મૂજબ અહીંથી જઇએ છીએ. આપના ગુણનાં તો અમોથી ઓશીંગણ થવાય તેમ નથી. અમને વીધાદાન, જ્ઞાનદાન, અન્નદાન જીવીતદાન તથા અભયદાન તમેજ આપ્યું છે.

ભુજંગી છંદ.

કૃપાનાથ કીધું તમે કામ ભારી,
ઉગારી મહા વિપત્તી સર્વ વારી;
બચ્યાં આજ ને પ્રિય મેળાપ પામ્યાં;
પ્રભુતા તમારી થકી તો વિરામ્યાં—૧
થશે શી ગતિ રે અમારો નઠારી,
નહિં કલ્પિ જાએ કંઇ તે વિચારી;
મહારાજ શ્રી આપ પાદારવિંદે,
મુકી શીમને વંદિએ આહ છંદે.—૨
સદા દાસની એમ સંભાળ લેશો,
દઇ સન્મતિ કાપશો સર્વ કલેશો;
નથી રે નથી રે નથી કોઈ એવું,
કૃપાળુ મહાદેવીશ્રી આપ જેવું ૩

દેવસૂંદરી—શુભંભવતુંઃ આર્ય, તમારૂં કલ્યાણ હો.

(તારાચંદ તથા વીજળી જાય છે)

પ્રવેશ ૫ મો.

વીજળી, તારાચંદ, છેલ, વટેમાર્ગુ તથા લોકો.

(સ્થળ—જંગલનો માર્ગ.)

વીજળી—પ્રાણનાથ આ સ્વચ્છ અને શીતળ જગોએ થોડીવાર આરામ લઈ નિર્મળપાણી પીએ તો, કેવું સારૂં? આપ પણ શ્રમિત તો થયા હશો.

તારાચંદ—પ્રિયા, ચાલ તારી મરજી છે તો થોડીવાર વિરામ લેઈ પંથે પડિયે.

(બન્ને જણ પાણી પી જરા ઉંઘી જાય છે, તેટલા-માં બદલેલ વેષે છેલ ચહડી આવે છે)

છેલ૦—(ફાંફાં મારતો મિત્રને ઓળખીને) અરે આતો ભાવતું હતું ને વૈદે બતાવ્યું, જેને માટે હું જંગલમાં ભટકું છું તેજ વીજળી. તારાચંદ પણ ઠીક તેના ભેગો થઈ ગયો! હવે વાર લગાડવાનું કામ નથી. કેમકે એ જાગી ઉઠશે તો ફરીથી આવો લાગ નહિ ફાવે અરે મારી મજબુત છાતી, તું ધબક ના! હિમત રાખ હવે, તું ઠંડી પડીશ. (ખડખડાવી ઘા કરે છે તેથી તારાચંદ તથા વીજળી બુમ પાડી ઉઠે છે. વળી પડે મુર્છાખાઈ ધરણીપર ઢળી પડે છે.)

વીજળી—અરે હાય હાય! ઓ મારા સૌભાગ્ય રક્ષક સ્વામીનાથ (?) (છાતી માથું કુટે છે) મને આ દારૂણ

વનમાં એકલી મુકી તમે ક્યાં ગયારે !! અરેરે ! કાળા કર્મનાં કરનાર દુષ્ટ માણુસ, તારૂં સત્યાનાશ વળજો અમારા જેવા ગરીબના દામ્પત્ય સુખમાં વિક્ષેપ પાડનાર તું સાતે અવતાર વિયોગ દુઃખથી દુઃખી થજે. ઈશ્વરનો સર્વ કોપ તારા ઉપર આવી પડજો. ને અમારૂં અંતર બાળનાર તું વનુવનની કાઠી થઇ બળી મરજે. (રડેછે)

(વીજળીને છાની રાખવા છેલ તેની છાતીપર હાથ નાખવા જાય છે તે તરછોડી નાખી વીજળી રૂદન કરે છે.)

"જનની જુવોરે ગોપીચંદની"—અથવા

"કુંવરી કુંવર મારાં લાડકાં"—ઈત્યાદિ રાહ.

પ્રાણપતિ અરે ક્યાં ગયા, મુકી એકલી વનજી;
પરિતાપ ભાર સમાય ના, બળે મહારૂં મનજી—પ્રાણ૦ ૧
સુખનો વખત નવ સાંપડયો, દીઠું દુઃખ દુઃખ દુઃખજી;
માત પિતા સાસુ આદિનું, ફરી દીઠું ન સુખજી.—પ્રા૦ ૨
ઝુરી ઝુરી અતિ દુઃખમાં, કરશે એહ કાળજી;
જીવી હવે હું શું કરૂં, ગયા નાથ કૃપાળજી.—પ્રાણ૦ ૩
સૌભાગ્ય છત્ર ઉડી ગયું, થઈ દુર્દશા આમજી,
વૈધવ્ય ધારીને જીવવું; કેમ જીતાય કામજી.—પ્રાણ૦ ૪
આશ ટળી સહુ વાતની, થઈ છેક નિરાશજી;
ઈશ્વર મુજને ઉપાડિ લે, કામ કાઢીલે શ્વાસજી.—પ્રા૦ ૫

છેલ૦—અરે મારી પ્રાણપ્રિય તું મારે તાબે થા. તું

મિથ્યા લવારો મૂકી દે. તારાં સર્વ દુઃખ દર્દનું ઔષધ હું છું

વીજળી—અરે પાપિષ્ટ, તારૂ ભાષણ બંધ કર તારાં વાક્યબાણ મારાથી ખવાતાં નથી. મિત્રનું સત્યાનાશ વાળનાર, તેને ખરાબ રસ્તે મુકનાર, કુસંગમાં ફસાવનાર અને સર્વ અધમ અનાચારો પ્રવર્ત્તાવનાર તારા જેવા અતિ નિંચ મિત્રો જગતને મહાભારરૂપ છે! અરે ઇશ્વર! તું મારી વ્હારે ધા. મને માત્ર તારૂંજ શરણ છે.

(વંટેમાગુ પ્રવેશ કરે છે)

વટેમાગુ—અરે અધમ! એકલી અબળાંને આમ દુઃખ શું દે છે? તારી પાપિષ્ઠ ધારણા આ પવિત્ર સાધ્વી સ્ત્રી આગળ બળીને ભસ્મ થઇ જશે. તું તારા દુરાગ્રહ છોડી દે. હું એ બાઇની સંગાથે છું; જોઇ લે બચ્ચા પછી તારી દશા? ઓ પ્રવાસી બાઇ, તમે ધીરજ ધરો હું તારો આવી વેળા વાળે વાંકો થવા નહિ દેઉં.

વીજળી—અરે એ દુષ્ટે, આ મારા પ્રિય પ્રાણનાથનો પ્રાણ કહાડી નાખ્યો ને પોતાની નિચ ધારણા પાર પાડવા હવે મને દુઃખ દેવા ધાર્યું છે. તમે મારા ધર્મના બંધુ છો. ખરે આ વેળા ઈશ્વરેજ જાણે તમોને મોકલ્યા. ભાઇ, હું તમારી આભારી છું.

વટેમાગુ—(ક્રોધાયમાન થઈને) અરે એવા ઘાતકી જનની દયા શી? આવા નઠારા માણસને મારવામાં શું પાપ છે?

"હવે તેને હણીએ તેમાં દોષ પાપ નહિ જરીયે"–(એમ કહી ઠાર કરેછે) અરે હું તો અમસ્તી એની પ્રણીપત કરતો હતો. હું ધારતો હતો કે બીચારો હિંદુ છે ને ટુંકામાં સમજી શકશે. પણ તેની હુશિયારી તો બહુ જણાઇ. કેમ બાઇ તમે હવે નિર્ભય થયાં.?

વીજળી—મારા ઉદ્ધાર માટે તમે અવર્ણનીય પ્રયાસ કર્યો: પરંતુ આ બે મનુષ્યોની લાશો મારાથી જોઈ શકાતી નથી. મારી છાતી કંપે છે ને અનહદ દુઃખ થાય છે. (રડેછે)

(બે ચાર લોકો આવે છે)

વટેમાર્ગુ—અરે બાઇ, તમે અકળાઓ ના. બધું જગત કર્તાનું કર્યું થાય છે, માટે તેમાં આપણે શોક કરવાથી શું સિદ્ધી છે? દેખાવ ઉપરથીજ તમે કોઈ સમજુ ને ડહાપણવાળાં લાગો છો. મને તમારો મુદલ પરીચય નથી, તથાપિ તમારી દક્ષતા અને તમારાં ગુણ એજ તમારી નિપુણતા વિષે ખાત્રી આપે છે.

બીજાલોકો—બાઈ, દુઃખની વેળાએ ધીરજ એ સઘળાંથી શ્રેષ્ઠ ઉપાય છે. તમે ધીરજ ધરશો તો ઈશ્વર મદદ કરશે. તમેં ધર્મ સાચવવા આટલું બધું દુઃખ વેઠયું, તો ધર્માત્મા ભગવાન, શું તમોને દાદ નહિ લે? લેશેજ લેશે.

(સૌ દિલાસો દેછે)

૫૬.

(ઈસ તન ધનકી કોને બડાઈ)

એ રાહ.

લોકો—શોક તજી સમરો શ્રી હરિને,
ધીરજ ધન મનમાંહિ ધરીને—શોક તજી૦
ધીરજથી રજા ગરજ ન 'રે'શે,
સરજનહાર પોતે સુખ દેશે—શોક તજી૦
વીજળી-માત ને તાતથી પડિ હું વિખુટી,
પતિ વિરહે પડી છેવટ-ત્રુટી-લોકો શોક તજી૦
સ્વામી સમાગમ થાય શી રીતે,
એનો ઉપાય કહો કોઈ પ્રીતે.
લોકો--(સંગાથે) શોક તજી સમરો શ્રી હરિને—ધીરજ ધન૦
વીજળી—અનહદ શ્રમ મુજ અફળ ગયો રે,
પ્રાણ પતિ એ અદર્શ થયો રે;
લોકો--(સંગાથે) શોક તજી સમરો શ્રી હરિને—ધીરજ ધન૦
વીજળી—હરિવણ કોની શરણ હવે જાઉં,
દેહ તજી દુ:ખથી મુક્ત થાઉં.
લોકો—(સંગાથે) શોક તજી સમરો શ્રી હરિને—ધીરજ ધન૦
વીજળી—લોકના લોક તમે હિતકારી,
નિ:સ્વાર્થ આવી પ્રભુતા પ્રસારી;
લોકો—(સંગાથે) શોક તજી સમરો શ્રી હરિને—ધીરજ ધન.

એમાં અધિક નથી અમે કીધું,
દિલાસો દેતાં કહોજી શું લીધું—ધોરજ ધન૦

(ખબર અંતર પુછી શાન્ત પાડી લોકો વિદાય થાય છે ને વીજળી તથા પહેલો વટેમાર્ગુ તારાચંદના પ્રેતને અગ્નિ સંસ્કાર કરી ઘર તરફ જાય છે).

અંક ૬ ઠો.

પ્રવેશ ૧ લો.

વાયુવંતી, મેઘજીભાઇ તથા વીજળી.

(સ્થળ—મેઘજીભાઇનું ઘર.)

વાયુવંતી—પ્રાણનાથ, આજ મને પાછલીરાતરે સ્વપ્નુ લાધ્યું. મળશકાના સ્વપ્નાં ઘણી ખરી વાર ખરાં પડે છે. એમાં મને એમ જણાયું કે, પતિની શોધ માટે પ્રવાસી બનેલી વીજળીપર દુખના ડુંગર ઢળી પડયા છે. તે બાપડી તેની નીચે કચવડાય છે ને કશો રસ્તો સુઝતો નથી. હું તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ. આજથી હું રોકડીઆ હનુમાનની માનતા રાખું છું.

મેઘજીભાઈ—તારી કલ્પના સાવ ખોટી નથી; પણ સ્વપ્નાં સાચાં હોતાં નથી. સ્વપ્નાં એ આળ પંપાળ છે. રાત દિવસ જે વસ્તુનું વધું રટણ થયા કરે ને જેપર આધિક વ-

ળણુ, તેનું સ્મરણુ થતાં સ્વપ્નાં આવે છે, બાધા કે માનતા એતો વહેમ છે. શું એવાં અનુષ્ઠાનનાં દેવ દેવી અપોક્ષિત છે? ને તે લાલચ દેશું એટલે શું આપણાં દુઃખ કાપી નાંખશે? ઇશ્વરનો નિઃસ્તવ દયાળુ છે. આપણા અકૃત્યો સામું જોવે તો આપણે ક્ષણુ પણુ નિભી શકીયે નહિ ઇશ્વરની બલિહારીછે. અરે, પણુ એ બાપડીની તો કાંઇ સમુળગી ખબરજ નથી.

(વીજળી પહેલા વટેમારગુ સાથે આવી ચડે છે)

વીજળી—(આંખે અશ્રુપાત કરતી) અરે માતા પિતા, હુ તમોને તમારી ક્ષેમકુશળતા વિશે પુછતાં પહેલાંજ મારો પરિતાપ—ભાર ખાલી કરવાની રજા લઉં છું. મારા ઉપર દુઃખના ડુંગરા તુટી પડયા!! મારો પ્રાણુપતિ! અરે, તેતો પરલોક પામ્યો!! એમનુ ઘાતકી, દુષ્ટ, ચંડાળ અને પાપિ છેલે અકાળ મરણુ નીપજાવ્યું !!! ને મને બદફેલીને રસ્તે ઉતારવા ઘણી કોસેશ કરી, પણુ આ મારા ધર્મના બંધુની અને બીજા સહાયકોનીજ મદદથી ઉગરી!! અરે ઉગરી, તો પણુ શા અર્થની? (વચે માબાપ બોલી ઉઠે છે અને વીજળી ધરણીપર ઢળી પડી બેશુદ્ધ બની જાય છે.)

મેઘજી તથા વાયુવંતી—અરે મારી પરમ સુશિળ પુત્રી, તારાપર દૈવનો આ શો કોપ?! અરે અમારા દુઃખના દિવસ આ કેમ જશે? અરે આ અંતરની આગ કેમ ઓલવાશે? અરે, જગતમાં દેખાડવાનો વારો અમારો રહ્યો

નહિ! અરે તારાં કર્મ કેવાં કઠિણ હશે? (જોરસથી માથું કુટે છે ને રડે છે) અરે આવું જોવા સાંભળવાની વેળા આપવા કરતાં ઈશ્વરે ઉપાડી કેમ ન લીધાં? અરે દીકરી સૌભાગ્ય રહિત થતાં હું મરી કેમ ન ગઈ? (મહા આક્રંદ અને સંતાપ મુચાવી મુકે છે; જયાં ગામ લોકો આવી કોઈ કોઇનાં દૃષ્ટાંતો આપી ઠંડાં પાડે છે)

મેઘજીભાઈ—અફ્સોસમાં ગીરફ્તાર છે તેટલામાં વાયુવંતી આક્રંદ કરતી ગાય છે.

ગરબી.

"મારારે સ્વામી બોલો ને વ્હાલા" એ રાહ.

અરરે દૈવ આતે તેં શું કીધું,
ગરીબ પર દુઃખ ફેંકી દીધું—અરેરે દૈવ આતે તેં શું કીધું
અરેરે! મારા દિવસો કયમ જાશે,
જોઈ દુહિતા બળતી ત્રાસે,—અરેરે દૈવ આતે તેં શું કીધું?
પૈરણીને શાણી સુખ ન કંઇ પામી,
મણિસમ કાન્તિ નહિ ખામી,—અરેરે દૈવ આતે તેં શું કીધું?
અરેરે થયાં ગુણ રૂપ સર્વે વૃથા,
કહુંરે કોની પાસ આ કર્મ કથા,—અરેરે દૈવ આતે તેં શું કીધું
તારારે તારાં માત પિતા પતિ,
રડેરે વળી આંખ ભરી ભગિનિ,—અરેરે દૈવ આતે તેં શું કીધું
ઉદય થતાં અસ્ત શું સઘ થયો;

જીવિત મારૂં ઝેર કરી કયાં ગયો.—અરેરે દૈવ આતે તેં શું કીધું?
પ્રથમ કેમ અમને ન લીધાં લઇ,
જીવિત નહિ જોવત તોજ કંઈ,—અરેરે દૈવ આતે તેં શું કીધું?
નથી રે કંઇ સુઝ મને પડતી,
બળું રે દુહિતા દેખી રડતી.—અરેરે દૈવ આતે તેં શું કીધું?
ધાર્યું રે શું ને શું તે નિપજાવ્યું
હશેરે અમે બીજ બુરૂં વાવ્યું,—અરેરે દૈવ આતે તેં શું કીધું?
ગરીબ બેલી તું અનાથનો નાથ,
છતાં કેમ મુકી દીધો હાથ,—અરેરે દૈવ આતે તેં શું કીધું?
ગરીબપર દુઃખ ફેંકી દીધું,—
અરેરે દૈવ૦ (બન્ને જણે ચિંતાતુર થઇ શોક કરે છે)

પ્રવેશ ૨ જો.

વિજળી, સીતાગવરી, માણેકભાઇ, પ્રમદા.

(સ્થળ—વીજળીનો એકાંત ઓરડો.)

વીજળી—(મનમાં) અરે જગતપતિ સર્વેશ્વર! હવે મારા દુઃખી દિવસ હું શી રીતે ગુજારીશ? સંસાર સુખનો લેશ પણ મને અનુભવ થયો નહી; વારૂ, તે કજોડાથી મને નામનું સૌભાગ્ય હતું તે પણ તેં ખુંચી લીધું? મારી સમાન વયની સાહેલીઓ જ્યારે પુર એશઆરામ માણે છે ત્યારે મારી આં દશા થઇ!! અરે, પણ હવે ગત વસ્તુને સંભારી શો સોક કરવો? ઇશ્વરને ગમ્યું તે ખરૂં!!!

(સીતાગવરી વગેરે સ્ત્રી મંડળ આવેછે).

સીતાગવરી—તારા વિતક વૃતાંતથી અમોને પણ બહુ કલ્પાંત થાયછે. દુઃખનું ઓસડ દહાડા, તેમ તારે હવે ધીરજથી, ઈશ્વર ભક્તિમાં ચિત્ત ચોડી ચાલવાનું છે. આ સંસાર નાશાત્મક અને દુઃખરૂપ છે. એમાંનો એકે પદાર્થ અચળ, અવિકારી, કે અનિત્ય નથી. તારી દુર્દશા અમોથી જોવાઈ પણ શકાતી નથી. મારી પ્રાણ પ્રિય સખી, તું હવે પ્રાપ્ત થયલી વિપત્તીને ધીરજથી સમાવ. તું સુજ્ઞને અધિક શીખામણ હું શું દઉં?

વીજળી—અરે! મારાં સંકટનો કાંઇ પાર નથી. હું મનુષ્ય રૂપે અવતરીને શું સુખ પામી? મારાથી તમો સબંધી જનોને પણ છેવટે આમ દુઃખજ થયું તો? મારાથી ધીરજ રહેતી નથી.

સીતાગવરી—તારા પરિતાપથી અમારૂં ચિત્ત સ્થિર રહેતું નથી. કદી તારી જગોપર કોઇ અણઘડ કે અજ્ઞાન સ્ત્રી હોતતો તેની શી ગતિ થાત, તે કલ્પવું પણ મુશ્કેલ છે. મૂર્ખ માબાપો, કન્યાવિક્રયથી ધન સંપાદન કરતાં સારી સારી આશાઓ બાંધેછે, પણ તે તુચ્છ આશા ક્ષણવાર પારપડતાં ધન ધનને માર્ગે ચાલ્યું જાયછે. ને સંતતિ—ધન પીયમાલીને પામેછે. એવા અઘોર કર્મથી ઝેર જેવું ધન ખારનાં ખાતરની પેઠે સઘળી ખેતી રૂપ વંશવૃદ્ધિને તથા સંસારિક પદાર્થોને, વૈભવોને મહા નુકશાન કરી મૂળમાંથી કાઢી નાંખેછે. હરખ ઘેલાં

તાલેવર લોકો બાળકોને પરણાવવાને ઘણી ઉતાવળ કરેછે ને પૈસા માટે લાકડે માંકડું વળગાડી દેછે જેનો નમુનો કે ચીત્ર તે આ વીજળી અને તારાચંદનું પાણિગ્રહણ છે. જો આ બેઉ પક્ષોનાં વડીલો વિવેકી, સદાચારી ને દીર્ઘદર્શી હોતતો આવું દુઃખજનક પરિણામ ભાગ્યેજ બનત! વધારે અફસોસની વાત એછે કે, કુલિન ઘરપર મોહી પડીને વર કન્યાનાં હિત તરફ, કોઇપણ પક્ષ તરફથી પુરતી દેખરેખ રહેતી નથી. આવી ખરાબ બદીયા અનાચારનો પ્રચાર ક્યારે નરમ પડશે, તે કહી શકાતું નથી. જો ત્યાં લગી સ્વદેશ સુધારકોના આળશે બાપડાં કેટલાં સ્ત્રી પુરૂષો દુઃખદાયક પરિણામને ભોગ થશે, તે બાત ચિંતા ઉપજાવે છે.

માણેકબાઇ-તારા વિચાર સુધારાને પુષ્ટિ દાયકછે. ખરો સુધારો તે સંસાર સુધારોજ છે. ડોળઘાલુ વેશકેશના સુધારાથી કે મદ્યપાનથી કાંઈ જન કલ્યાણ થતું નથી, માટે દેશદરોહી ને અનાચારી લોકોનો કાંટો નિરમૂળ કરવા ખરા સુધારાની પહેલ થવી જોઈયે. હું મારા નેત્રમણી પુરૂષોતમને કદી બાળવયમાં વરાવીશ પરણાવીશ નહિ, અને એવી ખોટી મોટાઇ નથી જોઈતી. આપણેજ જ્યારે સુધારો કુટયા કરીએ ને કાંઈ કરી બતાવીએ નહિ ત્યાં લગી શું થાય?

પ્રમદા—એક દીપકે સઘળા દીપક પ્રગટે આરંભ કરનારની શરૂઆતમાં હાંસી થાય, પણ તેથી ડરે તો કાંઇજ ન બને; નિડર થઈ કરે જાય તો નિંદા કરનારજ સ્તુતિ કરે ને

અંતે આશિર્વાદ આંપે.

વીજળી—(શુદ્ધિમાં આવતાં) બેહનો, તમારા વિચાર, વિરૂદ્ધ માગણીવાળાં લોકોને તો વીખ સરખા વસમાજ લાગે, પણ તેમાં ઔષધ પેઠે ઘણા ગુણ રહેલાછે. મારા દુઃખનો દાખલો તે જાણે અયોગ્ય આચરણ કરનારને શિક્ષારૂપ નમુનોજ છે. મારી વિતક વીતી મહા દુઃખદછે ઈશ્વર એવાં દુઃખો કોઈપણ જાતિની દુહિતાને ન આપો, અરે સ્વપ્નમાં પણ નિર્દોષ બાળાઓને તેનો સ્પર્શ ના થાઓ, એવી મારી પ્રાર્થના છે. નિર્દોષ બાળકીઓપર જે પડે તે તેણીઓને સહન કર્યા સિવાય બીજો કાંઇ ઈલાજ હોતો નથી અરે! મારી વૈધવ્યાવસ્થા કેવી જશે? દુઃખ સાંભરતાં મારૂં હૃદય ફાટી જાય છે. અરે!! પૂર્વ જન્મે મેં એવાં શાં અઘોર કર્મો કર્યાં હશે કે હું આવી હાલતે પહોંચી.

(મહા સંતાપ કરતી રડે છે.)

સાતાગૌરી—સુશિલ વીજળી, અરે વિપતિની પ્રતિમા, તારો કલેશ તુંજ સમાવી દે. અમોને તારાં વૃતાંતથી બહુ ખેદ થાય છે, પણ નિરૂપાય વાતમાં રોવું કળકળવું એ કાંઈ સાધન નથી. પુનર્લગ્નના પ્રચાર કાંઈ કાંઇ જન્મ પામી આપણી કોમમાંથી નાબુદ થયો છે, એ બહુ દુખદાયક વાત છે. રીવાજે જન્મ લીધેલાં પૈકી ભાગ્યે પાંચ પંદર થયાં ને તે બાપડાં નાત જાતથી જુદાં પડી હાડમાર થાય છે. દેશ સુધારકો પુનર્લગ્નની પહેલ કરતાં ઉતાવળ કરે છે. પણ તેમાં મા-

નવા જોગ લાભ નથી. માટે પ્રથમ બાળલગ્ન અટકાવવો કે જેથી પુનર્લગ્નની જરૂરિયાત ન રહે. તે છતાં જો એ રૂઢી શરૂ થાય, તો તારા જેવી નિર્દોષ દુખિયારીને પોતાનો ભવ નિભાવવાને બની આવે બેની, તું અકળાના, શાંત થા! સબુરીનાં ફળ મીઠાં છે. (ગાયછે.)

ગરબી—માડ.

"મોહલે પધારો મહારાજ, માણીગર મોહલે પધારો" એ રાગ.

અકલાય શું રે પ્રિય પ્રાણ, અધીર થઇ શું અકળાએ;
ઇશ કરશે કુશળ કલ્યાણ, હૃદય તું શું ગભરાયે. (ટેક)
બની અતિશય બ્હાવરી, માં કર કંઈ કલ્પાંત;
સમય વિચારી સુત તું, સુવિચાર રચી થા શાન્ત. અધીરથઈ.૧
ધીરજ સાધન ધારતાં, રજ પણ થાય ન કળેશ;
બુદ્ધિવંત ધીમત તું, આમ વિકળ દીશે શું વિશેષ. અધીરથઈ.૨
ધાર્યું ઈશ્વરનું બને, અવર સહુ રે દૂર;
મનુષ્ય માથે ઓઢીને, બને મોટાઇમાં મગરૂર. અધીર થઈ. ૩
ઉદવેગે અતિ શોષતાં, લેતાં તન મન ત્રાસ;
પાતક લાગે પ્રાણને, તેનો કેમ ન કરિયે કયાસ. અધીર થઇ.૪
રાખી ચિત્ત સમાનતા, સંતોષે સાનંદ;
ભક્તિજ્ઞાન વૈરાગ્યનો, લગાડીને ઉરે રૂડો છંદ. અધીર થઇ.૫
તું પણ જો નારી નહિ, તો નહિ તારૂં કોઈ;
શી વૈરાગ્ય અગાધતા, મારૂં મારૂં કરી જન રોય. અધીરથઈ.૬
નાશવંત વસ્તુ બધી, અવિચળ ઈશ્વર અંશ;

સલિલ સુકાએ સર થકી, નાસતા દીસે સૌ જેમ હંસ. અધીર૦ ૭
સ્નેહ શૂન્ય કે મૂર્ખ હું, ગમે તેમ તું ધાર;
માને જો તું મનથકી, કાન શાંતિ મળે સુખકાર. અધીર થઈ. ૮

(સઘળાં શાંત થઇ બેઠાંછે).

વીજળી—મારી સુશીલ સખી, તારા વિચારો મને બહુ રૂચીકર છે. ઉચ્ચારવત્ એ વિચારો સકળ મંડળને વર્તન કરવા જોગ છે. હું તારી અમૂલ્ય શિક્ષા પ્રેમપૂર્વક શિરચક્ષ્મ કરૂં છું. મૈત્રિણી, સુજ્ઞસીતા !! તારા જેવું મને સુખદ સાધન એક પણ નહોત તો મને આવી વેળા સંસાર સાગરથી ઉગરવાનો આરો નહોતો.

સીતા—મારા કહેવાથી તને શાન્તિ વળી જો મને ન ધારેલો અલભ્ય લાભ મળ્યો છે. તું રાત્રીની કલ્પાંત કરતી ઊંઘી નથી, માટે જરા કરાર લે. અમો જઈ છીએ.

(સૌ જાયછે.)

પ્રવેશ ૩ જો.

ચંદુલાલ તથા ધ્રુવંતી.

(સ્થળ—ચંદુલાલનું ઘર.)

ચંદુલાલ—અરે પ્રિયા ! હજુ તારાચંદનો તો કયાંય પત્તો લાગતો નથી. અધુરામાં પુરૂં વહુ તેની શોધ કરવા ગઈ તેનો પણ કંઈ સરસંદેશો નથી. અરે એ બાપડાંઓનું શું થયું હશે ? અરે આપણી તે શી દશા થવાની ?

(સીપાઈ કાગળ લાવેછે, જે વાંચતાં છાતી કુટી રડવા લાગેછે)

ધૃવંતી–અરે સ્વામીનાથ, એવી તે શી ખબર દેશાવરની છે.? શું કાંઈ તારાચંદના માઠા સમાચાર છે?

ચંદુલાલ–અરે! આપણું કર્મ ફુટી ગયું; એમાં જે સમાચાર છે તે આપણી દુ:ખી અવસ્થા ખુલ્લી પાડનારા છે. આપણી સઘળી ધારણા ધૂળ મળી. અરે મારો પ્યારો એકનો એક તારો–અસ્ત થયો.

ધૃવંતી—(કલ્પાંત કરતાં રડતી કૂટતી) હાય હાય, પરણ્યાં પછી ફરીથી મોં જોયું નહીં. અરે મારૂં વહુપણ રખડયું! અરે, દૈવ અમો ગરીબપર આવી શી વેળા?! હે જગત્ પિતા, અમારો શો અપરાધ?' વહુ બાપડી કોણ જાણે ક્યાં રખડતી રઝળતી હશે? અરે એનું શું થશે?

(ચંદુલાલ તથા બીજા લોકો ભારે રો કળકળ કરી મૂકે છે. જ્યાં એકાએક શામલાલ નામે દેશાસુધારક શાંતિ આપેછે)

પ્રવેશ ૪ થો.

મોતીલાલ અને માણેકલાલ.

(સ્થળ–માણેકલાલની બજાર મધ્યેની બેઠક.)

મોતીલાલ—અરે પ્રિય ભાઇ! કેમ ઉદાસ છો? માણેકલાલ, તમને લાલને સફેદ ઉદાસી શાની?

માણેકલાલ–એક ગુપ્ત વાત છે, તે મીત્ર કને કહેવામાં હું ખોટું સમજતો નથી. નવલ નામે ચંચળ ચતુરાંએ મારૂં ચિત્તહરણ કરતાં બિલકુલ હું વિવ્હળ બની ગયોછું. મારી તે ઉદાસી શાથી દૂર થાય?

મોતીલાલ–સ્ત્રી જાતિ સ્વાભાવિક મોહિની રૂપ છે. તેની અસર પુરૂષ જાતિને થાયજ. પણ તેવી દુષ્ટ દૃષ્ટીથી પણ ઘણા દોષો અને રોગો થાય છે, તેની તને ખબર નહી હોય? વીર્ય વીનાશથી તારૂં મુખકમળ ફીકાશ મારી ગયું છે. તું શૃં- ગારની લાગણીથી તારા મનને છેટું રાખ; મારી શિખામણ તને તો કડવી ઝેર જેવી લાગશે.

માણેકલાલ–ભાઇ શ્રી, કહેવું સહેલું પણ કરવું દોહેલું છે. મને તો તે નવલ નાર પર ભરપુર પ્યાર લાગ્યો છે. મારો જીવ તેમાંજ ચોંટયો છે. કોણ જોઈ આવ્યું છે કે શેમાં પાપ છે ને શેમાં પુન્ય છે. એતો બધાં લોકોને છેક છકી જતાં અ- ટકાવવાનાં ફાંફાં !! પ્યાર વીના જીવતર નકામુંજ છે. કવી કાળીદાસ, માઘ વગેરે શું શૃંગારના શત્રુઓ હતા. ને તું મને આજ ડાહયો ડોરો થઇ કડવી શીખામણ કહેવા બેઠો, પણ ભાઈ હું તો હજારો યત્ને મારી મનોભીલાષા તૃપ્ત કરીશ.

મોતીલાલ—તેને કહેવું તે ધુળપર લીંપણ સરખું છે હું જે જાણતો હતો ને માસ્તરે બતાવ્યું હતું તે જણાવ્યું. માનવું ન માનવું તારી મરજી ઉપર છે. પણ યાદ રાખજે કે હાલની તારી ચાલ અંતે બહુ સાલશે અને આ ઠેકાણું ને આ ટાણું તું યાદ કરીશ. રામ રામ હું જાઉં છું—(ચાલ્યો જાય છે)

માણેકલાલ—(મનમાં) ખરેખાત એતો નામર્દ જેવો છે. સુંદર સ્ત્રીઓનાં કામકટાક્ષ નયનોને હાવ ભાવની મઝાતો સ્વર્ગ સમાન સુખકર છે. ભલે લોકો અને પુરાણી બાવાઓ

તેને નર્કનું દ્વાર કહે, પણ મને તો સર્વોત્કૃષ્ટ સુખ લાગે છે. વિલાશ સુખ એજ સુખ છે. તે વિનાનું સૂખ–અરે એ ક્ષણ ભર સુખ–કરતાં અક્ષય સુખો પણ મારે મનતો કાંઈ વિસાતમાં નથી. કંઈ ગણત્રીમાં નથી કુછ બલમે નહિ. [ગાય છે]

લાવણી.

સંસાર વિષે સુખકાર, પ્રેમદા પ્યાર અનુપમ વાની,
લીધો શુભ જેણે લાવ, પ્રેમ પીછાની—સંસાર૦
તે ખરોજ માણુસ જાણ, અવર સહુ હાણ તણાં સાધન છે.
સુખવૈભવ સર્વે ધૂળ, શૂળ બંધન છે.—સંસાર૦

જે જુવતી સંગે રમે, રમત પ્રેમની અતિશય છાની
મસ માણે મોજ, હરોજ, ખરો એ જ્ઞાની—સંસાર૦
ખાવું પીવું એ માટ, ફરવું દિનરાત દુ:ખડો ખાળી.
સુંદરી પીનસ્તનિનાર રમાડી રૂપાળી—સંસાર૦

(મંદીરની પોળે જાય છે)

પ્રવેશ ૫ મો.

સુળવંતી અને વીજળી પાછળથી માણેકલાલ.

(સ્થળ મંદીરની પોળ.)

સુળવંતી—કામની પ્રિયા રતિ જેવી કાન્તિ વાળી વીજળી! તાદસ્ય તું વીજની મીસાલે ચમકીને જે પ્રકાશ પાડેછે તે અવર્ણનિયછે. તારૂ મનોહર રૂપ જોતાં મને બહુ આશ્ચર્ય થાયછે. તું સરખી વિધવાઓ પણ વિલાસથીજ સંતોષ માને છે. તું તેવા સુખને ક્યારે પાત્ર થઈશ તેની મને બહુ આકાંક્ષા છે.

વીજળી—મારી સમક્ષ એવી દુષ્ટ વાત ઉચ્ચારશોમાં નખથી શિખા સુધી મારૂં દિલ બળી જાયછે હું. તમને આ

વાં માણસ ધારતી નહોતી. ફરીથી તેવી પાપી પ્રપંચી વાત, ન કરશો.

માણેકલાલ—મૂળવંતી, તમે કહેતાં હતાં તે આ નવલ, કીસોર મુગ્ધા—પરમ આલ્હાદક છે. તેનું મુખજ કહી આપેછે કે, તે ચુંટાયા વિનાની કોમળ કલિકાછે હું તમને ઉત્તમોત્તમ રીતે સર્વ વૈભવ બક્ષીશ કરીશ. મારી સર્વ સમૃદ્ધિ તેનાજ અર્થે છે.

વીજળી—અરે ભાઇ! એવી વાત મુજ કલંક રહિત અબળા આગળ ઉચ્ચારતાં તમારે શરમાવું જોઇયે. હું એક યોગિનીની સ્થીતિમાં છું. પતિ વીરહે હું મારો કાળ કાઢીશ, ને જે થશે તે વેઠીશ; પણ એકે પગલું અનાચારે નહિ ચાલું. (દુરનું દેવળ ને વાંમા તાંમા સાંભળી માણેકલાલ લાલચોળ થઇ જઇ છાતીપર હાથ નાખેછે) અરે, દુષ્ટ તારી મુરાદ કદી હાંસલ થવાની નથી, તું નકી જાણ કે હું વિષયાસકત નથી, મને પ્રભુ પરમ કૃપાળુ સહાયક છે ને તેજ પ્રિય છે. આવે ધર્મ સ્થળે તારે ઇશ્વરથી ડરવું જોઇએ. અરે ઇશ્વર તું મુજ રંક અબળાની વ્હારે ધા!!!

માણેકલાલ—(મનમાં) ઠીક ફસાણી છે, લાગ સારો છે દુરનું મંદીર ને તેમાં પણ કોઇ માણસ તુણસ જેવું નથી તો અનુકુળતા જોઇ મૂળવંતી સારી તક સાધી હવે રાંડ બક બકતી કયાં જવાની છે? (પ્રત્યક્ષ) પ્રિય વલ્લભા! વીજળી તું હવે વધું બોલ નહિ. તારી ઇચ્છા પુર્ણ કરવી, અને સુખનો સ્વાદ ચખાડવો એજ મારો અભિષ્ટ હેતુ છે. તું સત્વર સમજી જા. આ એકાંત સ્થળમાં હું તને ઠાર કરી નાખીશ!! માન, માનુનિ વૃથા માન કરતાં જાન જશે.

મુળવંતી—સખી, તમે ચંદ્રકાન્તિ સરખા આ સાક્ષાત કામ દેવથી તમારો મનોર્થ સિદ્ધ કરો. આવી વેળાએ

તમારે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યાં મોં ધોવા જવું ન જોઇએ ચોખ્ખી તો આ પૃથ્વી માતા છે. શિવજી સરખા અને ઋષી મુનિ સરખાંનાં ચરિત્રો વાંચી જોતાં તમે જાણુતા હશો કે, કામ એ અજીત છે. કામ એજ બધાં સુખનું ઠામ છે. કામ વિના તમને વિરામ મળે છે. એ મને તો મોટી નવાઇ લાગે છે. તમે ઘણી ખેંચ તાણ ન કરો ઘણું તાણે તુટી જશે.

વીજળી—અરે દગાખોર, દુષ્ટ મૈત્રિણી! હું ભોળવાઈ ને ધર્મધ્યાન નિમિત્રે તારી જોરે આ સ્થળે આવી; જેનો તેં ઘણો ગેરઉપયોગ કરવા ધાર્યો! તારા મનસા, વાચા, ને કર્મણાં હળહળતાં પાપિષ્ટ છે. પરમ કૃપાળુ પ્રભુ તને કોપશે ને તારા આ યારને તથા તુને મારી રંક અબળાનું શીયળ ભંગ કરવાની ધારણાં નિષ્ફળ કરશે; એટલુંજ નહિ પણ તેની તમોને સખ્તમાં સખ્ત સજા થશે, હું તારી ખોટી સમજાવટથી કદી ચલનાર નથી ને અધમકૃત્યથી આજ લગી જાળવેલું અનુભવ શિયળકૃત ભંગ થવા દેનાર નથી. એ અર્થે કદી મારો પ્રાણ જાય તો પણ કુરબાન છે.

માણેકલાલ—(એકદમ વળગવા જાયછે) હવે, તું તારી શીયળવૃત્તિ સિદ્ધી કર.

(વીજળી તેના પાપી પંજામાંથી છટકી જાયછે, જ્યાં પાછળ દોડી માણેકલાલ પકડી પાડેછે.)

વીજળી—અરે દેવ!, છેવટ મારી આ શી ગતિ? અરે હું હવે જગતમાં જીવીને શું સાર્થક્ય કરનારીછું. છેવટ મારૂં વૃત ભંગ થયું તો બાકી શું રહ્યું? અરે હવે મારે દેહ ત્યાગ કરવો!! આજે બહુ વાર લાગી, અરે છેક સાંઝ પડવા આવી તેથી માબાપ પણ બળાપો કરતાં હશે ને કઇક કુતર્કો

બાંધતાં હશે ? કૃપાળુ ઈશ્વર મારી વારે ધા !

એક વૃદ્ધ અમલદાર સ્વાર થઈ આવી ચડેછે.

અમલદાર-અરે લુચ્ચા ! હરામખોર ! ! સુક એ અબળાને ? તું શું એનો પતિછું ? (એકદમ કેદ કરી માણેકલાલ તથા મુળવંતીને લઈ જાયછે અને વીજળીને સમજાવી શાંતિ આપી વિદાય કરેછે.)

વીજળી-(જતાં જતાં) મારા ધર્મ રક્ષક પિતા, આજે મારો પ્રાણ જવામાં કાંઇજ વાર નહોતી. આપની સહાયતા વડે હું વિધવાનો ઉદ્ધાર થયો. કૃપાળુ, આપે મને પ્રાણદાન દીધું. આ દુષ્ટો મારી પુઠે લાગી, અને ત્રાહે ત્રાહે પોકરાવી. અરે તમને અત્યારે અહીં સાક્ષાત ઈશ્વરેજ મોકલ્યા. (જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

વીજળી, મેઘજીભાઈ, વાયુવંતી, તથા પડોશીઓ.

(સ્થળ—માર્ગ)

વીજળી—(એકલી મનમાં) અરે દૈવ, તેં મને આજ કાળના મુખમાંથી બચાવી મારા ધર્મનું રક્ષણ કર્યું પણ હવે મારી આ દેહ શા ખપની છે? માતા પીતા મને જોઈ રાત દિવસ બળાપો કરે છે ને હું એક રંગી, સદાચારી છતાં મારા માટે ઉતરતું મન બાંધે છે? અરે જીવ! તું નિર્દોષ છું તો શા સારૂં ડરે છે? ચાલ ઝડપ કર ભાગોળ નજીક આવી.,

(વીજળી દરવાજે પહોંચે છે ત્યાં પોતાના નામે ગામમાં ચાલેલી અઘટિત વાતો સાંભળી વિસ્મય થાય છે.)

મેઘજીભાઈ—(ગુસ્સામાં વીજળી જોઈને) અરે દુષ્ટા, અઘોર કર્મ કરનારી, રંડા તું અત્યાર સૂધી ક્યાં ગઈ હતી? (મારેછે)

વાયુવંતી—અરે રાંડે આપણને પાયમાલ કર્યાં ને છેવટ કપાળે ગળીનો ડાઘ લગાડયો! (છાતી કુટે છે)

વીજળી-(અસાધ્યપણે) અરે, મારાં દુઃખની વાત તો સાંભળો મેં મારો બચાવ શો રીતે કર્યો ને હું શું શું દુઃખ પામી મને—જે દુષ્ટ મૈત્રિણીનો નવો સમાગમ થયો, તેના પરિચયથી મારા વિષે તમો સંકલ્પ વીકલ્પ કરતાં હશો, પણ હું-મારી રહેણી કેરણીમાં આબાદ છું. મેં તલ માત્રપણ શીયળભંગ કર્યો નથી. તમો મને જરા જંપવા દો મારૂં શરીર કંપેછે મારી છાતીને માથું લોહી લોવાણ લોટ પોટ થઈ ગયાં છે; ખાતા પીતા તમારી ચીંતાને માટે આભારી છું, પણ મને જરા કળ વળવા દો (મુર્છાગત થઈ અસાધ્ય બની જાય છે).

માબાપ—અરે દીકરી! આશો ગજબ? અમે કાચાકાન રાખ્યા તેથી તારા વીષે ઘણી નીચ શંકા આણી તને નીરપરાધીને મારકૂટ કરી અરે વહાલી દીકરી દુખીયારી દુહીતા-કાંઈ બોલ?

(વીજળીને પંપાળે છે, પણ કાંઈ રામ નથી)

પડોશીઓ—તમે પ્રથમ લાંબો વીચાર ન કરતાં જે હાથમાં આવ્યું તે છુટું ફેંકી, બાપડીનો જીવ લીધો. તમે કન્યા વીક્રય કરી, કજોડાં કર્યાં ને. છેવટ આ રીતે તેના દુખીયારા આત્માની ઘાત કરો-હશે; તમારાં કર્મની વાત—

(મેઘજીભાઈ તથા વાયુવંતી રડે છે ને પસ્તાય છે.)

પ્રવેશ ૭ મો.

પ્રમુખ, ભાષણ ક-તા, નગરવાસીઓ વગેરે.

(સ્થળ—સ્વદેશ સુધારક સભા)

પ્રમુખ પ્રાણલાલ—આજે સભા મેળવવાનો હેતુ, આપણા ગામમાં થયલું અઘોર કર્મ છે એવાં ઘાતકી કામો થતાં અટકે, સુધારો વૃદ્ધિ પામે ને બાળલગ્ન, કન્યા વિક્રય, કજોડાં, વગેરે રીવાજો નમુત કરવા, એ બાબત ચર્ચવાની છે. આશા છે કે, સુજ્ઞ શામલાલ તેપર યથાસ્થિત વિવેચન આપશે.

શ્યામલાલ—આજનો વિષય મસહુરછે. તોપણ મને ફરમાશ થઈછે," ત્યારે મારે તેપર યથાશકિત જણાવવું જોઈયે કે,—

સુજ્ઞ ગૃહસ્થો !

હાલ હાલ આપણામાં ઘણાં દુખકારક સંકટો જાગૃત થયાં છે. એ ઉત્પન્ન થવાનું કારણ આપણે પંડેજ છીએ. લગ્ન કરવાની ખોટી મોટાઇ માનવામાં ને હરખ ઘેલાં થવામાં જે માબાપો સુખ લેખે છે, તેનું પરિણામ વગોણું થાય છે એટલુંજ નહિ, પણ પંડે પાયમાલી પામે છે ને તેને પગલે ચાલનાર" દરેક માણસ ઘણી , માઠી સ્થિતિમાં ઝુરી ઝુરી મરે છે. દાખલા તરીકે જુઓ કે વીજળીના પિતાએ કુળવાન સાથે જ્ઞાનવાનને વયસ્થ વર જોયો હોત તો બાપડી આટલી વિપત્તી પામત નહિ હરખ ઘેલા થઈ તેણીનાં સાસુ સસરાએ 'ભાઈને પરણાવવાનો' જે ખોટો લ્હાવો સુખકર ગણ્યો તે તેને પરિણામે દુઃખ દરિયો નિવડયો વળી તારાચંદને કુપાત્ર, ઠગારા તથા નિચ લોકોની મૈત્રીથી વનવાસ વેઠવો પડયો એટલુંજ નહી પણ

રખડી રખડી અંતે તે દુઃષ્ટ મિત્રને હાથેજ મરણ પામ્યો ! એક હાથે તમો સાંભળીને દલગીર થશો તેમજ બીજે હાથે સંતોષ પામશો કે, સાધવી વીજળી અનેક આપદાઓ પડવા છતાં ચળી નહિ; શીયળ ભંગ થવા દીધું નહિ; ને બાળક તથા અજ્ઞાન સ્વામીમાં પણ શુદ્ધ મનોવૃતીને, પ્રેમ ભાવ રાખી તેની પાછળ ફરીને આનંદ પામી સૂશીલ સીતાગવરી સરખી તેણીની મૈત્રીણીએ જે જે હીત વચનો કહયાં તે હાલના અબળા મંડળે પોતાના ભુવનમાં હદય કોરી રાખવા જોગ છે. ધન્ય છે એવી પ્રેમાળ અને જ્ઞાનવાન સખીને અજ્ઞાની મા બાપો, "પોતાના પ્રાણ તુલ્ય સંતાનોને દૂર્ભાગ્ય કજોડાંના અંધારા કૂવામાં ફેંકી કેવાં ફજેત થાય છે અને તેમ છતાં પણ અંતે નીર્દોષ બાળક પર અઘટીત આશંક લઈ સહાસ કર્મથી કેવી રીતે બેશુદ્ધ થવાતુલ્ય માર મારી કે તેનો કરૂણાજનક હેવાલ તે આજનો વૃતાંત છે. આજનો કાળો દીવસ—આજનો અળખામણો પ્રસંગ કદી કોઇના દીલમાંથી ખસશે નહી. ભાઈઓ! આ ઉપરથી તમો ધડો લઈ જ્ઞાતી સુધારણા માટે ઘટતા ઇલાજ લો. બાળલગનને નીર્મુળ કરો અને કન્યા વીક્રય જે મહા દોષ, આપદા અને દરીદ્રતાનું મૂળ છે. તે ઉખેડી કહાડવા યત્નવાન થાઓ તથા ઇશ્વર પ્રતાપે તેવં દુખથી ઉગરો એજ મારી પ્રેમ પુર્વક પ્રાર્થના છે" ઈ. ઈ.

(હર્ષની તાળીઓ વરસે સભાળીઓ વીદાય થાય છે)

સંપુર્ણ.

અગાઉથી ગ્રાહક થનાર ગ્રહસ્થોના નામ

ખંભાત.

૧૦૧ રા. વાડીલાલ નેમચંદ
૧૦ શા. પોપટભાઇ ચુનીલાલ
૫ શા. લલુભાઇ મુનીલાલ
૫ ધી. જૈન પ્રાર્થનાસમાજ
૫ રા. દલપતભાઈ હકમચંદ રેવન્યુ કોર્ટના કારકુન
૫ શા. પ્રેમચંદ લાલચંદ
૩ શેઠ. અબદુલાભાઇ મહમદ અલી
૨ જાની હરીલાલપ્રાણજીવંન
૨ શા. ચુનીલાલ લાલચંદ
૨ શા. છોટાલાલ લાલભાઇ
૧ શા. છોટાલાલ કીલાભાઇ
૧ શા. ગફુરભાઇ મોહોલાલ
૧ માસ્તર મોસનલાલ બહેચરલાલ
૧ શા. અંબાલાલ લાલચંદ
૧ રા. રા. નસરવાનજીહરામજી
૧ પટેલ હીરાલાલ કાળીદાસ
૧ શા. મોહનલાલ છગનલાલ
૧ શા. અમરતલાલમગનલાલ
૧ શા. ગાડાભાઇ બાપુલાલ
૧ શા. વજેચંદ રાયચંદ
૧ રા. રા. વામનરાવ વીનાયકરાવસરકારીદાક્તરસાહેબ
૧ શા. હરીલાલ જેઠાલાલ
૧ શા. છોટાલાલ દોલાભાઇ
૧ શા. કીલાભાઇ ગુલાબચંદ
૧ શા. ચંપકલાલમાધવલાલ
૧ શા. ચુનીલાલ વીરચંદ
૧ રા. અમ્રતલાલ હીરાલાલ
૧ રા. રતનલાલ વખતચંદ માસ્તર
૧ રા. બાલાભાઈ ભગુભાઇ
૧ શા. વખતચંદ મગનલાલ
૧ તરવાડી ધીરજારામ છગનલાલ
૧ શરકારી જોસી.ઠાકોરલાલ રાંમનારાયણ
૧ જોસી ભદ્રેશંકરભાઇશંકર
૧ જોસીમુળશંકર સુરજરામ
૧ રા. ઠાકોરલાલ જગજીવંન
૧ શા. અમરતલાલચતુરલાલ
૧ શા. છોટાલાલ હરગોવંન
૧ પટેલ જીભાઇ કીસોર
૧ પટેલચુનીલાલનરોતમદાશ
૧ પટેલ કુબેરલાલ ભાઇલાલ
૧ શા. મોહનલાલમગનલાલ
૧ શા. ગુલાબચંદ લલુભાઇ
૧ શા. મથુરભાઇ ખુશાલચંદ

૧ શા. છોટાલાલ પાનાચંદ
૧ શા. ચુનીલાલ નગીનદાસ
૧ શા. છગનલાલ કપુરચંદ
૧ શા નગીનદાસ કરમચંદ
૧ શા. ગાડાભાઇ કીલાભઇ
૧ હકીમચુનીલાલગોપાળદાશ
૧ મકવાણા બાપુભાઇ હરજી
૧ સોની જેઠાલાલ અંબાલાલ
૧ રા.રા. મણીશંકર જેઍશં
કર વરસડા તાબે મચકુરના
માસ્તર

વડોદરા

૨ રા. રા, મણીભાઇ જશભા
દીવાન બાહાદુર
૨ શેઠ હેધરઅલી અબદુલહુશેન
૩ રા. ફત્તેનરાવ નારાયણરાવ.
૨ રા. રા. છગનલાલ ભાઇશંકર

અમદાવાદ.

૨૫ રા. ભોળાભાઇ ચુનીલાલ
૨૫ શા. પોપટચંદ મુળચંદ
૫ શેઠ ભગુભાઇ દોલતચંદ
૫ શેઠ ગોકુળદાસ પરસોતમ
દાસ

નડીયાદ.

૧૦ પરી. ભગુભાઇ શામળદાસ
૧૦ પરી. મોહનલાલ ગોરધ-
નદાસ
૧ પરી. ગોરધનદાસ મગનલાલ
૧ પરી. રતનલાલ દામોદરદાસ

મેહેમદાવાદ.

૨ પરી ગોકળદાસ ખીમચંદ
૧ પરી- ફુલચંદ અંબાલાલ

ખંભાળીયા

૧ દા.વીરજી જીણા એલ.એમ.
એસ.

સુરત.

૨૫ રા.રા. પોપટચંદ કશળચંદ

ધરમપુર

૩ સીમત મહારાણાશ્રી મો
હન દેવજી આરોગ્ય–નારણ
દેવજી-પાટવી કુવર,
૨ સીમત માહારાણાશ્રી ની
જે દેવજી આરોગ્ય–મોહન દે
વજી પાટવી કુવર

મુંબઇ

૧ સેઠ. આનંદભાઇ મુલ્લા
કીકાભાઇ.
૨૧ રા. પોપટભાઇ નગીનદાસ
૧ શા. સુરચંદ માણેકચંદ
૧૧ શા છોટાલાલ કીલાભાઇ
૧ શા. ખુશાલદાસ કશલચંદ
૨ સેઠ શમસુદીન આમદઅલી
૨ સેઠ. મગનલાલ રાવચંદ

કલકત્તા

૧ શેઠ. ઇબ્રાહીમ મહમદ
બંગાળી

એદન

૧ શેઠ. જકરીયુદીનલાલમીયા